gujaratvandan.com



બ્રાઉન સાટીન સિલ્ક ડ્રેસમાં નેહા મલિકે આપ્યા કિલર પોઝ
પેજ 11

નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય
સાપ્તાહિક
# ગુજરાત વંદન
ગુરૂવાર 24 નવેમ્બર 2022
માગસર સુદ 01, વિક્રમ સંવત 2079 | કિંમત : રૂ. 5 | વાર્ષિક : રૂ. 260 | વર્ષ : 06 | અંક : 29 | RNI No. GUJGUJ/2016/68288 | કુલ પાનાં : 12

**સુવિચાર**
સમય ને સમજવો સમજદારી છે,
પરંતુ સમય પર સમજી જવું એ જવાબદારી છે..!!



## UPA અને NDA સહિત તમામ સરકારોએ ચૂંટણી પંચનો મનગમતો ઉપયોગ કર્યો

# 'તમામ સરકારોએ ચૂંટણી પંચની સ્વતંત્રતાને 'સંપૂર્ણપણે નષ્ટ' કરી નાંખી, જજોની વ્યથા

### સુપ્રીમકોર્ટની કડકમાં કડક ટિપ્પણી...

■ દેશને આજે ટીએન શેષાન જેવા બહાદુર ચૂંટણી પંચની જરૂર છે, કર્યા ભરપૂર વખાણ

ગુજરાત | વંદન

દેશના ચૂંટણી પંચની નિષ્પક્ષતા સામે એક તરફ કોંગ્રેસ સહિતના વિરોધ પક્ષો દ્વારા ભેદભાવ અને પક્ષપાતના આરોપો - આક્ષેપો વારંવાર લગાવવામાં આવે છે, તેવા વાતાવરણની વચ્ચે સુપ્રીમ કોર્ટે પણ ચૂંટણીપંચની સામે એવી ટિપ્પણી અને અવલોકનો કર્યા છે, કે જેનો મુખ્ય સાર ભાગ એ છે કે, ભારતને આજે તત્કાલિન મુખ્ય ચૂંટણી કમિશનર ટીએન શેષાન જેવા તટસ્થ મજબૂત અને કોઈની શેહ-શરમમાં ન આવે ચૂંટણી પંચની જરૂર હોવાના બાબત પર ભાર




મુકવામાં આવ્યો છે. સુપ્રીમ કોર્ટના પાંચ જજોની બનેલી બંધારણીય બેંચ દ્વારા કરાયેલા અવલોકનો દેશના રાજકારણમાં દુરોગામી અસરો પેદા કરે તેમ મનાય છે.

સુપ્રીમ કોર્ટમાં થયેલી એક રીટ અરજીની સુનાવણી દરમિયાન આજે સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચની સ્વતંત્રતા અંગે ચિંતા વ્યક્ત કરી હતી. સુપ્રીમની પાંચ જજોની બનેલી બેન્ચે કહ્યું કે એક પછી એક સરકારોએ ભારતના ચૂંટણી પંચની સ્વતંત્રતાને "સંપૂર્ણપણે નષ્ટ" કરી દીધી છે...! કોર્ટે એ પણ નોંધ્યું છે કે 1996થી લઈને અત્યાર સુધીના કોઈપણ મુખ્ય ચૂંટણી કમિશનરને ચૂંટણી સંસ્થાના વડા તરીકે સંપૂર્ણ છ વર્ષનો કાર્યકાળ મળ્યો નથી. પાંચ ન્યાયાધીશોની બેન્ચે અવલોકન કર્યું કે તમામ રાજકીય પક્ષોએ સીઈસી અને ચૂંટણી કમિશનર (ઈસી)ની પસંદગી કેવી રીતે કરવી તે અંગે બંધારણના મૌનનો લાભ લીધો છે. જો નિયુક્ત લોકો પાસે સિસ્ટમની સાથે સમાધાનની અપેક્ષા રાખવામાં આવે છે, તો તે સંબંધિત સમયે ચિંતા પેદા કરે છે.

જસ્ટિસ કેએમ જોસેફની આગેવાની

...અનુસંધાન પેજ નં. 6 પર

### કહેવાતી સ્વતંત્રતા સંપૂર્ણપણે નાશ પામી છે

બંધારણીય બેન્ચે વધુમાં કહ્યું, "આ રીતે, કહેવાતી સ્વતંત્રતા, જે ફક્ત લિપ સર્વિસ છે, સંપૂર્ણપણે નાશ પામી છે. ખાસ કરીને ખલેલ પહોંચાડનારા વલણને ધ્યાનમાં રાખીને, કોઈ પણ તેઓને પ્રશ્ન કરી શકે નહીં કારણ કે ત્યાં કોઈ તપાસ થતી નથી." આ રીતે મૌન બંધારણનો દુરુપયોગ થઈ શકે છે. કોઈ કાયદો નથી, કોઈ તપાસ નથી. દરેક વ્યક્તિએ તેનો પોતાના હિતમાં ઉપયોગ કર્યો છે. અમે માત્ર આ કહી રહ્યાં નથી પરંતુ એવું લાગે છે."

### આ ટ્રિલિયન ડોલરનો પ્રશ્ન છેઃ સુપ્રીમ કોર્ટ

સુપ્રીમ કોર્ટે કલમ 324(2)નો પણ ઉલ્લેખ કર્યો અને કહ્યુ કે, આ ચૂંટણી કમિશ્નરની નિમણૂક વિશે વાત તો કરે છે પરંતુ નિમણૂકની પ્રક્રિયા માટે તેનો ઉપયોગ કરવામાં આવતો નથી. સુપ્રીમ કોર્ટે કહ્યુ કે આ અંગે કાયદો બનવો જોઈતો હતો પરંતુ આવુ થયુ નથી. આ જ કારણ છે કે કેન્દ્ર સરકારે આ પ્રક્રિયાનો ગેરલાભ ઉઠાવ્યો છે. સુપ્રીમ કોર્ટે કહ્યુ કે, 'દરેક સરકાર ભલે તે કોઈપણ પક્ષની હોય, સત્તામાં રહેવા માંગે છે. એવામાં તમે ચૂંટણી પંચ માટે આદર્શ અને શ્રેષ્ઠ વ્યક્તિ કેવી રીતે શોધો છો. આ ટ્રિલિયન ડોલરનો પ્રશ્ન છે. પરંતુ શું સુપ્રીમ કોર્ટે મૂક પ્રેક્ષક બનીને રહેવુ જોઈએ? આ માટે નિષ્પક્ષ, પારદર્શક હોવુ જોઈએ. અમે વિવિધ અહેવાલો અને ભલામણોની તપાસ કરી શકીએ છીએ. પરંતુ પસંદગી પ્રક્રિયા માટેની કોઈપણ તંત્ર ન્યાયી અને પારદર્શક હોવુ જોઈએ.



### આ અરજી પર થઈ સુપ્રીમ કોર્ટમાં સુનાવણી

જસ્ટિસ કેએમ જોસેફ, અજય રસ્તોગી, અનિરુદ્ધ બોઝ, હૃષિકેશ રોય અને સીટી રવિકુમારની પાંચ જજોની બંધારણીય બેન્ચે આ સંબંધિત અરજીઓની સુનાવણી કરી હતી. આ અરજીમાં ચૂંટણી પંચની પોલ પેનલને રાજકીય અથવા વહીવટી હસ્તક્ષેપથી બચાવવા માટે નિર્દેશની માંગ કરવામાં આવી હતી. અરજીમાં કહેવામાં આવ્યુ છે કે મુખ્ય ચૂંટણી કમિશ્નર(CEC) અને ચૂંટણી કમિશ્નરો(EC)ની નિમણૂક માટે કોઈ ચકાસણી પ્રક્રિયા નથી. સરકાર પોતાની પસંદગીના વ્યક્તિઓની નિમણૂક કરી રહી છે.

### બજાર અપડેટ



| સેન્સેક્સ | નિફ્ટી |
|---|---|
| 61,510.58 | 18,267.25 |

**ટોપ ગેનર્સ**

| | |
|---|---|
| એપોલો હોસ્પિટલ | 4,605.20 |
| JSW સ્ટીલ | 720.55 |
| HDFC LIFE | 547.65 |

**ટોપ લુઝર્સ**

| | |
|---|---|
| અદાણી એન્ટર | 3,903.30 |
| પાવર ગ્રીડ | 215.15 |
| અદાણી પોર્ટ | 873.60 |

| સોનું | ચાંદી |
|---|---|
| 53,820 | 61,000 |

# કોંગ્રેસના મોડેલે ગુજરાતને તો તબાહ કર્યું, દેશ આખાને બરબાદ કર્યું: મોદી

■ મેહસાણામાં જાહેરસભામાં જનમેદની ઉમટી પડી

ગુજરાત | વંદન

પીએમ મોદી બે દિવસના ગુજરાત પ્રવાસે છે, ત્યારે આજે પીએમ મોદીએ મહેસાણામાં જાહેર સભા સંબોધી હતી. પીએમ મોદીએ કહ્યુ કે, દેશનું પહેલું સૂર્યગ્રામ એનું ગૌરવ મહેસાણા જિલ્લાને મળ્યું અને મોઢેરા સૂર્યગ્રામનું લોકાર્પણ થતાની સાથે જ આખી દુનિયામાં મોઢેરા ચમકી ગયું. જોડે-જોડે મહેસાણા જિલ્લો પણ ચમકી ગયો છે. દાહોદમાં પણ જનસભા સંબોધીને કોંગ્રેસ ઉપર પ્રહાર કરતા કહ્યું હતું કે, આદીવાસી સમાજને ક્યારેક કોંગ્રેસ યાદ કરતુ નથી.

### પીએમ મોદીના કોંગ્રેસ પર પ્રહાર



પીએમ મોદીએ કહ્યું કે, ભારતીય જનતા પાર્ટી એવી પાર્ટી છે, જેના માટે વ્યક્તિ કરતા પક્ષ મહાન અને પક્ષ કરતા દેશ મહાન, આ અમારા સંસ્કાર છે અને આ સંસ્કાર લઈને અમે કામ કરીએ છીએ. કોંગ્રેસનું મોડલ હતું, તમે વીજળી માંગો અને તમને ગોળીઓથી વીંધી નાખતા હતા, કોંગ્રેસના રાજની અંદર લોકો વીજળીના કનેક્શન માંગે એમાં પણ ભ્રષ્ટાચાર અને કનેક્શન મળે કે ના મળે એની ગેરંટી નહીં. આપણે ગુજરાતની અંદર 20 લાખ જેટલા નવા વીજળીના થાંભલા નાખ્યા. વીજળીના ક્ષેત્રે આજે હરણફાળ ભરી છે, અને ગુજરાતને એટલી ઊર્જા આપી છે, ગુજરાતને એટલું તેજસ્વી બનાવ્યું છે.કોંગ્રેસનું મોડેલ એટલે અરબો-ખરબોનો ભ્રષ્ટાચાર. કોંગ્રેસનું મોડેલની એક જ ઓળખાણ ભાઈ-ભત્રીજાવાદ. કોંગ્રેસનું મોડેલ એટલે વંશવાદ. કોંગ્રેસની ઓળખ એટલે વોટબેંક પોલિટિક્સ. આ જ કોંગ્રેસની ઓળખ. કોંગ્રેસના આ મોડેલે ગુજરાતને તો તબાહ કર્યું, દેશ આખાને બરબાદ કરી દીધું છે.

### 'આ નરેન્દ્ર, ભૂપેન્દ્રની સરકારે પશુઓની પણ એટલી જ ચિંતા કરી છે'

તેમણે કહ્યું કે, આ નરેન્દ્ર, ભૂપેન્દ્રની સરકારે પશુઓની પણ એટલી જ ચિંતા કરી છે. 14000 કરોડ રુપિયાનું બજેટ ખર્ચીને પશુઓને મફત ટીકાકરણનું અભિયાન દેશભરમાં ચાલી રહ્યું છે. આજે ગુજરાતની અંદર 12 લાખ બહેનો પશુપાલન સાથે જોડાયેલી છે અને એ બહેનોના સશક્તિકરણ માટે આપડે નક્કી કર્યું હતું કે, ડેરીમાંથી જે બિલ ચૂકવાશે એ પૈસા સીધા બહેનોના ખાતામાં જશે.

# અમેરિકાના વોલમાર્ટમાં ગોળીબાર, 10ના મોત



ગુજરાત | વંદન

અમેરિકામાં ફરી એકવાર ભયાનક ગોળીબારના દ્રશ્યો સામે આવ્યા છે. વર્જીનિયાના વોલમાર્ટમાં થયેલા ગોળીબારમાં 10 લોકોએ જીવ ગુમાવ્યા છે. વર્જિનિયાના ચેસાપીકમાં મોડી સાંજે બનેલી આ ઘટનામાં પોલીસે શૂટરને પણ ઠાર મરાયો હતો. વોલમાર્ટ અને ચેસપીક પોલીસ વિભાગે જણાવ્યું હતું કે મૃતકો અને ઘાયલોની સંખ્યા હજુ અસ્પષ્ટ છે અને વધી શકે છે.

### કોલોરાડોની નાઈટ ક્લબમાં પણ ગોળીબાર થયુ હતુ

કોલોરાડોમાં એક LGBTQ નાઈટક્લબમાં થોડા દિવસો પહેલા આવી જ ગોળીબારની ઘટના જોવા મળી હતી. નાઈટ ક્લબમાં થયેલા ગોળીબારમાં પાંચ લોકોના મોત થયા હતા અને 18 લોકો ઘાયલ થયા હતા. અમેરિકા સ્થિત કોલોરાડો સ્પ્રિંગ્સમાં રવિવારે રાત્રે એક હુમલાખોરે ગોળીબાર કર્યો હતો, જેને બાદમાં કસ્ટડીમાં લેવામાં આવ્યો હતો અને મામલાની તપાસ કરવામાં આવી રહી છે.

## ન્યૂઝ બ્રિફ

### રેલ્વે મંત્રીનો દાવો, સરકાર દર મહિને 16 લાખ લોકોને આપી રહી છે નોકરી

રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે દાવો કર્યો છે કે કેન્દ્ર સરકાર દર મહિને 16 લાખ લોકોને નોકરી આપી રહી છે. તેમણે કહ્યું કે કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવેલી યોજનાઓનો લાભ દરેકને આપવામાં આવી રહ્યો છે.



રેલવે મંત્રીએ એમ પણ કહ્યું કે આર્થિક સંકટ વચ્ચે ભારત તકોથી ભરપૂર ઉર્જા સ્ત્રોત તરીકે ઉભરી આવ્યું છે. વૈષ્ણવે આ બધી વાતો અજમેરમાં સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ દ્વારા આયોજિત રોજગાર મેળાના કાર્યક્રમમાં કહી હતી.

### કેન્દ્રીય મંત્રી કૌશલના ભત્રીજાએ કરી આત્મહત્યા, ઘરે ફાંસી લગાવી



ભારતીય જનતા પાર્ટીના કેન્દ્રીય રાજ્ય મંત્રી અને સાંસદ મોહનલાલગંજ કૌશલ કિશોરના ભત્રીજા 45 વર્ષીય નંદ કિશોરે બુધવારે સવારે ફાંસી લગાવી લીધી હતી. નંદ કિશોરની લાશ ઘરની અંદર લટકતી હાલતમાં મળી આવી હતી. ઘટનાની જાણ થતાં પહોંચેલી પોલીસે આપઘાતનું કારણ જાણવા તપાસ હાથ ધરી છે.

### ગન કલ્ચર પર સરકારની મોટી લાલ આંખ, 900 હથિયારના લાયસન્સ રદ્દ

પંજાબમાં ગન કલ્ચરને ખતમ કરવા માટે સરકાર અને પોલીસની મોટી કાર્યવાહી સામે આવી છે. હથિયારોની સમીક્ષા કર્યા બાદ પ્રશાસને 9 દિવસમાં લગભગ 900 હથિયારોના લાઈસન્સ રદ કર્યા છે. જ્યારે 300 થી વધુ લોકોના શસ્ત્ર લાયસન્સ સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે અને તેમને કારણ માંગતી નોટિસ ફટકારવામાં આવી છે. તેને પૂછવામાં આવ્યું છે કે હથિયારોની જરૂર કેમ છે.

### વાંકી નજરે...




**શ્રદ્ધાએ 28 નવેમ્બર 2020ના રોજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ**

# '...આફતાબ મારા ટુકડા કરી નાંખશે', શ્રદ્ધાએ 2 વર્ષ પહેલા કરી હતી ફરિયાદ



ગુજરાત | વંદન

શ્રદ્ધા હત્યા કેસમાં વધુ એક મોટો ખુલાસો સામે આવ્યો છે. શ્રદ્ધાએ બે વર્ષ પહેલા નવેમ્બર 2020માં આફતાબ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. પોતાની ફરિયાદમાં શ્રદ્ધાએ આફતાબને લઈને કહ્યું હતું કે તેના જીવને ખતરો છે. એટલું જ નહીં, શ્રદ્ધાએ દાવો કર્યો કે આફતાબ તેના શરીરના ટુકડા કરવાની ધમકી આપે છે. શ્રદ્ધાએ મુંબઈના તુલિંજ પોલીસ સ્ટેશનમાં આ

### આફતાબે શ્રદ્ધાની હત્યા કરી લાશના 35 ટુકડા કરી નાખ્યા

મુંબઈની શ્રદ્ધા આફતાબ સાથે દિલ્હીના મેહરૌલીમાં લિવ-ઈન ફ્લેટમાં રહેતી હતી. આરોપ છે કે આફતાબે 18 મેના રોજ શ્રદ્ધાનું ગળું દબાવીને હત્યા કરી હતી. આફતાબના કહેવા પ્રમાણે, શ્રદ્ધા તેના પર લગ્ન માટે દબાણ કરતી હતી. ત્યારબાદ આફતાબે શ્રદ્ધાના શરીરના 35 ટુકડા કરી નાખ્યા. ટુકડાઓ રાખવા માટે તેણે ફ્રિજ પણ ખરીદ્યું. આફતાબે શ્રદ્ધાના મૃતદેહના ટુકડા ફ્રીજમાં રાખ્યા હતા. તે દરરોજ રાત્રે મૃતદેહને મહેરૌલીના જંગલમાં ફેંકવા જતો હતો. તેણે લગભગ 20 દિવસ સુધી આ કર્યું.

# નાઈજીરીયામાં માર્ગ અકસ્માત, બસની ટક્કરમાં 37ના મોત

■ 4 દિવસમાં ત્રીજો મોટો અકસ્માત

ગુજરાત | વંદન

નાઈજીરીયાના ઉત્તરપૂર્વીય શહેર મૈદુગુરીની બહાર ત્રણ બસો અથડાતા ઓછામાં ઓછા 37 લોકોના મોત થયા છે. દેશની માર્ગ સુરક્ષા એજન્સીએ આ માહિતી આપી છે. બોર્નો રાજ્યની માર્ગ સુરક્ષા એજન્સીના વડા ઉતાને બોઈએ જણાવ્યું હતું કે બે કોમર્શિયલ બસો સામસામે અથડાતાં અને આગ લાગી ત્યારે આ અકસ્માત થયો હતો. દરમિયાન ત્રીજી બસ તેમની સાથે અથડાઈ હતી. "અત્યાર સુધી 37 લોકોના મૃત્યુની પુષ્ટિ કરવામાં આવી છે અને તેમાંથી મોટાભાગના લોકોની ઓળખ થઈ શકી નથી કારણ કે તેઓ સંપૂર્ણપણે બળી ગયા હતા," બોઈએ જણાવ્યું હતું. બોર્નો રાજ્યની રાજધાની મૈદુગુરીથી લગભગ 35 કિલોમીટર દૂર જકાના




ગામ પાસે આ અથડામણ થઈ હતી. અથડામણ ત્યારે થઈ જ્યારે એક બસનું ટાયર ફાટ્યું અને તે સામેની દિશામાં આવતા વાહન સાથે અથડાઈ ગઈ. આ પહેલા મંગળવારે નાઈજીરિયાની રાજધાની અબુજા પાસે બસ અને ટ્રકની ટક્કરથી 17 લોકોના મોત થયા હતા અને ચાર ઘાયલ થયા હતા. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, પીડિતો ઉત્તર-પૂર્વીય ગોમ્બે રાજ્યથી મુસાફરી કરી રહ્યા હતા. વધુમાં, શનિવારે એક ઓવરલોડેડ કાર ટાયર ફાટવાથી ઉત્તરીય શહેર કાનોની બહાર ડેમમાં ડૂબી જતાં નવ લોકોનાં મોત થયાં હતાં.

**સદ્દામ હુસૈનના નિવેદન પર કોંગ્રેસનો પલટવાર**

## રાહુલના કારણે જ હિમંતા બિસ્વા અહીં પહોંચ્યા, શરમ આવવી જોઈએ

ગુજરાત | વંદન



આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાના નિવેદનથી કોંગ્રેસ નારાજ છે. પોતાના નિવેદનમાં તેમણે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પર કટાક્ષ કર્યો ...અનુસંધાન પેજ નં. 6 પર

### બિસ્વા સરમાનો રાહુલ ગાંધી પર કટાક્ષ

આસામના મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, "મેં થોડા દિવસો પહેલા એક ટેલિવિઝન ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે રાહુલ ગાંધીના નવા દેખાવમાં કોઈ સમસ્યા નથી, પરંતુ જો તમારે તમારો દેખાવ બદલવો હોય, તો ઓછામાં ઓછા તેમને વલ્લભભાઈ પટેલ અથવા જવાહરલાલ જેવા બનાવો. નેહરુ. ગાંધીજી." આનાથી પણ સારું, પણ તમે હવે સદ્દામ હુસૈન જેવા કેમ દેખાશો?"

# ભાજપે 8 વર્ષમાં 23 કરોડ લોકોને ગરીબ બનાવ્યા, મનિષ તિવારીનો દાવો

■ UPA સરકારે 27 કરોડ લોકોને ગરીબીમાંથી બહાર કાઢ્યા હતાં

ગુજરાત | વંદન

ગુજરાતમાં વિધાનસભા ચૂંટણીનો જંગ જોરદાર જામ્યો છે. તમામ રાજકીય પક્ષો દ્વારા જોરશોરથી પ્રચાર કરવામાં આવી રહ્યો છે. ભાજપ, કોંગ્રેસ તેમજ આપ પાર્ટી સહિત વિવિધ પક્ષો એકબીજા પર નિશાન સાધી પોતપોતાની જીતનો દાવો કરી રહ્યા છે. કોંગ્રેસના સ્ટાર પ્રચારક મનિષ તિવારી અમદાવાદમાં ભાજપા પર ગંભીર આક્ષેપો કર્યા હતા. તેમણે ભાજપ સરકાર પર પ્રહાર કરતાં કહ્યું હતું કે, 2014 પહેલાં યુપીએ સરકારે 27 કરોડ લોકોને ગરીબીમાંથી બહાર કાઢ્યા હતાં. જ્યારે ભાજપની સરકારે માત્ર આઠ જ વર્ષમાં 23 કરોડ




લોકોને ગરીબ બનાવી દીધાં છે. તેમણે એવો પણ આક્ષેપ કર્યો હતો કે, GST લાગુ થવાથી 2 લાખ 30 હજાર લઘુ ઉદ્યોગ બંધ થયાં છે. આ ભાજપની સરકારે પેટ્રોલ અને ડીઝલ પર ટેક્સ વસૂલી 27.2 લાખ કરોડ ભેગા કર્યા છે. 2014માં 410 રૂપિયાનો ગેસ સિલિન્ડર હવે 1060 રૂપિયાનો થઈ ગયો છે.તાજેતરમાં ગુજરાતની મુલાકાતે આવેલા રાહુલ ગાંધીએ પણ બેરોજગારીને લઈ ભાજપા પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું આજે મને દુ:ખ થાય છે કે આજે યુવાઓ બેરોજગાર છે ખેડૂતોને સારા ભાવ નથી મળતા તેમણે કહ્યું કે, માતા-પિતાએ પેટે પાટામાંથી ભણાવે તે અન્જિનયર બન્યો હોય પરંતું તે મૂંજરી કરે છે તે વાતથી આજે ખૂબ દુ:ખ થાય છે. તેમણે કહ્યું કે, ભારત જોડો યાત્રામાં મને એક યુવક મળ્યો અને ગળે મળીને રડવા લાગ્યો હતો મેં પૂછ્યું કે કેમ રડે છે તેણે કહ્યું કોરોનામાં મારો પરિવાર મૃત્યુ પામ્યો છે. તેમણે કહ્યું કે, હું નાના હતો ત્યારે દાદી ઈન્દીરાજીએ મને એક પુસ્તક આપ્યું હતું જે આદિવાસી બાળક વિશેનું હતું જેનું નામ હતો 'હિન્દુ એક આદિવાસી બચ્ચા' જે હું મારા દાદી સાથે વાંચતો હતો અને એક દિવસ મેં દાદીને કહ્યું કે આ પુસ્તક મને ખૂબ સરસ લાગે છે તેમને કેવું લાગે છે ત્યારે તેમણે કહ્યું કે, રાહુલ આ હિન્દુસ્તાન અસલી માલિક આદિવાસી જ છે.

## ગુજરાતની રાજનીતિના ત્રિકોણીય જંગમાં કોણ બનશે "ગુજરાતનો નાથ"?

ગુજરાતમાં 1 અને 5 ડિસેમ્બરે મતદાન થવાનું છે. ગુજરાતમાં 182 બેઠકો છે અને સત્તારૂઢ ભાજપ સતત છઠ્ઠી વખત સત્તામાં આવવાનું લક્ષ્ય ધરાવે છે. અને અત્યાર સુધી, ભાજપ એક રસપ્રદ ત્રિકોણીય રેસમાં અગ્રેસર હોય તેવું લાગી રહ્યું છે જેનું રાજ્ય દાયકાઓ બાદ સાક્ષી બની રહ્યું છે.ભાજપ વિધાનસભા ચૂંટણીને પહેલા કરતા વધુ ગંભીરતાથી લઈ રહ્યું છે. આપને તેનું મુખ્ય કારણ માનવામાં આવે છે. ગુજરાતે પરંપરાગત રીતે ભાજપ અને કોંગ્રેસને એકબીજા સાથે લડતા જોયા છે, પરંતુ આ વખતે AAPની એન્ટ્રીથી મોટા રાજકીય સમીકરણો બદલાઈ ગયા છે. AAP શહેરી વિસ્તારોમાં ભાજપને અને ગ્રામીણ વિસ્તારોમાં કોંગ્રેસને નુકસાન પહોંચાડે તેવી અપેક્ષા છે. આનાથી ભાજપ કરતાં કોંગ્રેસને વધુ આંચકો લાગવાની ધારણા છે. જો તમે જીતેલી બેઠકોની સંખ્યાના સંદર્ભમાં ઉડતા રંગો સાથે બહાર ન આવશો તો પણ; તે ચોક્કસપણે મોટો વોટ શેર મેળવવા તરફ આગળ વધી રહ્યો છે જે ભાજપ અને કોંગ્રેસ બંને માટે ચિંતાનો વિષય છે.

# ગુજરાત ચૂંટણીઃ 100 વર્ષથી ઉપરના 10,357 શતાયુ મતદાતાઓ મતાધિકારનો કરશે ઉપયોગ





## ■ સૌથી વધુ 1,500 શતાયુ મતદાતાઓ અમદાવાદ જિલ્લામાં

ગુજરાત | વંદન

ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં 10,357 શતાયુ મતદાતાઓ મતાધિકારનો ઉપયોગ કરશે, શ્રીમતી પી. ભારતીએ આ વિશે માહિતી આપી હતી, જેમાં પ્રથમ તબક્કામાં 89 બેઠકો પર 5,115 જ્યારે બીજા તબક્કામાં 93 બેઠકો પર 5,242 શતાયુ મતદાતાઓ નોંધાયા છે, તો સૌથી વધુ 1,500 શતાયુ મતદાતાઓ અમદાવાદ જિલ્લામાં, સૌથી ઓછા શતાયુ મતદાતાઓ ધરાવતા પાંચ જિલ્લાઓમાં ડાંગ, તાપી, નર્મદા, પોરબંદર અને પાટણમાં નોંધાયા છે. ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં કુલ 10,357 શતાયુ મતદાતા નોંધાયા છે. જેમાં સૌથી વધુ શતાયુ મતદાતા ધરાવતા પ્રથમ પાંચ જિલ્લાઓમાં અમદાવાદમાં 1,500, વડોદરામાં 716, ભાવનગરમાં 628, રાજકોટમાં 547 અને દાહોદ જિલ્લામાં 531 મતદાતાઓ છે. જ્યારે રાજ્યમાં સૌથી ઓછા શતાયુ મતદાતાઓ ધરાવતા પાંચ જિલ્લામાં ડાંગમાં 08, તાપીમાં 67, નર્મદા માં 69, પોરબંદરમાં 109 તેમજ પાટણ જિલ્લામાં 125 મતદાતાઓ નોંધાયા છે.

ઉત્તર ગુજરાતમાં અમદાવાદ જિલ્લામાં 1,500, બનાસકાંઠામાં 382, ગાંધીનગરમાં 260, મહેસાણામાં 238, અરવલ્લીમાં 200, સાબરકાંઠામાં 164 તેમજ પાટણ જિલ્લામાં 125 શતાયુ મતદારો નોંધાયા છે.

જ્યારે સૌરાષ્ટ્રમાં ભાવનગર જિલ્લામાં 628, રાજકોટમાં 547, કચ્છમાં 444, જુનાગઢમાં 395, અમરેલીમાં 372, જામનગરમાં 298, ગીર સોમનાથમાં 278, સુરેન્દ્રનગરમાં 278, મોરબીમાં 175, દેવભૂમિ દ્વારકામાં 174, બોટાદમાં 168 તેમજ પોરબંદરમાં 109 શતાયુ મતદારો છે. મધ્ય ગુજરાતમાં વડોદરામાં 716, દાહોદમાં 531, આણંદમાં 332, ભરૂચમાં 312, ખેડામાં 280, પંચમહાલમાં 237, છોટાઉદેપુરમાં 145, મહિસાગરમાં 132 તેમજ નર્મદા જિલ્લામાં 69 શતાયુ મતદારો છે.

આ ઉપરાંત દક્ષિણ ગુજરાતમાં સૂરત જિલ્લામાં 422, વલસાડમાં 238, નવસારીમાં 133, તાપીમાં 67 તેમજ ડાંગ જિલ્લામાં 08 શતાયુ મતદારો નોંધાયા છે. ચૂંટણી પંચે 80 વર્ષથી વધુ વય ધરાવતા મતદાતાઓ કે જેમણે ઘરે બેઠા મતદાન કરવાની ઈચ્છા વ્યક્ત કરી છે, તેમના ઘરે જઈને મતદાન કરાવવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જે વરિષ્ઠ મતદારોએ મતદાન કેન્દ્ર પર જઈને મતદાન કરવું હોય તેમના માટે વિશેષ સવલતો ઊભી કરવામાં આવી છે. જેમાં 80 વર્ષથી વધુ વય ધરાવતાં વરિષ્ઠ નાગરિકો ઉપરાંત, દિવ્યાંગજનો અને કોવિડ પ્રભાવિત વ્યક્તિઓ માટે ટપાલ મતપત્ર દ્વારા મતદાન કરવાની સુવિધા આપવાની જોગવાઈ કરવામાં આવી છે. જે મતદારોએ નિયત સમયમર્યાદામાં જરૂરી વિગતો સાથે ફોર્મ-12 ડી ભરીને આપ્યું છે, તેમને ઘરે બેઠા મતદાનનો લાભ મળશે.

### ગુજરાતની ચૂંટણીમાં સૌથી વધુ સંપત્તિવાન ઉમેદવાર જે.એસ. પટેલની મુલાકાત

# મહિને 100 રૂપિયા રળનાર ખેડુતપુત્ર આજે 662 કરોડના આસામી...!

## ■ માણસા બેઠક કોંગ્રેસનો ગઢ પણ જંગી બહુમતિથી જીતવાનો ભાજપના ઉમેદવારનો દાવો

ગુજરાત | વંદન

ગુજરાત વિધાનસભાની ચૂંટણી ચાલી રહી છે અને તેમાં નવા નવા રંગો જોવા મળી રહ્યા છે. ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ઉમેદવારોએ ફોર્મ ભરી દીધા છે અને ફાઇનલ ચિત્ર પણ સ્પષ્ટ થઈ ચૂક્યું છે. બન્ને તબક્કાની મળીને 182 બેઠકો માટે ચૂંટણી જંગના મેદાનમાં કુલ 1621 ઉમેદવારો રહ્યાં છે. જેમાંના એક ઉમેદવાર છે માણસા બેઠકના ભાજપના ઉમેદવાર જે.એસ. પટેલ.

ઉમેદવારી ફોર્મ ભરતી વખતે રજૂ કરેલા સોગંદનામામાં ઉમેદવારોની સંપત્તિ વગેરેની માહિતી જાહેર થઇ છે. જે અનુસાર, તમામ 1621 ઉમેદવારોમાં માણસાના ઉમેદવાર જે.એસ. પટેલ પાસે સૌથી વધુ સંપત્તિ હોવાનું બહાર આવ્યું છે. તેમણે રજૂ કરેલ એફિડેવિટ અનુસાર તેમની પાસે પત્ની સહિતની મિલકતો મળીને કુલ 662 કરોડની જંગમ અને સ્થાવર મિલકતો છે. ગુજરાત વંદન દ્વારા ગુજરાતના સૌથી વધુ ધનાઢ્ય ઉમેદવારની ખાસ મુલાકાત લેવામાં આવી, અને તેમાં રસપ્રદ વિગત એ છે કે તેઓ કોઇ ધનિક પરિવારના નહોતા પરંતુ એક સામાન્ય મજૂરમાંથી આપબળે જાત મહેનત કરતાં કરતાં આજ એક એવા મુકામ પહોંચ્યાં કે દેશ આખામાં ગુજરાતના સૌથી ધનિક જે.એસ. પટેલની ચર્ચા છે.

એક સામાન્ય મજૂરમાંથી તેઓ કેવી રીતે ધનાઢ્ય બન્યા તે અંગે તેમના જ શબ્દોમાં.....

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના વતન એવા માણસામાં 10 વર્ષથી કોંગ્રેસના ઉમેદવાર ચૂંટાઈને આવે છે. આ સીટ પર કબ્જો કરવા માટે ભાજપે વર્ષોથી ભાજપ સાથે સંકળાયેલા જે. એસ.પટેલને મેદાનમાં ઉતાર્યા છે. જંયતી સોમાભાઈ પટેલે ઉમેદવારી ફોર્મ ભરતી વખતે રજૂ કરેલી એફિડેવિટમાં 662 કરોડની સંપત્તિ દર્શાવી છે. માત્ર ધોરણ 10 પાસ અને 64 વર્ષીય એવા જે. એસ.પટેલ વ્યવસાયે ખેડૂત અને બિલ્ડર છે. જે.એસ. પટેલ સામે કોંગ્રેસે ઠાકોર સમાજમાંથી બાબુસિંહ ઠાકોરને ચૂંટણી જંગના મેદાનમાં ઉતાર્યા છે.

## રાજકારણમાં આ રીતે થઇ એન્ટ્રી....

માણસામાં જે.એસ.પટેલ તરીકે ઓળખાતા જયંતી પટેલે અત્યાર સુધી સંગઠનમાં વિવિધ જવાબદારીઓ નિભાવી છે. તેમણે 1998માં દિવંગત પ્રોફેસર અને વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ મંગળદાસ પટેલના ચૂંટણી ઇન્ચાર્જ તરીકે રાજકીય કરિયરની શરૂઆત કરી. ત્યાર બાદ લોકસભા ચૂંટણી અને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં વિવિધ સંગઠનાત્મક જવાબદારીઓ નિભાવી. તેમની એક અન્ય ઓળખાણ એ છે કે, કોબા ખાતે આવેલા ભાજપના પ્રદેશ કાર્યાલયની જમીન પણ જે.એસ.પટેલે પાર્ટીને આપી હતી.



## જીવનના સંઘર્ષમાં કરોડો કમાયા

માણસાના આજોલ ગામના વતની જે.એસ.પટેલ 6 અબજની સંપત્તિના માલિક છે છે પણ કહેવત અનુસાર કે, સિધ્ધિ જઇ એને વરે જે પરસેવે ન્હાય.. એમ તેમણે પરસેવો રેડીને જિંદગીમાં ખૂબ સંઘર્ષ વેઠી આજના મુકામ પર પહોંચ્યા.. ખેડૂત પુત્ર તરીકે ખેતરમાં મજૂરી કરવાથી લઈને મહિને રૂ.100 પગારમાં નામું લખવાના કામથી શરૂઆત કરીને અનેક ઉતાર ચઢાવો વચ્ચે સંપત્તિની સાથે સાથે માનવ સેવા એ જ પ્રભુ સેવામાં માનીને સમાજ સેવાનું પણ ભાથું બાંધ્યું..

તેઓ કહે છે કે, એક વાત નક્કી છે કે સંઘર્ષ સિવાય કંઈ મળતું નથી. દૂરંદેશી અને આગળ વધવા માટે શું કરવું જોઈએ તે માટે તનતોડ મહેનત કરી. માત્ર 100 રૂપિયાના પગારથી શરૂઆત કરી.આજે વોટ્સએપ બનાવવાવાળા એ બધા મહાન મહારથીઓ છે, અને એ બધા પણ સંઘર્ષ કરીને એક ચોક્કસ વિઝન સાથે આગળ વધ્યા. પરંતુ અમારા માટે આવું નહોતું અમારા માટે તો પહેલેથી જ જાણે કે ખેડૂતપુત્રો માટે મજૂરી જ લખી હતી. 'સૌથી પહેલા તો હું નામુ લખતો હતો. વર્ષ 1977-78માં સૌથી પહેલી નોકરી અમદાવાદના એક શ્રોફને ત્યાં નામુ લખવાથી નોકરીની શરૂઆત કરી. જેના માટે મને તે વખતે માત્ર 100 રૂપિયા પગાર મળતો હતો. મે પાંચ મહિના નોકરી કરી. શ્રોફની નોકરી છોડ્યા પછી લોખંડનો ધંધો કર્યો. અમદાવાદમાં કાપડ મિલોનું ડીમોલેશન શરૂ થયું હતું. મિલોની મશીનરી વેચી તેમાંથી કમાણી થઇ, એના પછી કન્સ્ટ્રક્શન લાઈનમાં આવ્યો અને સંખ્યાબંધ સાઈટ કરી અને. હાલમાં હું રિયલ એસ્ટેટના કારોબારમાં છું.'

## રાજકારણમાં કઈ રીતે પ્રવેશ્યા તે અંગેના એક સવાલના જવાબમાં તેઓ કહે છે

'મારા વિસ્તારમાં થતી ચૂંટણીઓની વાત કરું તો પ્રો. મંગળભાઈ જ્યારે પ્રથમવાર 1998માં અને બીજી વખત 2002 ચૂંટાયા ત્યારે તેમના ચૂંટણી ઈન્ચાર્જ તરીકેની કામગીરી ભાજપ દ્વારા મને સોંપવામાં આવી હતી. લોકસભાની 2019ની ચૂંટણીમાં શારદાબેન પટેલના માણસા લોકસભા ઈન્ચાર્જ તરીકે અને ગયા વર્ષે ગયેલી તાલુકા અને જિલ્લાની ચૂંટણીમાં પણ ઈન્ચાર્જ તરીકે પાર્ટીએ મને જવાબદારી સોંપી હતી. જેમાં મેં દરેક કાર્યકરો અને તમામ જ્ઞાતિના ભાઈઓને સાથે લઈ માણસામાં સારું પરિણામ લાવી શક્યા છીએ.બધાને મારા પર વિશ્વાસ છે. સમાજના અનેક કામો કર્યા છે અને ગામે ગામ પણ સેવાકીય કામો દરેક જ્ઞાતિ માટે ફરજ અદા કરી છે. અઢારે અઢાર આલમ તરીકે મેં નાગરિક તરીકેની મારી ફરજ અદા કરી છે એમ જો હું કહું તો તેમાં જરાયે વધુ પડતુ નહીં ગણાય કેમ કે માનવ સેવા એ મારો ધર્મ છે..'

## રાજકીય લાભ ખાતર નહી પણ સમાજ સેવા માટે ઉમેદવારી....

પોતે રાજકીય લાભ માટે ચૂંટણીમાં આવ્યાં નથી એવા ખુલાસા સાથે તેમણે કહ્યું- 'મારી ઉમર 63 વર્ષ થઈ છે એટલે રાજકીય લાભ માટે નથી આવ્યો. જેટલા કામ સરકારમાં થઈ શકે એટલા બધા કામ મારા વિસ્તાર માટે કરાવીશ. ચૂંટાયા બાદ સરકારમાંથી મને જે લાભ મળશે તે તમામ લાભ પ્રજાના કામમાં અર્પણ કરીશ. લોકોપયોગી થાય એવા લાભ હું લોકોને અર્પણ કરી દઈશ. 5 વર્ષ સુધી વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી અને અમારા જ વિસ્તારના અમારા સપૂત જેમણે મારા પર વિશ્વાસ મૂક્યો છે એવા દેશના ગૃહમંત્રી અમિત શાહે મારા પર વિશ્વાસ મૂક્યો છે, તેને સાર્થક કરીશ. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈને પણ એમ થાય કે માણસા બેઠકની ચિંતા હવે કરવાની જરૂર નથી. 10-11 વર્ષથી અહીં કોંગ્રેસની સીટ આવે છે. એટલે પ્રજા ઈચ્છે છે કે આ વખતે તો માણસામાં કમળ ખીલવું જોઈએ. હું 5 વર્ષ ઘરે પણ નહીં જાવ અને પ્રજાના કામોને અગ્રતા આપવામાં કોઈ કચાશ બાકી નહીં રાખુ.

## કોરોના કાળમાં પણ લોક સેવા અવિરતપણે ચાલુ રાખી...




કોરોનાકાળમાં પરિવારમાં ચેપથી બચવા કોઇ કોઇની નજીક જતાં નહોતા એવા સમયે તેમણે 'કોરોનાકાળ દરમિયાન ઓક્સિજન સિલિન્ડર, ઓક્સિજન પ્લાન્ટ ઊભા કર્યા હતા. ભાજપના બધા કામોમાં સહયોગ આપ્યો છે. લોકોના ઘરે ઘરે રાશન કીટ પહોંચાડી છે. નાનામાં નાના બધા જ જ્ઞાતિના લોકોને ખ્યાલ છે કે હું ભેદભાવ વગર સમાજ કાર્યો કરૂ છુ અને કરીશ. પ્રજામાં તાલુકા-જિલ્લા પંચાયતમાં અમારા ચૂંટાયેલા કાર્યકરો છે એમણે પણ ચૂંટાયા પછી સરકારના માધ્યમથી જે કામ કર્યા છે તેની પણ પ્રજાને ખબર છે. કોઈપણ જાતના ભેદભાવ વિના કાર્યો કરવાના છે અને હું એ રીતે જ કરીશ.'

તેમણે વધુમાં કહ્યું કે ગાંધીનગર નજીક કોબા ખાતે ભાજપના મુખ્ય કાર્યાલય શ્રીકમલમ પાસે મારું ફાર્મ હાઉસ છે અને હું ત્યાં જ રહું છું.

ગાંધીનગર જિલ્લાની માણસા બેઠકના અત્યાર સુધીના પરિણામોની વાત કરીએ તો એ બાબત સ્પષ્ટ પણે સમજી શકાય છે કે અહીં પક્ષો ઉપરાંત સમાજ અને જાતિના આધારે ચૂંટણી લડવામાં આવે છે. અહીંથી ચૂંટાતા મોટાભાગના ઉમેદવારો પટેલ અથવા તો ચૌધરી સમાજમાંથી આવે છે અને પક્ષો પણ તેમને જ ટિકિટ આપવાનુ પસંદ કરે છે. કદાજ તેને ધ્યાનમાં રાખીને ભાજપે પટેલ સમાજમાંથી જે.એસ.પટેલની પસંદગી કરી છે.

### રાજકીય વિશ્લેષણ | કેજરીવાલે ભાજપના વોટબેંક શહેરી વિસ્તારોમાં પગપેસારો કરતાં ભાજપના નેતાઓ ચોંકી ગયા છે

# કોઈપણ હારે કે જીતે, સરકાર તો ભાજપની જ બનશે...!

ગુજરાત | વંદન

ગુજરાતમાં પરંપરાગત રીતે અગાઉ કોંગ્રેસ અને ભાજપ વચ્ચે અને પછી ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધી લડાઈ રહી છે. વિવિધ સમયે, શક્તિશાળી પ્રાદેશિક નેતાઓએ બંનેમાંથી કોઈ એક પક્ષથી અલગ થઈને પ્રાદેશિક પક્ષોની સ્થાપના કરી પણ લાંબા સમય સુધી ફાવી શક્યા નથી.

હવે AAP આવે છે..ગુજરાતમાં AAP કેવી રીતે આવી તેનો ઈતિહાસ છે. અગાઉ AAP પાર્ટી ગુજરાતમાં ચૂંટણી લડવાની યોજના બનાવી રહી હતી, પરંતુ મોટા પાયે નહીં. તે આ તકનો ઉપયોગ રાજ્યમાં તેનું સંગઠનાત્મક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવા માગતુ હતું. છે. પંજાબ જીત્યા પછી તેણે હિમાચલ પ્રદેશ પર ધ્યાન કેન્દ્રિત કરવાનું શરૂ કર્યું કારણ કે તે પંજાબ, દિલ્હી, હિમાચલ પ્રદેશ અને હરિયાણામાં સંલગ્ન સીમાચિહ્ન જીતવા માટેની તકો જોઈ રહ્યું હતું..

પંજાબમાં જીત મેળવ્યા પછી ભાજપે AAPને વધુ નજીકથી જોવાનું શરૂ કર્યું. હવે, ભાજપની આ રણનીતિએ AAPને તેની સમગ્ર રણનીતિની સમીક્ષા કરવા મજબૂર કરી.. આપના નેતાઓ સમજી ગયા કે તેમને ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડશે. કારણ કે ભાજપે તેમને નિશાન બનાવવાનું શરૂ કર્યું છે. અને તેથી, તેમને અટકાવવા માટે, તેઓ હવે તેમની તમામ શક્તિ સાથે ગુજરાત પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે.

ઘણા વિશ્લેષકો એવું માને છે કે ગુજરાતમાં AAPની એન્ટ્રીથી ભાજપને ફાયદો થશે. શરૂઆતમાં, ભાજપ ખુશ હતો કારણ કે ગુજરાતમાં AAPની એન્ટ્રી કોંગ્રેસના વોટ બેઝમાં ઘટાડો કરશે. તેથી, ભાજપે તેને ટેકો આપ્યો કારણ કે, ભાજપ માટે, કોંગ્રેસનો સફાયો કરવો એ હંમેશા પ્રથમ અગ્રતા રહી છે, માત્ર ચૂંટણી લડાઈના સંદર્ભમાં જ નહીં, પરંતુ સંસ્કૃતિ અથવા રાજનીતિની દ્રષ્ટિએ પણ.

જો તમારે રાષ્ટ્રીય રાજકીય લેન્ડસ્કેપમાંથી કોંગ્રેસના ઈતિહાસને હટાવવો હોય, અને અન્ય વૈકલ્પિક અથવા રાજકીય સિદ્ધાંત અથવા કોઈ ફિલસૂફી બનાવવી હોય, તો આ લાઇનમાં કોંગ્રેસનો નાશ કરવો મહત્વપૂર્ણ છે.

તેથી શરૂઆતમાં, જ્યારે AAP ગુજરાતમાં આવી, ત્યારે તેઓ ગ્રામીણ વિસ્તારોમાં આજુબાજુ જોતા હતા, અને તેનાથી ભાજપ ખુશ થઈ ગયો હતો કારણ કે, તેનાથી કોંગ્રેસના વોટ બેઝમાં ઘટાડો થવાની સંભાવના હતી, જે ક્રમની લાઇનમાં જોવા મળે છે કે તેઓ જે વિસ્તારોમાં કોંગ્રેસ રહી છે ત્યાં સમગ્ર જઈ રહ્યા છે.

પરંતુ જ્યારે તેઓ-આપ- ગ્રામીણ વિસ્તારોમાંથી શહેરી વિસ્તારો તરફ જવા લાગ્યા ત્યારે ભાજપ/નરેન્દ્ર મોદીને સમજાયું કે તેમના હાથ પર હવે મુશ્કેલી છે. તેથી તેઓએ AAP પર વધુ તીવ્રતાથી ધ્યાન કેન્દ્રિત કરવાનું શરૂ કર્યું. ભાજપે તેમને ટાર્ગેટ બનાવવાની શરૂઆત કરી હતી.શું તમને વડા પ્રધાનની તે ખૂબ જ પ્રખ્યાત રેવડી ( ફ્રીબીઝ ) કલ્ચરની ટિપ્પણી યાદ છે? તે ભાજપ માટે ખળભળાટનો મુદ્દો હતો, કારણ કે ગુજરાતમાં AAPનો કોઈપણ રેકોર્ડ માત્ર શહેરી વિસ્તારોમાં જ હતો.

આપ પાર્ટીએ ગયા વર્ષે 27 બેઠકો જીતીને અને કોંગ્રેસનો સફાયો કરીને સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનમાં પ્રવેશ કર્યો હતો; ભાજપે 120માંથી 93 બેઠકો જીતી હતી. AAPની આગલી લડાઈ ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં હતી જ્યાં તેને માત્ર એક જ બેઠક મળી હતી.

અત્યાર સુધી ગુજરાતમાં કોંગ્રેસને ગાંધીનગર મ્યુનિ. કોર્પોરેશની ચૂંટણીમાં હંમેશા ફાયદો થતો હતો, પરંતુ ભાજપ કોંગ્રેસના સભ્યોના પક્ષપલટા દ્વારા સત્તામાં આવતી હતી. પરંતુ આ વખતે ભાજપે કુલ 44માંથી 41 બેઠકો જીતી હતી અને કોંગ્રેસ બે બેઠકો પર સમેટાઈ ગઈ તેનું કારણ કોંગ્રેસના વોટ આપ પાર્ટી લઇ ગઇ. ચોખ્ખું પરિણામ એ આવ્યું કે કોંગ્રેસ અને AAPના કુલ વોટ બીજેપી કરતા ઘણા વધારે હતા. ભાજપ ખુશ હતો અને કોંગ્રેસનો પતન થઈ રહ્યું હતું, પરંતુ જેવુ AAPનું વલણ શહેરી વિસ્તારો તરફ આગળ વધવાનું શરૂ થયું ત્યારે ભાજપને સમજાયું કે તે તેમના વોટ બેઝમાં વધુ ઘટાડો કરશે...

વડાપ્રધાન મોદી દ્વારા રેવડી કલ્ચરની ટીપ્પણી એ પુનઃવિચારના એક ભાગની શરૂઆત હતી જેમાં AAP એ તમામ સાથે-પછી રાષ્ટ્રીય સ્તરે કે રાજ્ય સ્તરે તેનું નેતૃત્વ કરવાનું શરૂ કર્યું હતું. જ્યારથી મોદી સત્તાના કબજામાં આવ્યા છે, ત્યારથી તેઓ કોંગ્રેસને ખતમ કરવાની હોડમાં છે.

અચાનક, એવું શું થાય છે કે કોઈક આવીને મોદીની શૈલી અને વિચાર પ્રક્રિયાનો ભાજપ અને મોદી વિરુદ્ધ ઉપયોગ કરવાનું શરૂ કરે છે. જેનું 2014થી મોદી હંમેશા નેતૃત્વ કરી રહ્યા છે. અન્ય શબ્દોમાં કહીએ તો કેજરીવાલે મોદી જેવી ઈમેજ બનાવવા મોદીની જેમ જ નકલ શરૂ કરી છે અને ગુજરાતની મહિલાઓને મોદીની જેમ જ હુ તમારો ભાઈ છું...એમ સંબોધન કરે છે.

જો તમે ગુજરાતમાં અથવા તો રાષ્ટ્રીય સ્તરની દરેક ચૂંટણી જુઓ તો, પહેલાં ચિત્ર કંઈક ઓર હોય છે અને જ્યારે ચૂંટણી મતદાનની નજીક આવે છે ત્યારે સમગ્ર દ્રશ્ય બદલાઈ જાય છે. પરંતુ આ કિસ્સામાં, જે થઈ રહ્યું છે તે એ છે કે, અરવિંદ કેજરીવાલે રેવડી કલ્ચરની ટીપ્પણીને ફેરવી દીધી છે અને તેમણે ભાજપના મુખ્ય નેતાઓને તેનો જવાબ આપવા માટે મજબૂર કરીને મોદીની જેમ નેતૃત્વ કરવાનું શરૂ કર્યું છે.

આ વખતે અરવિંદ કેજરીવાલ 2014મા મોદીની જેમ જ આક્રમક તરીકે ઉભરી આવ્યા છે અને ભાજપને તેની ટીપ્પણીનો બચાવ કરવાની ફરજ પડી રહી છે. AAP પાસે મૂળભૂત રીતે ગુજરાતમાં ગુમાવવા જેવું કંઈ નથી. જો તે સારું કરે, તો સારું; જો તેમ ન થાય તો ઓછામાં ઓછું તે કેજરીવાલને રાષ્ટ્રીય મંચ પર નરેન્દ્ર મોદીના મુખ્ય પ્રતિસ્પર્ધી તરીકે પ્રસ્થાપિત કરશે...

આજે કેજરીવાલ જે મુદ્દાઓ રજૂ કરી રહ્યાં છે તેનો ભાજપમાં મોદી સિવાય કોઈની પાસે સામનો કરવાની ક્ષમતા કે તાકાત નથી. આ પ્રક્રિયામાં જે થઈ રહ્યું છે તે એ છે કે કેજરીવાલને એવા વ્યક્તિ તરીકે જોવામાં આવે છે જે મોદીની સામે ઊભા છે. કેજરીવાલ 2024ની લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને ગુજરાતમાં પોતાનું રાજકીય કદ મોદી જેટલુ ઉંચુ બતાવવાની યોજના બનાવી રહ્યા છે .

ભાજપમાં ગુજરાત અને રાષ્ટ્રીય સ્તરે નરેન્દ્ર મોદી સિવાય બીજો કોઇ એવો નેતા નથી કે જે મોદીની બરાબરી કરી શકે. અન્ય તમામ ભાજપના નેતાઓ કાં તો પક્ષના માળખામાં અથવા સરકારમાં તેમના કરતાં ગૌણ છે. કેમ કે નરેન્દ્ર મોદી જ સરકાર છે; અને ભાજપ નરેન્દ્ર મોદીનો જ પક્ષ છે.

મોદી ખૂબ જ માઈક્રો પ્લાનિંગથી ગુજરાતનું સંચાલન કરી છે. ગુજરાતની ચૂંટણી મોદીના નામે લડવામાં આવી રહી છે અને તેઓ લોકોને કહી રહ્યા છે કે 'તમે મારી તરફ જુઓ અને વોટ કરો'. બીજેપીમાં બાકીના દરેક લોકો કાં તો કામો માટે અથવા ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે છે.ગુજરાતમાં તેમના લોકાર્પણ વગેરે.ના કાર્યક્રમો જોઈએ તો, તેમણે લગભગ રૂ. 2 લાખ કરોડના કામોનું શિલાન્યાસ, જાહેરાતો, ઉદ્ઘાટન કર્યા છે. જો કે તેમાં ગાંધીનગરમાં ડિફેન્સ એક્સ્પો ( ઓક્ટોબર 2022માં) ખાતે હસ્તાક્ષર કરાયેલ રૂ. 1.53 લાખ કરોડના 451 MOUનો સમાવેશ થતો નથી .

અનુમાન એ છે કે મોદીને કોઇ કાળે, ગુજરાત ગુમાવવું પોસાય તેમ નથી. અને જો તેઓ ગુજરાત હારી જાય તો 2024ની આગામી સંસદીય ચૂંટણીમાં તેમની પાસે મોટી, ખૂબ મોટી, સમસ્યા ઉભી થશે. જો તે ગુજરાતને હારી જાય છે તો તેની રાષ્ટ્રીય છબીને નુકસાન થશે. ત્રીજી વખત કેન્દ્રમાં સત્તામાં આવવાની મોદીની યોજનાઓ જો ગુજરાત હારી જશે તો ખરાબ રીતે ખોરવાઈ જશે. પરંતુ જો ગુજરાતમાં ભાજપ જીતે તો તે મોદીએ કરી બતાવ્યું....એમ ભાજપ કહેશે અને જો કોઈ પણ સંજોગોમાં ભાજપ ગુજરાતમાં હારી જાય તો પણ ગુજરાતમાં ફરીથી ભાજપ જ સરકાર બનાવશે...કેમ કે, કોઈપણ પક્ષના, પછી કોંગ્રેસના હોય કે આપના કે અપક્ષો મળીને 10 ધારાસભ્યોને રાજીનામું આપતા કોણ રોકે છે?

2017માં ભાજપને 99 બેઠકો મળી જે સત્તા માટે જરૂરી 92થી સહેજ ઉપર હતું, પરંતુ તેમ છતાં તેમની સ્થિતિ મજબૂત કરવા અને સરકારને સુરક્ષિત બનાવવા માટે, કોંગ્રેસમાંથી ધારાસભ્યો લાવીને આંકડો 111 સુધી લઈ ગયા. જો તમે આ ગણીત અને કોંગ્રેસના ધારાસભ્યઓની પાર્ટી પ્રત્યેની નિષ્ઠાને સમજી શકતા હોવ, તો તમે સમજી શકશો કે 2022ની ગુજરાત વિધાનસભા ચૂંટણીના પરિણામો જાહેર થયા પછી શું થશે.

(રેડિફ.કોમમાંથી)

## આગાહીઃ પરિણામ પછી કોઈપણ પક્ષના 10 ધારાસભ્યોને રાજીનામું આપતા કોણ રોકે છે?!



## ગઈ ચૂંટણીમાં ભાજપની સામે પડેલી ત્રણ યુવાઓની ત્રિપુટીમાંથી હાલ બે ભાજપમાં..!

# હાર્દિક પટેલ અને અલ્પેશ ઠાકોર કેસરિયામાં... મેવાણી હજુ પંજેરિયામાં...!

### વરરાજા ઠાકોરને આખરે ગાંધીનગર દક્ષિણ બેઠક ફાળવાઈ, મેવાણી વડગામ, હાર્દિક વિરમગામ

ગુજરાત | વંદન

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓની તારીખ જાહેર થઈ ગઈ છે. બે તબક્કામાં 1 અને 5 ડિસેમ્બરના રોજ ચૂંટણીઓ યોજાશે. દરમ્યાન, 2017ની ચૂંટણીમાં ભાજપ માટે મુશ્કેલી સર્જનાર ત્રણ યુવાઓ હાર્દિક પટેલ, અલ્પેશ ઠાકોર અને જીગ્નેશ મેવાણીની ત્રિપુટી હાલમાં રાજકીય રીતે વેરવિખેર થઈ ગઈ છે. હાર્દિક પટેલ સમુદાયમાંથી, જિગ્નેશ મેવાણી દલિત સમુદાયમાંથી અને અલ્પેશ ઓબીસી સમુદાયમાંથી આવે છે.

અલ્પેશને તો રાહુલ ગાંધીની હાજરીમાં પ્રવેશ અપાયો હતો પણ જીત્યા પછી કોંગ્રેસના અન્ય ધારાસભ્યોની જેમં તે પણ ભાજપમાં જોડાઈ ગય હતા. રાજકારણની મજા જુઓ કે 2017ની આ યુવા ત્રિપુટીમાંથી બે હાર્દિક અને ઠાકોર જેમની સામે લડ્યા એ ભાજપના mecevd/ કાર્યકરો બની ગયા છે...! મેવાણી હજુ પંજેવાલી પાર્ટીમાં જ છે અને વડાપ્રધાન મોદીને કરેલી એક ટ્વીટના પગલે તેની સામે આસામમાં કેસ નોંધાયા બાદ તે રાષ્ટ્રીય સ્તરે કોંગ્રેસમાં દલિત ચહેરો બની ગયો છે...

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીની તારીખો જાહેર કરવામાં આવી છે. આવી સ્થિતિમાં તમામ રાજકીય પક્ષો ચૂંટણી જંગમાં કમર કસી રહ્યા છે. આ વખતે ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીની એન્ટ્રી ખૂબ જ રસપ્રદ લાગી રહી છે, પરંતુ 2017ની વિધાનસભાનું ચિત્ર



આનાથી થોડું અલગ હતું.

2017ની ગુજરાત વિધાનસભાની ચૂંટણી દરમિયાન ત્રણ યુવા નેતાઓ ભાજપ સામેની લડાઈમાં એકસાથે જોવા મળ્યા હતા. આ નેતાઓમાં હાર્દિક પટેલ, અલ્પેશ ઠાકોર અને જીગ્નેશ મેવાણી હતા. આ ચૂંટણી દરમિયાન આ ત્રણેય નેતાઓ ગુજરાતમાં ફર્યા હતા અને ભાજપ વિરુદ્ધ પ્રચાર કરતી વખતે પરિવર્તન લાવવાની વાત કરી હતી. આ નેતાઓને સીધું સમર્થન નહોતું, પરંતુ કોંગ્રેસનું સમર્થન હતું. જો કે આ ત્રણેયના સંયુક્ત વિરોધ છતાં ભાજપ સરકાર બનાવવામાં સફળ રહી હતી. જો કે, તેની બેઠકો સૌથી ઓછી (99) થઈ ગઈ હતી. કોંગ્રેસને 77 બેઠકો મળી હતી જે ભાજપ કરતાં 16 બેઠકો વધારે હતી.

કોંગ્રેસે પણ ઉત્તર ગુજરાતની વડગામ બેઠક પર જિજ્ઞેશ મેવાણી (અપક્ષ) સામે પોતાનો ઉમેદવાર ન ઉતારીને તેને મદદ કરી હતી. તો ભાજપમાં ઠેર ઠેર દારૂ મળે છે અને ઠાકોર સહિત ઓબીસી સમાજના યુવાધનને અસર થઈ રહી છે એવા ભાજપ સરકાર સામેના આરોપો સાથે અલ્પેશ કોંગ્રેસમાં જોડાયો અને તેઓ કોંગ્રેસની ટિકિટ પર ચૂંટણી લડ્યા હતા અને જીત્યા હતા. 5 વર્ષ બાદ 2022માં આ વખતની ચૂંટણીમાં આ ત્રણેય ક્યાં છે તે અંગે નજર કરીએ તો, 2017ની વિધાનસભાની ચૂંટણી બાદ આ ત્રણેયની રાજનીતિ અલગ-અલગ રીતે ચર્ચાતી હતી, પરંતુ 2022માં યોજાનારી આ ચૂંટણીમાં મેવાણી સિવાય આ ત્રણેય ખાસ દેખાતા નથી.

અપક્ષ ધારાસભ્ય જીગ્નેશ મેવાણી આખરે 2021માં દિલ્હીમાં કોંગ્રેસમાં જોડાયા અને હવે તેઓ તેમની વિધાનસભાની વડગામ બેઠક સહિત ગુજરાતના અન્ય વિસ્તારોમાં પાર્ટી માટે દલિત સમુદાયમાં પ્રચાર કરી રહ્યા છે. કોંગ્રેસ પાર્ટીએ હાર્દિક પટેલને રાજ્યના કાર્યકારી અધ્યક્ષ બનાવ્યા હતા પરંતુ તેઓ 2022માં ભાજપમાં જોડાયા અને ચૂંટણીમાં તેમને વિરમગામ બેઠક પરથી ટિકીટ પર મળી છે. ઠાકોરે, પોતે રાધનપુરના વરરાજા છે અને ફરી જીતશે એવો હુંકાર કરીને ભાજપના નેતાઓને સંદેશો આપ્યો કે તેમને ટિકિટ જોઈએ છે અને તે પણ રાધનપુરથી જ...! પરંતુ ભાજપે તેમને ગાંધીનગર દક્ષિણ બેઠક પરથી ટિકીટ આપી અને હાલ આ ત્રેણય યુવાન નેતાઓ ચૂંટણી જંગના મેદાનમાં ઉતર્યા છે.

## કૌશિક જૈન ધાક-ધમકીથી બોગસ વોટિંગ કરાવવાનું કાવતરૂં ઘડી રહ્યા છે

■ ભાજપના ઉમેદવાર ગુંડાઓ-બુટલેગરો સાથે બેઠક કરતા હોવાનો આક્ષેપ, ચૂંટણી પંચમાં ફરિયાદ

ગુજરાત | વંદન

દરિયાપુરના કોંગ્રેસના ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખે ભાજપના ઉમેદવાર સામે ચૂંટણી પંચમાં ફરિયાદ કરી છે. તેમણે આરોપ મૂક્યો છે કે ભાજપના ઉમેદવાર કૌશિક જૈન દરિયાપુર વિધાનસભામાં અસામાજિકતત્વોને છૂટો દોર આપીને મતદારોને ધાક-ધમકી આપી રહ્યા છે. કૌશિક જૈન દ્વારા કેટલાક અસામાજિક તત્વો સાથે મિટિંગ કર્યો હોવાનો વીડિયો પણ વાયરલ થયો છે. તેમણે એવો આરોપ મૂક્યો છે કે આ વિસ્તારમાં બૂટલેગરો મહિલાઓને ધમકાવી રહ્યા છે.

ગ્યાસુદ્દીન શેખે આ વીડિયોના આધારે આરોપ મૂક્યો છે કે કૌશિક જૈન ધાક-ધમકીથી બોગસ વોટિંગ કરાવવાનું કાવતરૂં ઘડી રહ્યા છે. તેમણે માગણી કરી છે કે પોલીસ આવા અસામાજિક તત્વો પર નજર રાખી લોકોને રક્ષણ આપે. તેમણે દરિયાપુર વિધાનસભાનો ચાર્જ ડીસીપીને સોપવાની માંગ પણ કરી છે જેથી અસામાજિક તત્વો કાબૂમાં આવે.

આ ઉપરાંત એમ પણ કહ્યું છે દરિયાપુરમાં અસામાજિક તત્વો આતંક ન ફેલાવે તે માટે આ વિસ્તારના તમામ સીસીટીવી કેમેરા ચાલુ કરી પોલીસ વીડિયોગ્રાફી કરે અને તમામ ગતિવિધી પર નજર રાખે.દરિયાપુર બેઠક ગુજરાત વિધાનસભાની 182 બેઠકો પૈકી 51મા નંબરની બેઠક છે. આ બેઠક અમદાવાદ જિલ્લામાં આવેલી છે અને તેની લોકસભા બેઠક અમદાવાદ વેસ્ટ છે. આ બેઠકમાં અમદાવાદ મહાનગરપાલિકાના 4 વોર્ડનો સમાવેશ કરવામાં આવ્યો છે. દરિયાપુર બેઠક સાથે એક અનોખો ઈતિહાસ જોડાયેલો છે. વર્ષ 1917માં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં આ બેઠક પરથી સરદાર વલ્લભભાઈ પટેલ ચૂંટણી લડ્યા હતા અને માત્ર એક વોટથી તેમનો વિજય થયો હતો.

## ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં અમિત શાહ, નરોત્તમ પટેલનાં આ રેકોર્ડ હજી કોઈ નથી તોડી શક્યું

ગુજરાત | વંદન

વર્ષ 2012માં મતવિસ્તારોના સીમાંકન પછી યોજાયેલી પ્રથમ વિધાનસભા ચૂંટણીમાં વસ્તી ગણતરીના આધારે મતવિસ્તારની સીમાઓ નક્કી કરવામાં આવી હતી. જેના કારણે આગામી દાયકાઓ સુધી મોટા માર્જિનથી ચૂંટણી જીતવાની ઉમેદવારોની આશાઓ પર પાણી ફરી વળ્યું છે. કારણ કે, આ સીમાંકન મતદારોની વસ્તી અને બેઠકોની સામાજિક રચનાને બદલે છે.

**ચોર્યાસી અને સરખેજ બેઠક ઐતિહાસિક સાબિત થઈ**

ગુજરાતમાં 2007ની વિધાનસભાની ચૂંટણી બે રાજકારણીઓ, એક ગુજરાતના ભૂતપૂર્વ ગૃહમંત્રી અને હવે કેન્દ્રીયમંત્રી અમિત શાહ,



જેઓ સરખેજ (અમદાવાદ) મતવિસ્તારમાંથી ચૂંટણી લડ્યા હતા અને બીજા ચોર્યાસી (સુરત) ના ભાજપના ઉમેદવાર અને રાજ્યના ભૂતપૂર્વ સિંચાઈ મંત્રી નરોત્તમ પટેલ માટે ઐતિહાસિક સાબિત થઈ હતી. આ ચૂંટણીમાં નરોત્તમ પટેલ 3. 47 લાખ મતોના માર્જિનથી જીત્યા હતા, જ્યારે અમિત શાહે તેમના હરીફને 2. 36 લાખ મતોથી હરાવ્યા હતા. આ શક્ય થવાનું કારણ એ છે કે, 2007માં ચોર્યાસી મતવિસ્તારમાં સૌથી વધુ 15.94 લાખ મતદારો હતા, જ્યારે સરખેજમાં 10.26 લાખ મતદારો હતા.

### વસ્ત્રાપુર પોલીસ મથકમાં યુવતીએ નોંધાવી ફરીયાદ

## સ્પામાં કામ કરતી યુવતી પર છ યુવાનોએ આચર્યું દુષ્કર્મ, ધર્માંતરણનો પણ કર્યો પ્રયાસ

ગુજરાત | વંદન

શહેરમાં વધુ એક બળાત્કારની ઘટના સામે આવી છે. કેટલાક આરોપીઓએ યુવતી સાથે શારીરિક સંબંધ બાંધ્યા બાદ ધર્માંતરણ કરવાનો પ્રયાસ કર્યો હતો. આટલું જ નહીં, આરોપીએ યુવતી સાથે શારીરિક સંબંધ બાંધી વીડિયો વાયરલ કરવાની પણ ધમકી આપી હતી. જેને લઈને યુવતીએ ફરિયાદ આપતા વસ્ત્રાપુર પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

શહેરમાં રહેતી એક યુવતીએ છ લોકો સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. જેમાં એક આરોપીએ યુવતી સાથે વર્ષ2022 ના મે મહિનામાં ડ્રાઈવ ઈન રોડ ઉપર આવેલા યુનિક સ્પા નામના સ્પા સેન્ટરમાં યુવતી પાસે મસાજ કરાવી યુવતી




નો મોબાઈલ નંબર તથા સરનામું મેળવી લીધું હતું. બાદમાં યુવતીને સતત ફોન કરી પરિચય કેળવી યુવતીને સ્પા સેન્ટરની સામેની તરફ આવેલા ગેસ્ટ હાઉસમાં લઈ જઈ ચપ્પુ બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી શારીરિક સંબંધ બાંધ્યા હતા.

આરોપી સમીર પ્રજાપતિ ઉર્ફે નાસિર હુસેન ઘાંચીએ ત્રણ વાર શરીર સંબંધ બાંધી વીડિયો ઉતારી યુવતીનું આધાર કાર્ડ મેળવી ધમકીઓ આપી હતી. બાદમાં યુવતીના ડોક્યુમેન્ટ ઉપર ભાડા કરારથી આનંદ નગર વિસ્તારમાં એક એપાર્ટમેન્ટમાં મકાન ભાડેથી રાખી તેની મરજી વિરુદ્ધ શરીર સંબંધ બાંધી નિકાહ કરી ધર્મ પરિવર્તન કરવાનું કહી અન્ય આરોપીને ફ્લેટ ખાતે બોલાવી અન્ય આરોપીએ પણ યુવતી સાથે શરીર સંબંધ બાંધી તમામ આરોપીઓએ અવારનવાર સતત ફોન કરી પૈસા નહીં આપે તો વીડિયો વાયરલ કરી દેવાની ધમકી આપી હતી.

જેને લઈને યુવતીએ ફરિયાદ આપતા પોલીસે આ મામલે સમીર પ્રજાપતિ ઉર્ફે નાસિર હુસેન ઘાંચી, રૂપા રાણા, હિરલ રાણા, વિજય રાણા તથા અન્ય બે લોકો સામે ધમકી આપવી, બળાત્કાર ગુજારવો જેવી કલમો હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

## અમદાવાદની 21 બેઠકો માટે 249 ઉમેદવાર: સૌથી વધુ 29 બાપુનગરમાં

ગુજરાત | વંદન

અમદાવાદ શહેર અને ગ્રામ્ય સહિતની જિલ્લાની ૨૧ બેઠકો માટે કુલ ૨૪૯ ઉમેદવારો મેદાને છે. સૌથી વધુ ૨૯ ઉમેદવાર બાપુનગરની બેઠકોમાં છે.જ્યારે સૌથી ઓછા પાંચ જ ઉમેદવાર નારણપુરાની બેઠકમાં છે.૨૧ બેઠકો માટે કુલ ૪૧૫ ઉમેદવારોના ફોર્મ ભરાયા હતા અને જેમાંથી ૮૪ ફોર્મ રિજેક્ટ થયા હતા જ્યારે ૮૨ ઉમેદવારોના ફોર્મ પરત ખેંચાયા છે.

અમદાવાદ શહેરની ૧૬ અને ગ્રામ્યની પાંચ સહિત કુલ ૨૧ બેઠકો માટે કુલ ૫૪૯ ઉમેદવારી ફોર્મ ભરાયા હતા. જેમાં એક ઉમેદવારે એકથી વધુ ઉમેદવારે ફોર્મ ભર્યા હતા અને એક જ પાર્ટીમાંથી એક જ બેઠકમાં બેથીત્રણ ઉમેદવારોના ફોર્મ ભરાયા હતા.ડમી ફોર્મ બાદ કરતા કુલ ૪૧૫ ઉમેદવારોના ફોર્મ ભરાયા હતા.જેમાંથી ૮૪ ઉમેદવારોના ફોર્મ રિજેક્ટ થયા બાદ ૩૩૧ માન્ય ઉમેદવારો હતા.જેમાંથી ૧૮મીએ બે ત્યારબાદ ૧૯મીએ ૧૯ અને આજે સૌથી વધુ ૬૧ ઉમેદવાર સહિત ૮૨ ઉમેદવારોના ફોર્મ પરત ખેંચાતા હવે ચૂંટણી લડનારા કુલ ૨૪૯ ઉમેદવારો છે.સૌથી વધુ ૫૫ ફોર્મ બાપુનગર બેઠકમાં ભરાયા હતા.જેમાંથી માન્ય ઉમેદવાર ૩૫ હતા અને છ ફોર્મ ખેંચાતા ચૂંટણી લડનારા ઉમેદવારો ૨૯ છે.જે તમામ બેઠકોમાં સૌથી વધુ છે.જ્યારે નારણપુરા બેઠકમાં ડમી ફોર્મ સાથે ૧૫ ફોર્મ ભરાયા હતા અને ઉમેદવાર સાત હતા.જેમાંથી એકનું ફોર્મ રિજેક્ટ થયા બાદ માન્ય છ ઉમેદવાર હતા.જેમાંથી એક ઉમેદવારનું ફોર્મ પાછુ ખેંચાતા ચૂંટણી લડનારા માત્ર પાંચ જ ઉમેદવાર છે. જે તમામ બેઠકોમાં સૌથી ઓછા છે.મહત્વનું છે કે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ જે બેઠકમાંથી ચૂંટણી લડી રહ્યા છે તે ઘાટલોડીયા બેઠકમાં કોંગ્રેસ અને આપ ઉમેદવાર સહિત તેઓની સામે આઠ ઉમેદવાર મેદાને છે.

**કઈ બેઠક માટે કેટલા ઉમેદવાર...**

| બેઠક | ઉમેદવાર |
|---|---|
| ઘાટલોડિયા | ૦૯ |
| વેજલપુર | ૧૫ |
| વટવા | ૧૪ |
| એલિસબ્રિજ | ૦૯ |
| નારણપુરા | ૦૫ |
| નિકોલ | ૧૨ |
| નરોડા | ૧૭ |
| ઠક્કરબાપાનગર | ૦૯ |
| બાપુનગર | ૨૯ |
| અમરાઈવાડી | ૧૭ |
| રિયાપુર | ૦૭ |
| જમાલપુર-ખાડીયા | ૦૮ |
| મણિનગર | ૦૯ |
| દાણીલીમડા | ૧૨ |
| સાબરમતી | ૦૯ |
| અસારવા | ૦૭ |
| દસ્ક્રોઈ | ૦૬ |
| ધોળકા | ૧૫ |
| ધંધુકા | ૧૧ |
| વિરમગામ | ૧૪ |
| સાણંદ | ૧૫ |
| કુલ | ૨૪૯ |

## અમદાવાદ: સરખેજની કંપનીમાંથી રૂ.12 લાખ ભરેલી તિજોરીની ચોરી

ગુજરાત | વંદન

સરખેજમાં આવેલી મમતા એન્ટરપ્રાઈઝ નામની કંપનીના ગોડાઉનમાંથી તસ્કરો રૂ.12 લાખ ભરેલી તિજોરીની ચોરી કરીને લઈ ગયા છે. ગોડાઉનમાં ત્રાટકેલા તસ્કરોએ ગોડાઉનમાં આવેલા સીસીટીવી કેમેરાના વાયર અને એલસીડી તોડી નાખી સીસીટીવી કેમેરાનું ડીવીઆર પણ લઈ ગયા હતા. આ બનાવ અંગે સરખેજ પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

સરખેજમાં આવેલી મમતા એન્ટરપ્રાઈઝમાં હબ મેનેજર તરીકે નોકરી છેલ્લા છ મહિનાથી પ્રશાંત પટેલ નોકરી કરે છે. ગોડાઉનની



એક ચાવી તેમની પાસે અને બીજી ચાવી સુપરવાઈઝર ભરત જાદવ પાસે રહે છે. કંપની જિયો માર્ટમાં ડિલિવરીનું કામ કરે છે.

જિયો માર્ટના ગોડાઉનમાંથી હોલસેલ કરિયાણાનો સામાન લઈ અમદાવાદ, ધોળકા, બાવળા તથા સાણંદ ખાતે ડિલિવરી આપવાનું કામ કરે છે. વેપારી પાસેથી આવેલા રોકડા રૂપિયા ગોડાઉનમાં રાખેલી તિજોરીમાં રાખવામાં આવે છે અને બીજા દિવસે બેંકમાં જમા કરાવવામાં આવે છે. 20 નવેમ્બરે સાંજે ભરત જાદવ ગોડાઉન બંધ કરીને ઘરે ગયા હતા, જે અંગેનો તેમણે મેસેજ પણ કર્યો હતો. 21મી નવેમ્બરે સવારે 6 વાગે પ્રશાંત પટેલ ગોડાઉન પર ગયા ત્યારે ગોડાઉનનું શટર અડધું ખુલ્લું હતું અને શટરને મારેલા બંને તાળાં ન હતાં. તેમણે ગોડાઉનમાં જઈને જોયું તો રૂ.12 લાખ મૂકેલી તિજોરી અને સીસીટીવી કેમેરાનું ડીવીઆર પણ નહોતું. સીસીટીવી કેમેરાના વાયરો અને એલસીડી પણ તોડી નાખવામાં આવ્યાં હતાં. આથી તેમણે કંટ્રોલ રૂમમાં ફોન કરતા પોલીસ આવી ગઈ હતી.

## શહેરના દૂધેશ્વર-શાહપુરની શાળાઓને આધુનિક બનાવાશે

ગુજરાત | વંદન

દરિયાપુર વિસ્તારના કોંગ્રેસના ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખ કે જેઓ છેલ્લા 15 વર્ષથી જનતાની સેવા કરી રહ્યા છે, તેમણે આરોગ્યની સાથે-સાથે શિક્ષણ પર વિશેષ ભાર મૂક્યો છે. તેનું પરિણામ છે કે તેમની રૂ. 50 લાખની ગ્રાન્ટથી કાલુપુર અને દરિયાપુરની સાર્વજનિક શાળાઓને અત્યાધુનિક સુવિધાઓ પૂરી પાડવામાં આવી છે.

હવે તેમણે 'મેરા દરિયાપુર શિક્ષિત દરિયાપુર'નું નારા બુલંદ કર્યો છે. આ અંતર્ગત શાહપુર અને દૂધેશ્વરની સાર્વજનિક શાળાઓમાં અત્યાધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. ગિયાસુદ્દીન શેખે જણાવ્યું કે આગળ અને



પ્રગતિનો માર્ગ શિક્ષણ છે.

તેમણે એમ પણ કહ્યું કે જો લોકો શિક્ષિત હશે તો તેઓ પોતે જ તેમની પ્રગતિનો માર્ગ મોકળો કરશે. તેથી જ શિક્ષણ જરૂરી છે. ઉલ્લેખનીય છે કે, ગ્યાસુદ્દીન શેખે આરોગ્ય સુવિધાઓ પર વિશેષ ભાર મૂક્યો હતો. તેમની જ પરિણામ છે કે આજે મા વાત્સલ્ય કાર્ડની સુવિધા લોકોને ઉપલબ્ધ છે.

## 26 નવેમ્બરે અમદાવાદમાં જાહેર સભાને સંબોધશે કોંગ્રેસ અધ્યક્ષ ખડગે

ગુજરાત | વંદન

ગુજરાત વિધાનસભા માટે મતદાન માટે હવે ગણતરીના દિવસો જ રહ્યા છે એવા સમયમાં દરેક પાર્ટી દ્વારા રાજ્યમાં અત્યારે પ્રચાર અભિયાન ચાલી રહ્યું છે. પીએમ નરેન્દ્ર મોદી, કેજરીવાલ અને રાહુલ ગાંધી સભાઓને સંબોધિત કરી રહ્યા છે. એવામાં હાલમાં જ કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે પણ ગુજરાતમાં આવી રહ્યા છે. ખડગે 26 અને 28



નવેમ્બરે ગુજરાતમાં ચૂંટણી પ્રચાર કરવાના છે.

મળતી માહિતી મુજબ મલ્લિકાર્જુન ખડગે કોંગ્રેસ અધ્યક્ષ 26 નવેમ્બરે અમદાવાદમાં જાહેર સભાને સંબોધશે અને બીજા દિવસે પ્રેસ કોન્ફરન્સ પણ કરી શકે છે. જ્યારે મલ્લિકાર્જુન ખડગે 28 નવેમ્બરે ગાંધીનગર નજીક જાહેર સભાને સંબોધશે. જ્યારે કોંગ્રેસ અધ્યક્ષ 27 નવેમ્બરે મધ્યપ્રદેશના ઈન્દોરમાં 'ભારત જોડો યાત્રા'માં હાજરી આપશે અને એક સભાને સંબોધશે. બીજી તરફ અધ્યક્ષ બન્યા બાદ પ્રથમ વખત ખડગે સોમવારે પાર્ટી મુખ્યાલયમાં કાર્યકર્તાઓને મળ્યા હતા.પાર્ટીના કાર્યકર્તાઓ સવારથી જ ખડગેને મળવા માટે કતારમાં ઉભા હતા. તેમણે ગત 26 ઓક્ટોબરે કોંગ્રેસ અધ્યક્ષ પદ સંભાળ્યું હતું.

## તસ્વીર સમાચાર

(તસ્વીરો- મૌર્ય ભાગ્યવાન)



**ચૂંટણીઓ આવી છતાં હજુ ખાડા પુરાણ:** વિધાનસભાની ચૂંટણીઓમાં મતદારો ઉમેદવારો સમક્ષ વિવિધ રજૂઆતો કરતા હોય છે. શહેરના બહેરામપુરના ગોતમનગર ચારરસ્તા પાસે હજુ પણ ખાડા પુરાણનું કામ ચાલે છે.



**ગાબડાં:** એક સમય કોટ વિસ્તારમાં વસનાર અમદાવાદ આજે વિસ્તૃત થયુ છે. શહરે ફરતે બનાવેલ કોટ- પ્રાચીન દીવાલમાં ઠેર-ઠેર ગાબડાં પડી ગયા છે, જેને હજુ સુધી રિપેર કરવામાં આવ્યા નથી અને અવર-જવરનો રસ્તો બની ગયો છે.



**ચાલો યોગ કરીએ:** શિયાળાની શરૂઆત થઈ ગઈ છે. અમદાવાદમાં બગીચાઓમાં સ્થાનિક નાગરીકો તન-મનની તંદુરસ્તી અને ફિટનેસ માટે યોગા સહિત ધ્યાન પણ કરી રહ્યા છે. તસ્વીરમાં પરિમલ ગાર્ડનમાં કેટલીક મહિલાઓ અંગ કસરત કરતા નજરે પડે છે.



**હેરિટેજ:** અગાઉ અમદાવાદમાં લોકસભા- વિધાનસભા વગેરે ચૂંટણીઓ દરમિયાન કેવા-કેવા દ્રશ્યો જોવા મળતા હતા તેની તસ્વીરી ગાથા કહેતુ એક પ્રદર્શન, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હેરિટેજ બિલ્ડીંગમાં 30 તારીખ સુધી ખુલ્લું રહેશે.

### ગુજરાત ચૂંટણી

# NRI કરશે પ્રચાર, મતદાન કરવા USથી આવશે 1 લાખ ગુજરાતીઓ




ગુજરાત | વંદન

ગુજરાત વિધાનસભામાં ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે. ચૂંટણીમાં કોણ-કોની સામે ટકરાશે તે પત્તા પણ ખુલી ગયા છે. રાજકીય પાર્ટીઓ, આગેવાનો અને કાર્યકરો ચૂંટણી પ્રચારમાં લાગી ગયા છે. ચૂંટણીમાં જીતની રણનીતિમાં માહેર અને એક-એક વોટનું મહત્વ જાણતી ભાજપની નેતાગીરીએ એનઆરઆઈ વોટ માટે પણ આયોજનબદ્ધ કવાયત હાથ ધરી છે. વિદેશમાં ભાજપ વિચારધારાનો વિસ્તાર અને સમર્થન કરતું ઓવરસીસ ફ્રેન્ડસ ઓફ બીજેપી સંગઠન કાર્યરત છે. આ સંગઠનના સભ્યો અને સમર્થકો દ્વારા હાલ ગુજરાત વિધાનસભા ચૂંટણી માટે ગુજરાત આવી રહ્યા છે. વળી આ ચૂંટણી ડિસેમ્બરમાં થવાની હોવાથી અમેરિકાથી આશરે 1 લાખથી વધુ વોટર્સ ભારત મતદાન કરવા આવવાના હોવાના અહેવાલ છે.

### શું કરે છે અમેરિકામાં વસતાં ગુજરાતી ઉદ્યોગકાર?

અમેરિકાના લોસ એન્જલસના અગ્રણી ઉદ્યોગકાર અને લેબોન હોસ્પિટલિટી ગૃપના ચેરમેન યોગી પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતની આ ચૂંટણીમાં તેઓ અને તેમના ગૃપના સભ્યો દક્ષિણ ગુજરાત અને ચરોતર પ્રદેશમાં પ્રચાર અર્થે આવવાના છે. તેમણે જણાવ્યું હતું કે, નરેન્દ્રભાઈ મોદીના પ્રધાનમંત્રી બન્યા બાદ વિદેશમાં ભારતીય અને ખાસ કરીને ગુજરાતીજનોનો પ્રભાવ ખૂબ વધ્યો છે. વિદેશમાં ભારતીયોનો વેપાર કરવો પણ સરળ બન્યો છે. ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ મજબૂત બની છે. તેમજ વ્યાપાર ઉદ્યોગ સહિત ગ્રામ્ય કક્ષાએ પણ થયેલા વિકાસ અભૂતપૂર્વ જણાઈ રહ્યો છે. અમે 2000થી વધુ લોકો આવતા અઠવાડિયે ગુજરાત પ્રચાર અર્થે આવવાના છે. તેમજ એક લાખથી વધુ ગુજરાતીઓ ચૂંટણી પહેલા પોતાના વતન પહોંચી વોટ કરશે.

### ગુજરાતની ચૂંટણીમાં એનઆરઆઈને પણ રસ

પ્રાપ્ત માહિતી મુજબ, ગુજરાત ચૂંટણીનો માહોલ માત્ર ગુજરાત જ નથી, પરંતુ દેશની સરહદો વટાવી આંતરરાષ્ટ્રીય કક્ષાએ ગાજી રહ્યો છે. દેશના પ્રધાનમંત્રી મોદી અને ગૃહમંત્રી અમિત શાહનું ગૃહરાજ્ય હોઈ રાષ્ટ્રીય અને રાજકીય કક્ષાએ ગુજરાત વિધાનસભાની ચૂંટણી આગવું મહત્વ ધરાવે છે. હવે દેશ-વિદેશમાં ભારતનો અને ભારતની પ્રજાનો વધતો પ્રભાવ એનઆરઆઈ ભારતીયોને પણ સ્થાનિક ચૂંટણીમાં રસ દાખવતા કર્યા છે.

સાપ્તાહિક ગુજરાત વંદન

સંપાદકીય....

# શું વીરનાયકો જુના થાય એટલે તેમનું મહત્ત્વ ઘટી જાય..? કમ સે કમ કોશ્યારી તો એમ જ માને છે..!

દેશના કેટલાક રાજ્યોની સરકાર અને રાજ્યપાલ વચ્ચે ઘર્ષણ ચલી રહ્યું છે. બંગાળ, કેરળ અને દિલ્હીમાં સતત એવા ઘર્ષણના સમાચારો આવતા હોય છે. મહારાષ્ટ્રના રાજ્યપાલ ભગતસિંહ કોશ્યારી થોડાક સમય પહેલા એમ કહીને વિવાદમાં આવ્યાં હતા કે મુંબઇ અને મહારાષ્ટ્રનું અસ્તિત્વ ગુજરાતી અને મારવાડીઓના કારણે છે અને જો આ બે- ગુજરાતીઓ અને મારવાડીઓ- જતાં રહે તો મુંબઇ અને મહારાષ્ટ્ર પાસે કાંઇ જ નહીં બચે. સ્વાભાવિક છે કે મરાઠી માનૂસને ન ગમે. માત્ર મરાઠી માનૂસને જ નહીં પરંતુ જે રાજ્ય કે શહેર માટે કોઇપણ એવુ બોલ્યાં હોય તો ન ગમે. આખરે રાજ્યપાલે માફી માંગતા મામલો શાંત પડ્યો અને હવે એ જ રાજ્યપાલે વળી નવો પલિતો ચાંપ્યો છે. રાજ્યપાલ કોશ્યારી મૂળ ભાજપના છે અને શરદ પવાર તથા નિતિન ગડકરીના પ્રેમી હોય તેમ જાહેરમાં એમ કહ્યું કે મહારાષ્ટ્રમાં હવે છત્રપતિ શિવાજી મહારાજ જુના થઇ ગયા...પવાર અને ગડકરી હવે નવા હીરો છે...નવા આદર્શ છે....! તેઓ મરાઠાવાડ યુનિ.ના એક કાર્યક્રમમાં બોલી રહ્યાં હતા. છત્રપતિ શિવાજી મહારાજ હવે જુના થઇ ગયા એમ કહેવુ તે માત્ર શિવાજી મહારાજનું જ નહીં પરંતુ સમગ્ર મરાઠા સમાજ અને જેમણે જેમણે દેશ માટે બલિદાનો આપ્યાં તેમનુ અપમાન છે. કાલે ઉઠીને કોઇ એમ કહેશે કે હવે તો ગાંધીજી, સરદાર પટેલ, ડો. બાબાસાહેબ આંબેડકર અને તેનાથી આગળ જઇને સમ્રાટ અશોક, બુધ્ધ ભગવાન, મહાવીર સ્વામી અને તેથી પણ આગળના સમયમાં ટાઇમ મશીનમાં જઇએ તો 5 હજાર વર્ષ પહેલા થઇ ગયેલા યુગપુરૂષ શ્રીકૃષ્ણ અને ભગવાન શ્રીરામ અંગે એમ કહીએ કે એ તો બધા હવે જુનાપુરાણા થઇ ગયા છે અને એમનુ હવે કોઇ કામ નથી....તો? કેવુ લાગશે..?



બની શકે કે કોશ્યારીને શરદ પવાર અને ગડકરી પ્રત્યે રાજકીય લગાવ હશે પણ તેમને રાજી રાખવા વીરનાયક છત્રપતિ શિવાજી મહારાજને ઉતારી પાડવા એ એક બંધારણીય પદાધિકારી માટે શોભાસ્પદ નથી. સમય જતાં વીરનાયકો કે આરાધ્ય દેવીદેવતાઓનું મહત્વ ઘટી જતું નથી. કોશ્યારીની થીયરી અનુસાર તો પછી મંગલપાંડે પણ જુના થઇ ગયા કહેવાય...!? એક રાજ્યપાલ થઇને તેઓ આમ શા માટે બોલતા હશે...તેની પાછળના કારણો અને તારણો શું હોઇ શકે...એવા સવાલો ના થાય..?

કહેવત છે કે જુનુ એટલુ સોનુ. અંગ્રેજીમાં કહીએ તો ઓલ્ડ ઇઝ ગોલ્ડ. વીરનાયક શિવાજી મહારાજ જેવાનું મહત્વ સમય જતાં ઘટતુ નથી. કોઇનું પણ મહત્વ ઘટતુ નથી. મહારાષ્ટ્રના આધુનિક ઇતિહાસમાં રાજ્યપાલ તરીકે કોશ્યારીનું નામ પણ લખાઇ ગયું છે. તો સમય જતાં તેઓ પણ જુના થઇ જશે...?!



કેન્દ્ર સરકારે મહામહિમ રાજ્યપાલ કોઇ મોટો વિવાદ સર્જે તે પહેલાં તેમને સન્માનભેર પદ પરથી દૂર કરીને આરામ કરવા કહી દેવુ જોઇએ. આમ તો એક રીતે જોઇએ તો રાજ્યપાલપદ આરામ માટેનું જ હોય છે. રાજકીય પક્ષમાં સારી કામગીરી કરી હોય એટલે તેને શિરપાવ આપવા કોઇ રાજ્યના રાજ્યપાલપદે નિમણુંક આપી દેવાની એક પરંપરા તમામ રાજકીય પક્ષોમાં રહેલી છે. કોશ્યારી હવે શાંતિથી રાજભવનમાં રહે તેમ મહારાષ્ટ્રની શિંદે સરકાર મનમાં વિચારી રહી હશે.. મહામહિમજી, નવા વિવાદ માટે પણ માફી માંગીને વાતને વાળી લેવાય, એમાં કાંઇ ખોટુ નથી.

ધર્મ

# કેવી રીતે કરવી જોઇએ પૂજા, બેસીને કે ઉભા રહીને? આ છે સાચી રીત...

સનાતન હિન્દૂ ધર્મમાં પૂજા-પાઠનું વિશેષ મહત્વ હોય છે, પરંતુ પૂજા પાઠ કરતી સમયે એના નિયમો ધ્યાનમાં રાખવા જોઈએ. ત્યારે પૂજા સંપૂર્ણ માનવામાં આવે છે. જાણ્યા-અજાણ્યામાં લોકોમાં લોકો પૂજા દરમિયાન ઘણા પ્રકારની ભૂલો કરો છે, જેના કારણે પૂજાનું ફળ મળી શકતું નથી અને પૂજા અધૂરી રહી જાય છે. જો તમે ખોટી વિધિ અને નિયમો સાથે પૂજા કરે છે તો આ દુર્ભાગ્યનું કારણ બની શકે છે, પૂજા માટે જરૂરી આ વાતોનું ધ્યાન રાખો. દિલ્હી માટે આચાર્ય ગુરમીત સિંહજી પાસે પૂજા કરવાની સંપૂર્ણ વિધિ અંગે. સાથે જ આચાર્યજી પાસે જાણીએ પૂજા ઉભા થઇને કરવી કે બેસીને.

## પૂજા કરતી વખતે આ વાતોનું ધ્યાન રાખો

રાણિક શાસ્ત્રો અનુસાર ઉભા રહીને પૂજા કરવી યોગ્ય નથી માનવામાં આવતી. આ રીતે પૂજા કરવાથી કોઈ ફળ મળતું નથી. ઘરમાં પૂજા કરતી વખતે ઊભા રહીને પૂજા ન કરો અને ન તો સીધા જમીન પર બેસીને પૂજા કરો. પૂજા કરતા પહેલા હંમેશા આસન ફેલાવો અને આસન પર બેસીને જ પૂજા કરો.

આ સાથે માથું ઢાંક્યા વગર પૂજા ન કરવી જોઈએ. સ્ત્રી હોય કે પુરુષ, પૂજા કરતી વખતે માથું હમેશા ટુપટ્ટા કે રૂમાલથી ઢાંકવું જોઈએ. એવું માનવામાં આવે છે કે માથું ઢાંક્યા વિના પૂજા કરવાથી તમામ લાભ અને પુણ્ય આકાશમાં જાય છે.

માન્યતાઓ અનુસાર, આપણે જ્યાં પૂજા કરી રહ્યા છે તે સ્થાનનો ફ્લોર મંદિરના ફ્લોરથી ઉપર ન હોવો જોઈએ. પૂજા એ એક એવી વ્યવસ્થા છે, જે આપણને થોડા સમય માટે આ દુન્યવી ભ્રમણામાંથી દૂર કરે છે અને આપણને એક આધ્યાત્મિક દુનિયામાં લાવે છે, જ્યાં આપણે શાંતિ, સંવાદિતા અને શુદ્ધતા અનુભવીએ છીએ. આવી સ્થિતિમાં પૂજા કરતી વખતે નિયમો અને પવિત્રતાનું ધ્યાન રાખો.

વાલીઓ બાળકોને કાનમાં લગાવીને સાંભળવાના ઉપકરણોનો ઉપયોગ કરતાં અટકાવે

# ઇયરફોન અને હેડફોનથી સાવધાન

## 100 કરોડ યુવાઓને બહેરા કરી શકે છે...!

## ધ્વનિને નિયંત્રિત રાખે એવા ઉપકરણો બનાવવા કંપનીઓ અને સરકારોને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશનની સલાહ

સાપ્તાહિક ગુજરાત વંદન



હાલતાં-ચાલતા, વાહન ચલાવતા કે ટ્રેન-બસમાં બેઠા બેઠા કાનમાં ઈયરફોન લગાવીને ઠેર ઠેર જોવા મળે છે. પણ વાસ્તવામાં કાનમાં સતત ઈયરફોન કે હેડફોનથી સાંભળવાની શક્તિ પર અવળી અસર થઇ રહી છે અને અક અંદાજ પ્રમાણે, વિશ્વભરના એક અબજથી વધુ એટલે કે 100 કરોડ આવા યુવાઓમાં સાંભળવાની તકલીફ એટલે કે કાનમાં બહેરાશ આવવાનું જોખમ તોળાઇ રહ્યું છે...! સંશોધન બાદ વૈજ્ઞાનિકોએ આ માટે હેડફોનનો વધુ પડતો ઉપયોગ અને લાઉડ મ્યુઝિક કોન્સર્ટને જવાબદાર ગણાવ્યું છે.

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના નેતૃત્વમાં કરવામાં આવેલા આ સંશોધન બાદ યુવાનોને તેમની સાંભળવાની આદતો અંગે વધુ સાવચેત રહેવા માટે કહેવામાં આવ્યું છે. આ સાથે સરકારો અને હેડફોન કે સ્પીકર્સ જેવી વસ્તુઓ બનાવતી કંપનીઓને પણ ભવિષ્યમાં સાંભળવાની શક્તિ જાળવવા માટે કામ કરવાની માંગ કરવામાં આવી છે.

BMJ ગ્લોબલ હેલ્થ જર્નલમાં પ્રકાશિત સંશોધન અહેવાલ છેલ્લા બે દાયકામાં અંગ્રેજી, સ્પેનિશ, ફ્રેન્ચ અને રશિયન ભાષાઓમાં પ્રકાશિત થયેલા 33 અભ્યાસોનું વિશ્લેષણ કરીને તૈયાર કરવામાં આવ્યો છે. આ અભ્યાસોમાં 12 થી 34 વર્ષની વય વચ્ચેના 19,000 સહભાગીઓનો સમાવેશ થાય છે. સંશોધનમાં જાણવા મળ્યું છે કે 24 ટકા યુવાનો ખતરનાક સ્તરના અવાજના સંપર્કમાં છે.

આ સ્માર્ટફોન જેવા ઉપકરણો સાથે હેડફોનનો ઉપયોગ, ખતરનાક રીતે મોટા અવાજે સંગીત અથવા અન્ય કંઈપણ સાંભળવાને કારણે છે. આ સિવાય 48 ટકા યુવાનો કે જેઓ મનોરંજન માટે કોન્સર્ટ અથવા નાઈટક્લબમાં જાય છે તેઓ પણ ત્યાંના મોટા સંગીત કે અવાજને કારણે જોખમમાં છે. જો આ બે આંકડાઓને જોડવામાં આવે તો સમગ્ર વિશ્વમાં 670,000 થી 1.35 અબજ યુવા વસ્તી સાંભળવાની શક્તિના જોખમનો સામનો કરી રહી છે.સંશોધન અહેવાલના મુખ્ય લેખક અને દક્ષિણ કેરોલિનામાં મેડકિલ યુનિવર્સિટીના ઓડિયોલોજિસ્ટ લોરેન ડીલાર્ડ કહે છે કે અસરગ્રસ્ત લોકોની શ્રેણી એટલી મોટી છે કારણ કે ઘણા યુવાનો કદાચ આ બંને જોખમો માટે પહેલેથી જ સંવેદનશીલ છે. ન્યૂઝ એજન્સી એએફપી સાથે વાત કરતા, ડિલાર્ડે કહ્યું કે હેડફોનને કારણે સાંભળવાની ખોટના જોખમને ટાળવાનો શ્રેષ્ઠ રસ્તો એ છે કે લોકો તેને ઓછા અવાજે અને ઓછા સમય માટે સાંભળે. ડિલાર્ડે સ્વીકાર્યું, "કમનસીબે, લોકો ખૂબ જ જોરથી સંગીત સાંભળવાનું પસંદ કરે છે."



ડિલાર્ડ સલાહ આપે છે કે હેડફોન વપરાશકર્તાઓએ સ્માર્ટફોન પર સેટિંગ્સ અથવા એપ્લિકેશનનો ઉપયોગ કરીને વોલ્યુમ સ્તરનું નિરીક્ષણ કરવું જોઈએ. ઘોંઘાટને દબાવી દેનાર ખાસ પ્રકારના હેડફોન મોટેથી વાગતા વાતાવરણમાં મદદ કરી શકે છે. આ હેડફોન્સ બેકગ્રાઉન્ડમાંથી આવતા અવાજમાં સંગીતના અવાજને દબાવવાથી અટકાવે છે. તે એમ પણ કહે છે કે લોકોએ કોન્સર્ટ અથવા નાઈટક્લબમાં ખૂબ જ મોટેથી સંગીત સાથે ઈયરપ્લગનો ઉપયોગ કરવો જોઈએ. ડિલાર્ડે કહ્યું, "તે મજાની વાત હોઈ શકે, પરંતુ સ્પીકરની સામે બેસવું લાંબા ગાળાના સ્વાસ્થ્ય માટે સારું નથી. આ બધી આદતો અને સંપર્કો તમને જીવનભર અસર કરી શકે છે, અને જ્યારે તમે 67 વર્ષના થશો, ત્યારે તે તમને અસર કરશે. તમારી મોટી અસર થઈ શકે છે.

ડિલાર્ડે સરકારોને વિનંતી કરી છે કે તેઓ સુરક્ષિત સાંભળવા અંગે WHO ની માર્ગદર્શિકાને અનુસરે. આમાં જ્યાં સંગીત વગાડવામાં આવે છે અને સંગીતના સ્તર પર પણ નજર રાખવી જોઈએ. તેણે ફોન જેવા ઉપકરણો બનાવતી કંપનીઓ પાસે માંગણી કરી છે કે જો અવાજ ખૂબ મોટો હોય તો સાંભળનારાઓને ચેતવણી આપે. આ સાથે, વાલીઓ તેમના બાળકોના વાજિંત્રો ઊંચા અવાજે વગાડતા અટકાવે તેવી વ્યવસ્થા કરવી જોઈએ.

આ સંશોધનની મર્યાદા વિશે વાત કરીએ તો, વિવિધ અભ્યાસોમાં વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે અને ઓછી આવક ધરાવતા દેશોમાં કોઈ સંશોધન કરવામાં આવ્યું નથી. લંડનની ક્વીન મેરી યુનિવર્સિટીના અવાજ અને આરોગ્યના નિષ્ણાત સ્ટીફન સ્ટેન્સફેલ્ડ કહે છે કે આ દર્શાવે છે કે "વસ્તીમાં બહેરાશનું જોખમ ગંભીર અને નોંધપાત્ર છે." અલબત સ્ટેન્સફેલ્ડ આ સંશોધનમાં સામેલ ન હતા.

WHO અનુસાર, વિશ્વભરમાં લગભગ 430 મિલિયન લોકો એટલે કે કુલ વસ્તીના 5 ટકા લોકોને સાંભળવાની સમસ્યા છે. એવો અંદાજ છે કે 2050 સુધીમાં આ સંખ્યા 700 મિલિયન લોકો સુધી પહોંચી શકે છે.

પુસ્તક પરિચય



▪ રિપલકુમાર પરીખ

# ઉમદા વિચારોની પ્રેરણા: ચિંતન

સાપ્તાહિક ગુજરાત વંદન

છું 'શૂન્ય' એ ન ભૂલ ઓ અસ્તિત્વના પ્રભુ!
તું તો હશે કે કેમ, પણ હું તો જરૂર છું.
- શૂન્ય પાલનપુરી

'ભગવાનને' શૂન્ય પાલનપુરી ખુમારીથી કહી શકે છે કે ભગવાન! તું છે કે નહીં તેની તો ખબર નથી, પરંતુ હું તો છું! આજે સ્થૂળ દેહથી શૂન્ય પાલનપુરી નથી. પરંતુ એમનો શબ્દદેહ અમર છે. એમની વાતને ઊંડાણથી જોઈએ તો એ સ્પષ્ટ થાય છે કે 'શૂન્ય' બનશો, તો અસ્તિત્વના અનુભવનો ખ્યાલ આવશે. જ્યારે મનમાંથી બધું જ નીકળી ગયું હોય - પૂર્વગ્રહો અને માન્યતાઓ, રાગ અને દ્વેષ - ત્યારે 'શૂન્ય' થઈ શકાય.'

આવો ' શૂન્ય' સુધી પહોંચવાનો રસ્તો કયો? જીવનમાં ડગલેને પગલે આવતી તકલીફો કે પછી જીવનમાં ઘટતી કોઈ અણગમતી ઘટનાઓ પછી ક્યારેક મન ઉદાસ થઈ જાય છે, તે સમયે શું કરવું જોઈએ? ભૌતિકવાદના આ યુગમાં મનમાં મૂંઝવતા સવાલોનો જવાબ ક્યાંથી મળશે? જીવનમાં આવતી કટોકટીની પળોમાં જોશ અને ઉત્સાહ ભરતું એક સરસ ચિંતનાત્મક પુસ્તક એટલે ' ચિંતન'.

'ચિંતન' પુસ્તકમાં લેખક શ્રી શરદભાઈ શાહનાં ચિંતનાત્મક લેખો પ્રકાશિત થયાં છે, જે પાટણથી પ્રસિદ્ધ થતાં ' હમલોગ' દૈનિકમાં પ્રકાશિત થયેલાં છે. વ્યવસાયે વકીલ તથા લૉ કોલેજમાં અધ્યાપક અને આચાર્ય તથા ઉત્તર ગુજરાત યુનિવર્સીટીનાં લૉ ફેકલ્ટીના ડીન તરીકે પણ સેવાઓ આપનાર, સમાજસેવી તથા ભુતપૂર્વ રોટરી ક્લબના પ્રમુખ શ્રી શરદભાઈ શાહ વાંચનનો અદ્ભુત શોખ ધરાવે છે. તેમણે કાયદા અંગેનાં પણ વિવિધ પુસ્તકો લખ્યાં છે.

પ્રા. રાજન કડિયા આ પુસ્તકને પોતાની શુભેચ્છા પાઠવતાં લખે છે, ' વાંચતા હશે ઘણાં, પણ એમાંથી તત્વ સારવનારા કેટલા? કદાચ થોડાક એવા જ્ઞાનગરજુ હોય, તો પણ એને વાગોળનારા કેટલા? એમાંથી ઝરતા ચિંતન-રસને સરળ-સુબોધ ભાષામાં ઝીલનાર કેટલા? આમ તો જીવનની પ્રત્યેક ક્ષણમાં આનંદ છુપાયેલો છે. તેને શોધતાં આવડવું જોઈએ. શ્રી શરદભાઈ આવા વિરલ વ્યક્તિઓમાંના એક છે. એમણે સંગોપિત આનંદને શોધી, એમાંથી સારવેલો અર્ક 'ચિંતન' દ્વારા આપણી સામે ધર્યો છે. ક્યારેક વિચાર-પ્રવાહથી વેગળા ફંટાઈ, એમાંના ગર્ભિતાર્થને સહજ ભાવે રજૂ કરી, પુનઃ મૂળ વિચાર સાથે એનો અદ્લ તાળો મેળવી આપ્યો છે. શ્રી શરદભાઈને શાંત જળમાં કાંકરી નાખી, વિસ્તરતા જતા વર્તુળને માણવાના ઓરતા છે. એમણે આપણને પણ એ સમરસતામાં રસી નાખ્યા છે.'

હાલમાં આ પુસ્તકની ત્રીજી આવૃત્તિ પ્રસિદ્ધ થયેલ છે. આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ વાંચ્યા બાદ ખ્યાતનામ સાહિત્યિકારોએ આ પુસ્તકને ઉમળકાભેર વધાવી લીધું હતું. ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્યકાર શ્રી રમણલાલ સોની લખે છે, ' ' ચિંતન' પુસ્તક મળતાં આનંદ થયો. કકડે કકડે તે સંપૂર્ણ વાંચી ગયો છું ને તેથી ખુશ થયો છું. ચિંતનમાં તમે તમારા અંગત અનુભવોનું બયાન પણ સરળ પ્રકારે આપ્યું છે. ખૂબ ઉપયોગી થાય તેવું પુસ્તક છે. ' જાણીતા હાસ્યલેખક શ્રી વિનોદ ભટ્ટે પણ આ પુસ્તક વાંચ્યા બાદ લખ્યું હતું, ' ' ચિંતન' પુસ્તિકા હું ખૂબ જ રસપૂર્વક વાંચી ગયો. મને તે




ચેરિટેબલ ટ્રસ્ટને આપવાનો સંકલ્પ કર્યો છે. આવું સત્વશીલ પુસ્તક દરેક ભાવકને ચોક્કસ પણે ગમશે, તેવું હું દ્રઢપણે માનું છું.

કિંમત : ૨૦૦/-

# અમેરિકન ચલચિત્રનો ઇતિહાસ : 1889માં પ્રથમ સેલ્યુલોઇડની ફિલ્મ તૈયાર થઇ

સાપ્તાહિક ગુજરાત વંદન

1889માં જ્યૉર્જ ઈસ્ટમૅન તથા હનીબલ ગુડવિનના સંયુક્ત પ્રયત્નોને પરિણામે પ્રથમ સેલ્યુલૉઇડની ફિલ્મ તૈયાર થઈ. 1 ફેબ્રુઆરી 1893ના રોજ વેસ્ટ ઑરેન્જમાં ટૉમસ એડિસને બ્લૅક મારિયા ફિલ્મનિર્માણગૃહ (સ્ટુડિયો) તૈયાર કર્યું, જે જગતનું પ્રથમ ફિલ્મ નિર્માણગૃહ હતું. તેમાં શરૂઆતમાં નાની ફિલ્મ તૈયાર થવા લાગી. 1896થી વિટાસ્કોપની સહાય વડે અમેરિકામાં અનેક સ્થળે નાની ફિલ્મો પ્રદર્શિત થવા લાગી હતી.

વીસમી સદીની શરૂઆતમાં ફિલ્મનાં વિવિધ અંગોપાંગો વિશે અનેક પ્રયોગો થવા માંડ્યા. એડવિન એસ. પૉર્ટર દિગ્દર્શિત 'ધ ગ્રેટ ટ્રેન રૉબરી' એ પહેલી લાંબી પૂર્ણ કથા નિરૂપતી ફિલ્મ 1903માં પ્રદર્શિત થઈ. એ ફિલ્મમાં નિકટ છાયાચિત્રણ (close-up) પહેલી વાર પ્રેક્ષકો સમક્ષ રજૂ થયું; પણ એ તરકીબના પ્રભાવશાળી પ્રયોગ રૂપે તો ડેવિડ ગ્રિફિથે 'રામોના' (1905); 'આફ્ટર મૅની ઈયર્સ' (1908); 'ફૉર લવ ઑફ ગોલ્ડ' અને 'ધ બર્થ ઑફ નેશન' (1915) વગેરે ચિત્રોમાં એમના તકનીકકૌશલનો પરિચય આપ્યો. ગ્રિફિથે કૉન્સ્ટન્સ ટેલવિઝ તથા મેરી પ્રિકફર્ડ જેવી અભિનેત્રીઓની અભિનયશક્તિનો પરિચય કરાવ્યો હતો..

1913માં એક જગતપ્રસિદ્ધ સિનેતારકનો ઉદય થયો. એ હતો ચાર્લી ચૅપ્લિન. ગ્રિફિથે મેરી પ્રિક્ફર્ડ, ચાર્લી ચૅપ્લિન, ડગલાસ ફેરબક્સ વગેરે કલાકારોના સહકારથી 'યુનાઈટેડ આર્ટિસ્ટ્સ' - એ ફિલ્મ-સંસ્થા સ્થાપી અને એના દ્વારા ઉત્તમ




ચલચિત્રોનું નિર્માણ કર્યું. 1906માં જી. એ. સ્મિથે પ્રથમ રંગીન ચલચિત્ર રજૂ કર્યું. 1971માં 'ધ ગલ્ફ બિટ્વીન' એ પ્રથમ બહુરંગી ચલચિત્ર તૈયાર થયું હતું.

અમેરિકામાં 1927 સુધી મૂંગી ફિલ્મો હતી. એ વર્ષમાં 'ધ ઝાઝ સિંગર' એ પ્રથમ બોલપટ તૈયાર થયું. અને ત્યારથી ફિલ્મઉદ્યોગની પ્રગતિનો એક નવો તબક્કો શરૂ થયો. એ બોલપટના નિર્માતા વૉર્નર બ્રધર્સ હતા. એ સમયે વૉલ્ટ ડિઝનીએ 'સ્નોવ્હાઈટ ઍન્ડ સેવન ડ્વાફ્સ' નામનું લાંબું વ્યંગચિત્ર તૈયાર કર્યું, જે ફિલ્મઉદ્યોગના વિકાસનું મહત્વનું સોપાન બન્યું. ગ્રિફિથ પછી અમેરિકન ચિત્રપટમાં સતત પ્રયોગશીલ રહી, ઉત્કૃષ્ટ પ્રકારની ફિલ્મો બનાવનારા આલ્ફ્રેડ હિચકૉક અને ડેવિડ લીન હતા.

બીજા વિશ્વયુદ્ધ પછી પણ ચલચિત્રની દિશામાં સફળ પ્રયોગો થતા રહ્યા, જેમાં એક પ્રયોગ ત્રિપરિમાણી ચિત્રનો છે. 1952માં 'બ્વાના ડેવિલ' ત્રિપરિમાણી ચલચિત્ર તૈયાર થયું. એ પદ્ધતિને નૈસર્ગિક દૃશ્ય (natural vision) એવું નામ અપાયું છે. પૅરેમાઉન્ટ ફિલ્મ સંસ્થાએ 'પૅરાવિઝન' પદ્ધતિ શોધી કાઢી, પણ એથી પ્રેક્ષકોની આંખ પર વિપરીત અસર થઈ અને એમાં પ્રગતિ થઈ શકી નહિ; પણ ત્યાંથી વિશાળ પડદા-પ્રક્રિયા(wide screen process) એ મૂળ નાખ્યાં. 1953માં 'રૉબ' એ પ્રથમ સિનેમાસ્કોપ ચિત્રપટ તૈયાર થયું. તે પછી 'વિસ્ટાવિઝન', 'પૉરેફિરલ વિઝન', 'વેરિયોસ્કોપ' જેવી તકનીકનું નિર્માણ થયું.

અમેરિકન ચિત્રોમાં જે અભિનયકારોએ પોતાની ઉત્તમ અદાકારીથી વિશ્વમાં પ્રતિષ્ઠા મેળવી તેમાં હતા : રેમન નૉવેરો, ડગલાસ ફેરબક્સ, ચાર્લી ચૅપ્લિન, ક્લાર્ક ગેબલ, મેરી કૂપર, પૉલ મુનિ, રોનાલ્ડ કૉલમૅન, સ્પેન્સર ટ્રેસી, કેરી ગ્રૅન્ટ, ગ્રેગરી પૅક, માર્લન બ્રૅન્ડો; અભિનેત્રીઓમાં ગ્રેટા ગારબો, માર્લિન ડેટ્રિચ, ગ્રિય ગાર્સન, બેટી ડેવિસ, ઑડ્રી હેપબર્ન, મૅરિલિન મન્રો અને એલિઝાબેથ ટેલર. 1948 આસપાસ પૉલ રૉબસન નામના હબસી ગાયકે પોતાના સંગીતથી, તો સિડની પોઇટિયર હબસી અભિનેતાએ અભિનયકૌશલથી અમેરિકન ફિલ્મજગતમાં માનભર્યું સ્થાન પ્રાપ્ત કર્યું. ઐતિહાસિક દૃષ્ટિએ અમેરિકન ચલચિત્રે વિશ્વમાં મહત્વનું સ્થાન પ્રાપ્ત કર્યું છે; પણ નવાં અમેરિકન ચલચિત્રો કથાદૃષ્ટિએ નબળાં હોય છે. માત્ર યાંત્રિક તરકીબોથી એ પ્રેક્ષકોને આંજી નાખનારાં હોય છે એવી ટીકા થતી હોય છે.



1913માં એક જગતપ્રસિદ્ધ સિનેતારકનો ઉદય થયો. એ હતો ચાર્લી ચૅપ્લિન....

Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL Printed at Bhaskar Printing Press, Survey No.148-P, Near Naagdevta Temple, Changodar-Bavla HighWay, Ta.Sanand, Dist. Ahmedabad, Gujarat and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road, Ahmedabad – 380 015 Tel. 079-48987111. Co-Editor PRAVIN GHAMANDE Responsible for Selection of news under PRB Act'.

# સૌરાષ્ટ્રની 48 બેઠકો ઉપર 457 ઉમેદવારો વચ્ચે ખેલાશે કસોકસનો જંગ

ગુજરાત | વંદન

ગુજરાત વિધાનસભાની આગામી તા.1 ડિસેમ્બરે યોજાનારી ચૂંટણીમાં નામાંકન પત્રો પરત ખેંચવાની મુદત ગઈકાલે પૂર્ણ થતા જ સૌરાષ્ટ્રના 11 જિલ્લાની 48 બેઠકોનું ચૂંટણી ચિત્ર સ્પષ્ટ બનેલ છે. આ બેઠકો પર હવે 457 ઉમેદવારો વચ્ચે કસોકસનો ચૂંટણી જંગ ખેલાશે.

સૌરાષ્ટ્રના તમામ જિલ્લાઓના ચૂંટણી અધિકારીઓ દ્વારા નામાંકન પત્ર પરત ખેંચવાની મુદત પૂર્ણ થતા જ હરીફ ઉમેદવારોની યાદી પ્રસિધ્ધ કરી દેવામાં આવી હતી. જેમાં રાજકોટ જિલ્લાની વિધાનસભાની આઠ બેઠકો પર 65 ઉમેદવારો મેદાનમાં રહ્યા છે.

આવી જ રીતે જામનગર જિલ્લાની વિધાનસભાની પાંચ બેઠક પર 28 ઉમેદવારોએ નામાંકનપત્રો પરત ખેંચી લેતા હવે 45 ઉમેદવારો વચ્ચે આરપારનો ચૂંટણી જંગ જામશે તેમાં કાલાવડની બેઠક પર પાંચ, જામનગર ગ્રામ્યની બેઠક પર 6, જામનગર ઉત્તરમાં 11, જામનગર દક્ષિણમાં 14 અને જામજોધપુર વિધાનસભાની બેઠક પર 9 મળી જિલ્લાની કુલ 5 બેઠક પર 45 ઉમેદવારો વચ્ચે જંગ જામશે.

જયારે જુનાગઢની 5 બેઠક પર 39 ગીર સોમનાથ જિલ્લાની 4 બેઠક પર 34 ભાવનગરની 7 બેઠક પર 66, પોરબંદર જિલ્લાની 2 બેઠક પર 24, અમરેલીની 5 બેઠક પર 49, દ્વારકાની 2 બેઠક પર 24, બોટાદ જિલ્લાની બે બેઠક પર 19 અને સુરેન્દ્રનગર જિલ્લાની 5 બેઠક 57 ઉમેદવારો વચ્ચે ચૂંટણીની લડાઈ લડાશે. આ વખતે ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ઉમેદવારો વચ્ચે ત્રિપાંખીયો ચૂંટણી જંગ ખેલાશે. ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થતા જ રાજકીય ગરમાવો આવી ગયો છે.

### વેરાવળ

ગીર સોમનાથ જીલ્લાની ચાર વિધાનસભાની બેઠક ઉપર 41 ઉમેદવારોએ ફોર્મ ભરેલ હતા જેમાં ગઈકાલે પરત ખેચવાના દિવસે 7 ફોર્મ પરત ખેચાતા ચાર સીટ માટે 34 ઉમેદવારો ચુંટણી જંગમાં રહેલ છે. આ વખતની વિધાનસભાની ચુંટણીમાં રાજકીય પક્ષોના ઉમેદવારોનો ખેલ અપક્ષ ઉમેદવારો બગાડી શકે તેવી શક્યતાઓ હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઓ થઈ રહી છે.

ગીર સોમનાથ જીલ્લાની સોમનાથ, તાલાલા, કોડીનાર અને ઉના ચારેય બેઠક ઉપર લડવા માટે કુલ 66 ઉમેદવારી ફોર્મ ભરાયેલ જે તમામ ફોર્મોની ચકાસણી દરમ્યાન 25 જેટલા ફોર્મ અમાન્ય થતા જીલ્લાની ચારેય વિધાનસભાની બેઠકો ઉપર 41 ઉમેદવારોના ફોર્મ માન્ય રહેલ હતા જેમાં ગઈકાલે ફોર્મ પરત ખેચવાના દિને 7 ફોર્મ પરત ખેચાતા 34 ઉમેદવારો રહેલ છે. જિલ્લામાં સૌથી વધુ તાલાલા તથા ઉનામાં 10 - 10 અને સૌથી ઓછા કોડીનારમાં 5 અને સોમનાથમાં 9 ઉમેદવારો ચુંટણી જંગમાં રહેલ છે. ગીર સોમનાથ જીલ્લાની ચાર વિધાનસભાની બેઠકમાં સોમનાથ બેઠક ઉપર 9 ઉમેદવારો ચુંટણી જંગમાં રહેલ છે.

### ગોંડલ

ગોંડલ વિધાનસભા બેઠકમાં પાંચ ઉમેદવારોએ ફોર્મ રજુ કર્યા હતા. ગઈકાલે ફોર્મ પરત ખેંચવાની અંતિમ તારીખે અપક્ષ ઉમેદવાર મુકેશભાઈ માંડણકાએ પોતાનું ફોર્મ પરત ખેચતા હવે ચૂંટણી મેદાનમાં ભાજપના ગીતાબા જાડેજા કોંગ્રેસના યતિષભાઈ દેસાઈ આમ આદમી પાર્ટીના નિમિષાબેન ખુંટ તથા અપક્ષ મુકેશભાઈ વરધાની વચ્ચે જંગ ખેલાશે.

### ઉના

ઊના ગીરગઢડા તાલુકા વિધાનસભા 93 ની ચૂંટણીનું ચિત્ર ગઈકાલે ફોર્મ ખેંચવાના અંતિમ દિવસે સ્પષ્ટ થયું છે. ફોર્મ ખેંચવાના છેલ્લા દિવસે શામજીભાઈ બોધાભાઈ સોલંકીએ પોતાનું ફોર્મ પરંત ખેંચતા ભાજપના ઉમેદવાર કાળુભાઈ ચનાભાઈ રાઠોડ તેમજ કોંગ્રેસનાં ઉમેદવાર પુંજાભાઈ ભીમાભાઈ વંશ અને આપના ઉમેદવાર સેજલબેન ખુંટ વચ્ચે ત્રિકોણીયો જંગ થશે.

આ ઉપરાંત રાઈટ ટુ રીકોલ પાર્ટી ઈશ્વરભાઈ રામભાઈ સોલંકી, ભારતિય રક્ષક પાર્ટી પાચા ભાયા દમણીયા, રાષ્ટ્રીય સમાજ દળના શાંતિલાલ કિડેચા તેમજ 4 અપક્ષના ઉમેદવારો માનસિંહ બાલુભાઈ ગોહીલ, નિલેશભાઈ અનીલભાઈ ખોરાસી, ભાણજીભાઈ ખેતાભાઈ વાળા તેમજ બાલુભાઈ કરશનભાઈ વંશ આ વિધાનસભા ચૂંટણીમાં જંપ લાવેલ છે. ચૂંટણીના માહોલને બનાવવા તમામ પક્ષના નેતાઓ નાના મોટા વિવાદો મતભેદ દુર કરી સમાધાન કરી પોતાનાં ચૂંટણીના કામે લાગી જવાની સાથે જોરશોરથી મતદારોને રીઝવવા પ્રયાસ કરી રહ્યા છે.

### ભાવનગર

ભાવનગર શહેર અને જિલ્લાની 7 વિધાનસભા બેઠક માટે 84 ઉમેદવારોના ફોર્મ માન્ય રહ્યા બાદ ફોર્મ પરત ખેંચવાની મુદત પૂર્ણ થતા બે દિવસમાં કુલ 18 ઉમેદવારોએ તેમની ઉમેદવારી પરત ખેંચતા હવે કુલ 7 બેઠક માટે 66 ઉમેદવારો મેદાનમાં રહ્યા છે.

ભાવનગર શહેર અને જિલ્લાની 7 વિધાનસભા બેઠક માટે આગામી 1 ડિસેમ્બરના રોજ થનાર ચૂંટણી માટે કુલ 66 ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. ઉમેદવારી ફોર્મ પરત ખેચવાના બે દિવસ દરમિયાન કુલ 18 ઉમેદવારોએ તેમની ઉમેદવારી પાછી ખેંચી લીધી હતી. સૌથી વધુ ભાવનગર પશ્ચિમ બેઠક ઉપર 8 ઉમેદવારોએ તેમની ઉમેદવારી પાછી ખેંચી લીધી હતી.

ભાવનગર પૂર્વ વિધાનસભા બેઠકમાં રાજકીય પક્ષો અને અપક્ષ

(અનુસંધાન પેજ નં. 6 પર)

### રાજકોટ જિલ્લાની 8 બેઠકો ઉપર 65 ઉમેદવારો

**રાજકોટ-68માં 8, 69માં 13, 70માં 8, 71માં 11 તેમજ જસદણમાં 6, ગોંડલમાં 4, જેતપુરમાં 8 અને ધોરાજીની બેઠક પર 7 ઉમેદવારો**

રાજકોટ જિલ્લાની વિધાનસભાની આઠ બેઠક પર નામાંકનપત્રો પરત ખેંચવાની મુદત પૂર્ણ થતા જ ચૂંટણી ચિત્ર સ્પષ્ટ બની ગયું છે. આ આઠ બેઠકો પર 65 ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. 68-રાજકોટ પૂર્વ વિધાનસભા મત વિસ્તારમાં કુલ 8 ઉમેદવારો, 69-રાજકોટ પશ્ચિમ વિધાનસભામાં કુલ 13 ઉમેદવારો, 70-રાજકોટ દક્ષિણ વિધાનસભામાં કુલ 8 ઉમેદવારો, 71-રાજકોટ ગ્રામ્ય (અ.જા.) વિધાનસભામાં કુલ 11 ઉમેદવારો અને 72-જસદણ વિધાનસભામાં કુલ 06 ઉમેદવારો 73-ગોંડલ વિધાનસભા મત વિસ્તારમાં કુલ 04 ઉમેદવારો, 74-જેતપુર વિધાનસભા મત વિસ્તારમાં કુલ 8 ઉમેદવારો, 75-ધોરાજી વિધાનસભા મત વિસ્તારમાં કુલ 7 ઉમેદવારો ચૂંટણી મેદાનમાં રહ્યા છે. રાજકોટ જિલ્લાની આઠ વિધાનસભા માટે કુલ જિલ્લામાં 65 ઉમેદવારો ચૂંટણી લડશે એવું અધિક ચૂંટણી અધિકારીએ જણાવેલ છે.

## સાપ્તાહિક રાશિફળ



પંડિત અજય શર્મા

**મેષ** (અ.લ.ઈ)
આ અઠવાડિયે તમને રચનાત્મક અને ધાર્મિક ક્રિયાઓ પ્રત્યે રસ રહેશે. કોઈ મિત્રનો મુશ્કેલીના સમયમાં તેનો સહયોગ કરવાથી તમને આત્મિક સુખ મળી શકે છે. પડકારોનો સ્વીકાર કરવો તમારા મનોબળને વધારશે, સાથે જ સફળતાનો માર્ગ પણ ખોલશે.

**વૃષભ** (બ.વ.ઉ)
આ સપ્તાહે તમારા ખર્ચને સીમિત રાખો કેમ કે આ સમયે આવક કરતા વધારે ખર્ચની સ્થિતિ બની શકે છે. કોઈ નજીકના સંબંધી સાથે કોઈ કારણોસર સંબંધ ખરાબ થઈ શકે છે. સંબંધોની મર્યાદાનું ધ્યાન રાખવું જરૂરી છે. છેલ્લાં થોડા સમયથી બનાવેલી યોજના પણ ફળીભૂત થશે.

**મિથુન** (ક.છ.ઘ)
આ અઠવાડિયે તમારા ખર્ચને સીમિત રાખો કેમ કે આ સમયે આવક કરતા વધારે ખર્ચની સ્થિતિ બની શકે છે. કોઈ નજીકના સંબંધી સાથે કોઈ કારણોસર સંબંધ ખરાબ થઈ શકે છે. સંબંધોની મર્યાદાનું ધ્યાન રાખવું જરૂરી છે. છેલ્લાં થોડા સમયથી બનાવેલી યોજના પણ ફળીભૂત થશે.

**કર્ક** (ડ.હ)
ચાલુ અઠવાડિયે કોઈ મહત્ત્વપૂર્ણ લાભદાયક સૂચના મળી શકે છે. મિત્રો અને જાણકારો સાથે તમારા સંબંધને વધારે મધુર બનાવો. આ સમયે નવી-નવી જાણકારીઓ મળી શકે છે જે ભવિષ્ય માટે લાભદાયી હોય. તમારી આ ખામીઓ ઉપર નિયંત્રણ લાવશો તો સારું પરિવર્તન આવશે.

**સિંહ** (મ.ટ)
આ અઠવાડિયે ઘરના અન્ય સભ્યોની સલાહને ઈગ્નોર ન કરો નહીંતર તમે તમારું જ નુકસાન કરી શકો છો. થોડા વિરોધીઓ ઈર્ષ્યાની ભાવનાથી તમારા વિરૂદ્ધ નકારાત્મક અફવાહ ફેલાવી શકે છે. વ્યવસાયિક પરિસ્થિતિઓ અનુકૂળ રહી શકે છે.

**કન્યા** (પ.ઠ.ણ)
આવતું અઠવાડિયું તમારે ઘરની વ્યવસ્થાને યોગ્ય જાળવી રાખવામાં તથા સુખ-સુવિધાઓ જેવી વસ્તુઓની ખરીદદારીમાં પસાર થશે. ઘરમાં કોઈ નજીકના વ્યક્તિના આવવાથી મોજમસ્તીનું વાતાવરણ રહેશે. આવકના સાધન તો ઘટશે પરંતુ ખર્ચ એકસરખો રહી શકે છે.

**તુલા** (ર.ત)
આ સપ્તાહે જો કોઈ જમીન-જાયદાદને લગતો મામલો ચાલી રહ્યો છે તો સફળતા મળવાના યોગ્ય યોગ બની રહ્યા છે. આ સમયે પ્રકૃતિ તમને ભરપૂર સાથ આપી રહી છે, ગુસ્સા, ઉતાવળ જેવા સ્વભાવ ઉપર નિયંત્રણ રાખો. કોઈ સંબંધી કે પાડોસી સાથે વિવાદ જેવી સ્થિતિ બની શકે છે.

**વૃશ્ચિક** (ન.ય)
આ સપ્તાહે તમને સફળતા મળવાના યોગ્ય યોગ બની રહ્યા છે. આ સમયે પ્રકૃતિ તમને ભરપૂર સાથ આપી રહી છે, આ સફળતાનો સદુપયોગ કરવો તમારી કાર્યક્ષમતા ઉપર નિર્ભર કરી શકે છે. મનમાં થોડી અનહોની જેવી શક્યતાઓનો ભય રહેશે.

**ધન** (ભ.ધ.ફ)
આવનાર સપ્તાહમાં તમારી સમજણથી ખૂબ જ સહજતાથી ઉકેલાઈ જશે. શુભ પરિણામ પણ આશા કરતા વધારે મળી શકે છે. સમય અનુકૂળ રહેશે. બાળકોની સમસ્યાઓને શાંતિથી ઉકેલો. તેમના ઉપર ગુસ્સો કરવાથી તેમની અંદર હીનતાની ભાવના આવી શકે છે.

**મકર** (ખ.જ)
તમારા જીવનમાં છેલ્લાં થોડા સમયથી જે કાર્યોમાં વિઘ્ન આવી રહ્યાં હતાં, આજે તે તમારી સમજણથી ખૂબ જ સહજતાથી ઉકેલાઈ જશે. શુભ પરિણામ પણ આશા કરતા વધારે મળી શકે છે. સમય અનુકૂળ રહેશે. બાળકોની સમસ્યાઓને શાંતિથી ઉકેલો. ગુસ્સો કરવાથી નુકસાન થઈ શકે છે.

**કુંભ** (ગ.સ.શ.ષ)
આવનાર સપ્તાહે બાળકોની સમસ્યાઓને શાંતિથી ઉકેલો. તેમના ઉપર ગુસ્સો કરવાથી તેમની અંદર હીનતાની ભાવના આવી શકે છે. કોઈપણ કામ કરતી સમયે તેના સારા-ખરાબ પાસા અંગે પણ વિચાર કરો. વ્યવસાયિક ગતિવિધિઓ યોગ્ય રીતે ચાલતી રહેશે.

**મીન** (દ.ચ.ઝ)
કોઈ ધાર્મિક સંસ્થા પ્રત્યે તન અને મનથી સહયોગ કરવો તમને સુખ આપી શકે છે. માનસિક સુકૂન પણ મળી શકે છે. યુવાઓ પોતાની મહેનત પ્રમાણે શુભ પરિણામ પ્રાપ્ત કરશે. જો પ્રોપર્ટી ખરીદવાની કોશિશ કરી રહ્યા છો તો દિવસ અનુકૂળ છે. તમારા અહંકાર અને ગુસ્સા ઉપર નિયંત્રણ રાખો. તેના કારણે તમારા અનેક બનતા કાર્યો ખરાબ થઈ શકે છે.

# ચાર ચોપડી પાસ ઠગે નેતાઓને બાટલીમાં ઉતાર્યા રાહુલ ગાંધીનો PA બનીને લાખો રૂપિયા પડાવ્યાં

ગુજરાત | વંદન



વડોદરા- માત્ર ચોથું પાસ એક ઠગે સામાન્ય માણસો નહીં, મોટા નેતાઓને પોતાના શિકાર બનાવ્યા અને તેમની પાસેથી લાખો રુપિયા પડાવ્યા. છેતરપિંડી કરનાર આ વ્યક્તિ પોતાની જ જાળમાં ફસાયો અને આખરે તેની ધરપકડ કરવામાં આવી છે. મૂળ પંજાબનો રહેવાતી રજત કુમાર મદાન પાછલા થોડા વર્ષોમાં દેશના અનેક રાજનેતાઓને છેતરી ચૂક્યો છે. તમામ નેતાઓને લૂંટવા માટે તે એક જ પદ્ધતિનો ઉપયોગ કરતો હતો. રવિવારના રોજ સાઈબર ક્રાઈમ દ્વારા તેની ધરપકડ કરવામાં આવી છે.

રજત કુમાર મદાનની પંજાબથી ધરપકડ કરવામાં આવી હતી. અહીં તે પોતાના સાથીદાર ગૌરવ શર્મા સાથે મળીને એક રેકેટનું સંચાલન કરતો હતો. પોલીસનું કહેવું છે કે આ બન્ને આરોપીઓએ એક જ પાર્ટીના અનેક નેતાઓ પાસેથી પૈસા પડાવ્યા છે. તે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીના પર્સનલ આસિસ્ટન્ટ બનીને નેતાઓને મળતા હતા. સાયબરક્રાઈમના ACP હાર્દિક માકડિયા જણાવે છે કે, તેઓ પાછલા ઘણાં વર્ષોથી આ કરી રહ્યા છે. જ્યારે પણ રાજ્યમાં ચૂંટણીની જાહેરાત થાય ત્યારે આ ગેન્ગ સક્રિય બની જાય છે અને ઉમેદવારો તેમજ વર્તમાન ધારાસભ્યોની જાણકારી એકઠી કરવા લાગે છે. ત્યારપછી જે નેતાઓ ટિકિટ મેળવવા માંગતા હોય તેમને શોધીને તેમનો સંપર્ક કરે છે.

હાર્દિક માકડિયાએ અમારા સહયોગી ટાઈમ્સ ઓફ ઈન્ડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું કે, ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીની જાહેરાત કરવામાં આવી તો રજત કુમાર સક્રિય થઈ ગયો. તે રાહુલ ગાંધીને પીએ બનીને ઉમેદવારો સાથે વાત કરતો હતો. તે સૌથી પહેલા તો ટિકિટ મેળવવાની ઈચ્છા ધરાવતા ઉમેદવારો સાથે રાજકારણની ચર્ચા કરતો હતો. ત્યારપછી ટિકિટ માટે પૈસાની માંગ કરતો હતો. આ દરમિયાન બે નેતાઓને શંકા થઈ અને તેમણે વડોદરા શહેરના સાયબર ક્રાઈમ વિભાગમાં થોડા દિવસ પહેલા ફરિયાદ નોંધાવી હતી.

# નવે. અને ડિસે.માં લગ્ન માટે હવે કુલ 8 મુહૂર્ત, 2023માં 15 જાન્યુઆરીથી લગ્ન સિઝન શરૂ થશે

**16 ડિસેમ્બરથી ધનુર્માસ શરૂ થશે**

**ગુરુ ગ્રહનું માર્ગી થવું શુભ રહેશે**

ગુજરાત | વંદન

22 નવેમ્બર એટલે આજથી લગ્નની શરૂઆત થઈ રહી છે. 2022ના છેલ્લાં બે મહિનામાં લગ્ન માટે ખૂબ જ ઓછા મુહૂર્ત છે. આજે 22 તારીખે તે પછી 24, 25, 27 અને 28 નવેમ્બર તથા ડિસેમ્બરમાં 2, 7, 8 અને 9 તારીખે લગ્ન માટે શુભ દિવસ છે. આ પ્રકારે સિઝનનું છેલ્લું લગ્ન મુહૂર્ત 9 ડિસેમ્બરના રોજ રહેશે. પછી 15 ડિસેમ્બરથી ધનુર્માસ શરૂ થઈ જશે. આ દરમિયાન લગ્ન થઈ શકતાં નથી. એટલે મકર સંક્રાંતિએ એટલે 15 જાન્યુઆરી 2023ના રોજ લગ્ન મુહૂર્ત શરૂ થઈ જશે.

લગ્ન મુહૂર્ત માટે તિથિ, વાર અને નક્ષત્રો સાથે જ સૂર્ય, ગુરુ અને શુક્ર ગ્રહ સ્થિતિને પણ ખાસ ધ્યાન રાખવામાં આવે છે. જ્યારે સૂર્ય ધન કે મીન રાશિમાં હોય છે ત્યારે લગ્ન થઈ શકતાં નથી. ત્યાં જ, ગુરુ અને શુક્ર ગ્રહ જો અસ્ત હોય ત્યારે પણ લગ્ન મુહૂર્ત હોતાં નથી.

દર મહિને સૂર્ય રાશિ બદલે છે અને એક મહિના સુધી દરેક રાશિમાં રહે છે. પરંતુ જ્યારે તે ધન રાશિમાં આવે છે ત્યારે ધનુર્માસ શરૂ થઈ જાય છે. આ દરમિયાન લગ્ન, સગાઈ, ગૃહ પ્રવેશ અને અન્ય માંગલિક કાર્યો માટે મુહૂર્ત રહેતાં નથી. આ વખતે 16 ડિસેમ્બરથી ધનુર્માસ શરૂ થશે જે 15 જાન્યુઆરી સુધી રહેશે. તે પછી લગ્નનો સમયગાળો ફરી શરૂ થઈ જશે.

જ્યોતિષમાં લગ્નજીવનનો કારક ગ્રહ ગુરુ હોય છે. પતિ-પત્નીના સંબંધો ઉપર આ ગ્રહની શુભ-અશુભ અસર પડે છે. આ ગ્રહ પોતાની જ રાશિમાં છે અને 29 જુલાઈથી વક્રી ચાલી રહ્યો છે. એટલે એટલો ધીમો છે કે પૃથ્વીથી તેને જોવામાં આવે તો પાછળ તરફ ગતિ કરતો જોવા મળશે. હવે આ ગ્રહ 24 નવેમ્બરના રોજ માર્ગી થઈ જશે. ગુરુની આ સ્થિતિના લીધે લગ્ન મુહૂર્ત વધું શુભ થઈ જશે.

# ચાર કરોડ રૂપિયાના MD ડ્રગ્સ મામલે ચારની કરી ધરપકડ

**સુરત ક્રાઈમ બ્રાંચે આરોપીઓને મુંબઈથી ઝડપી પાડ્યાં**

ગુજરાત | વંદન




સુરતના અમરોલીના કોસાડ આવાસ અને પાંડેસરામાંથી ઝડપાયેલ 4 કરોડના એમડી ડ્રગ્સ મામલે પોલીસે મોટી કાર્યવાહી કરી હતી. મળતી જાણકારી અનુસાર, સુરત ક્રાઈમ બ્રાંચે મુંબઈથી પેડલર ફૈસલ અબ્દુલ ખાલીક મોમીન, વાસીફ અબ્દુલ હમીદ ચૌધરી, સાગર કૈલાશચંદ્ર પાલ અને અનિકેત પ્રકાશ શીંદેની ધરપકડ કરી છે.

ક્રાઈમબ્રાંચે આરોપીઓ પાસેથી 3.50 લાખની રોકડ અને 6 મોબાઈલ 77 હજારની કિંમતની વસ્તુઓ કબજે કરી છે. વાસીફ અને ફૈસલ મોમીન બાળપણના મિત્રો છે અને બંને એમડીનું વેચાણ કરતા હતા. તો આ તરફ અનિકેત અને ચંદન વાસીફના મિત્રો છે અને પહેલા ત્રણેય કેટરીંગનું કામ કરતા હતા. ચંદન અને અનિકેત એમડી વેચાણ કરવા માટે વાસીફનો સંપર્ક કરતા હતા. વાસીફ એમડીનો માલ ફૈસલ પાસેથી મંગાવી આપી સપ્લાય કરતા હતા.

# સુરતમાં આ ચૂંટણીમાં ચર્ચિત રહેશે કતારગામ બેઠક

ગુજરાત | વંદન

## વિવાદી AAP પ્રમુખ ગોપાલ ઈટાલિયા ચૂંટણીના મેદાનમાં




ગુજરાતમાં ચૂંટણીના બિગૂલ ફુંકાઈ ગયા છે અને ચૂંટણી પ્રચારની ધમધમાહટ ચાલી રહી છે. આ વખતે સુરત જિલ્લાની કોઈ બેઠક ચર્ચામાં હોય તો તે કતારગામની બેઠક છે. કેમકે ગુજરાતમાં સરકાર બનાવના દાવા કરી રહેલ આપ આદમી પાર્ટીના ગુજરતા યુનિટના પ્રમુખ ગોપાલ ઈટાલિયાએ અહિંયાથી ચૂંટણી લડી રહ્યાં છે.

ગોપાલ ઈટાલિયાએ અહિંયાથી ઉમેદવારી પત્ર ભરતા આ બેઠક ચર્ચામાં આવી ગઈ છે. જ્યારે બીજા બાજુ ભાજપે વર્તમાન ધારાસભ્ય વિનોદ મોરડિયાને ટિકિટ આપી છે. મોરડિયા સરકારમાં રાજ્યમંત્રી પણ છે. આ જિલ્લામાં ચૂંટણીમાં પાટીદાર સમાજ નિર્ણાયક ભૂમિકા ભજવે છે. કોંગ્રેસે પ્રજાપતિ સમાજમાંથી આવતા કલ્પેશ વરિયાને મેદાનમાં ઉતાર્યા છે.

2017માં સુરત જિલ્લામાં ભાજપને બમ્પર જીત મળી હતી. સુરત જિલ્લાની 16 બેઠકોમાંથી એક કતારગામ બેઠક છે. 2017માં ભાજપે જિલ્લામાં 16માંથી 15 બેઠકો જીતી હતી. જ્યારે કોંગ્રેસ માત્ર એક બેઠક જીતવામાં સફળ રહી હતી.

કતારગામની બેઠક પર ગઈ ચૂંટણી ભાજપે કબ્જે કરી હતી અને ભાજપે ફરી વખત તેમને રિપીટ કર્યા છે. વર્ષ 2008માં સીમાંકન બાદ આ બેઠક અસ્તિત્વમાં આવી હતી. ત્યારથી આ બેઠક પર ચૂંટણીમાં ભાજપ જ જીત નોંધાવતી આવી છે. ગઈ વખત એટલે કે 2017ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપે આ બેઠક પરથી વિનોદ મોરડિયાને ઉમેદવાર બનાવ્યા હતા. તેમણે કોંગ્રેસના ઉમેદવાર જીજ્ઞેશ જીવાણીને 79 હજારથી વધુના માર્જીનથી હરાવ્યા હતા. વિનોદને આ ચૂંટણીમાં એક લાખ 25 હજારથી વધુ વોટ મળ્યા હતા. જ્યારે કોંગ્રેસના ઉમેદવારને માત્ર 46,000 મતોથી સંતોષ માનવો પડ્યો હતો. આ ચૂંટણીમાં કુલ 14 ઉમેદવારો મેદાનમાં હતા. કોંગ્રેસ અને ભાજપના ઉમેદવારો સિવાય બાકીના 12 ઉમેદવારોની ડિપોઝીટ જપ્ત થઈ હતી.

2012ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપના નાનુભાઈ વાનાણીએ કોંગ્રેસ ઉમેદવાર નંદલાલ પાંડવને 43,000 મતોથી હરાવ્યા હતા. નાનુભાઈને 88 હજાર છસો વધુ મત મળ્યા હતા. જ્યારે કોંગ્રેસના ઉમેદવારને માત્ર 45,000 મતથી સંતોષ માનવો પડ્યો હતો. 2012માં કતારગામ બેઠક પરથી કુલ આઠ ઉમેદવારો મેદાનમાં હતા. ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારોને બાદ કરતાં બાકીના છ ઉમેદવારોની ડિપોઝીટ જપ્ત થઈ હતી.

આ બેઠક માટે ભાજપે રાજ્યકક્ષાના મંત્રી વિનોદ મોરડિયાને અને આમ આદમીએ તેના ગુજરાત એકમના પ્રમુખ ગોપાલ ઈટાલિયાને ઉમેદવાર જાહેર કર્યા છે. પ્રથમ તબક્કામાં 1 ડિસેમ્બરે મતદાન થશે. પરિણામ 8 ડિસેમ્બરે આવશે.

## શબ્દોની સંતાકૂકડી 37 — ગુજરાત વંદન સાપ્તાહિક

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 | 2 | | ■ | 3 | 4 | 5 |
| 6 | | ■ | 7 | ■ | 8 | |
| | ■ | 9 | | 10 | ■ | |
| ■ | 11 | | | | | ■ |
| 12 | ■ | 13 | | | ■ | 14 |
| 15 | 16 | ■ | | ■ | 17 | |
| 18 | | | ■ | 19 | | |

### ઊભી ચાવી

(1) શિક્ષક [3]
(2) ઔષધ વગેરે ઘૂંટવાનો ખાડાવાળો ઘડેલો પથરો [2]
(4) કાક, કાગડો [2]
(5) આસોથી કાર્તિક માસ સુધી રહેતી ઋતુ [3]
(7) વિગત સાથે, વિસ્તારપૂર્વક [5]
(9) આશ્ચર્યકારક [3]
(10) પીડા, દુઃખ [3]
(12) ખેડે તેનું ...... [3]
(14) યાંત્રિક સાધનને યાંત્રિક શક્તિ પૂરી પાડતું એક યાંત્રિક ઉપકરણ [3]
(16) સેવક, ચાકર [2]
(17) અમૃત, મીઠાશ [2]

### આડી ચાવી

(1) મજાક, મશ્કરી [3]
(3) ઉજાસ [3]
(6) ગતિમાં રહેનારું [2]
(8) મનનો ભેદ, મર્મ [2]
(9) રોકડું [3]
(11) અવતાર, જન્મ [5]
(13) બે પક્ષકાર વચ્ચે પડેલો વાંધો પતાવી આપનાર [3]
(15) ત્યારે [2]
(17) અરજ, વિનંતી, ફરિયાદ [2]
(18) રસ ઓળખનાર કે રસ સમજનાર [3]
(19) જોશ, તાકાત [3]

**શબ્દોની સંતાકૂકડી-37 નો ઉકેલ આવતા અંકે**

### શબ્દોની સંતાકૂકડી-36નો ઉકેલ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 ત | 2 ક | ■ | 3 ના | 4 હ | 5 ક | ■ |
| 6 જ | લ | 7 દ | ■ | 8 વા | ર | 9 સ |
| ■ | 10 મ | લિ | 11 ન | ■ | 12 જ | મા |
| 13 શિ | ■ | 14 ત | ક્ષ | ક | ■ | પ્ત |
| 15 કા | 16 લ | ■ | ત્ર | ■ | 17 મ | ■ |
| 18 ર | ચ | 19 ના | ■ | 20 બ | દા | મ |
| ■ | 21 ક | દ | ર | ■ | ર | ■ |

## કોયડો નં. 39 સુડોકુ — ગુજરાત વંદન સાપ્તાહિક

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 8 | | | | | 5 | 1 |
| 5 | 3 | | | 4 | 1 | | | |
| | | | 5 | | | | 3 | |
| 3 | | | | | | 8 | | 5 |
| | 8 | | | 3 | | | 9 | |
| | | 5 | | | | | | |
| | 7 | | | | | 5 | | |
| 8 | | | | 5 | | | | |
| 2 | | | | 1 | | | | 8 |

ખાનાઓમાં એકથી નવના આંક એ રીતે ગોઠવાયેલા છે કે ઊભી, આડી રોમાં એક આંક એક જ વાર આવે. તે જ રીતે દરેક કોર્નરમાં નવના ચોકઠામાં પણ એકથી નવના આંક એક એકવાર જ આવવા જોઈએ. નમૂના માટે કેટલાક આંક મૂકાયા છે. ખાલી ખાનાં હવે તમે તર્ક લગાડીને ભરી કાઢો.

### સુડોકુ-39નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 4 | 8 | 3 | 2 | 7 | 9 | 5 | 1 |
| 5 | 3 | 7 | 9 | 4 | 1 | 6 | 8 | 2 |
| 9 | 2 | 1 | 5 | 6 | 8 | 4 | 3 | 7 |
| 3 | 6 | 4 | 1 | 9 | 2 | 8 | 7 | 5 |
| 7 | 8 | 2 | 4 | 3 | 5 | 1 | 9 | 6 |
| 1 | 9 | 5 | 8 | 7 | 6 | 3 | 2 | 4 |
| 4 | 7 | 6 | 2 | 8 | 9 | 5 | 1 | 3 |
| 8 | 1 | 3 | 7 | 5 | 4 | 2 | 6 | 9 |
| 2 | 5 | 9 | 6 | 1 | 3 | 7 | 4 | 8 |

# મોરબી દુર્ઘટનામાં FSL રિપોર્ટમાં મોટો ખુલાસો પુલના કેબલમાં કાટ હતો, બોલ્ટ ઢીલા હતા

### 30 ઓક્ટોબરના રોજ 3165 ટિકિટ વેચી હતી

વિજય જાનીએ કોર્ટમાં કહ્યું કે, ઓરેવા ગ્રૂપે 30 ઓક્ટોબરના રોજ 3165 ટિકિટ વેચી હતી. પુલની બંને સાઈડ અને ટિકિટ બુકિંગ ઓફિસ વચ્ચે કોઈ તાલમેલ ન હતો. તેમણે કહ્યું કે, ધરપકડ કરાયેલા બુકિંગ ક્લાર્કે ટિકિટ વેચાણ બંધ કરી દેવુ જોઈતુ હતું. પંરતુ તેઓએ ભીડ છતા ટિકિટ વેચવાનુ ચાલુ રાખ્યુ હતું. તેઓએ વધુ લોકોને પુલ પર જવા દીધા હતા.



### કેબલમાં કાટ લાગ્યો હતો

ફરિયાદી પક્ષે સોમવારે આરોપીની જામીન અરજી પર સુનવણી કરી રહેલા ન્યાયાધીશ પીસી જોશીની કોર્ટમાં આ એફએસએલ રિપોર્ટ રજૂ કર્યો હતો. જિલ્લા સરકારી વકીલ વિજય જાનીએ કહ્યું કે, રિપોર્ટમાં ખુલાસો થયો છે કે જે કેબલ પર પુલ લટકેલો હતો, તેમાં કાટ લાગેલો હતો. જમીન પર કેબલ જોડનારા એન્કર પિન તૂટી ગયા હતા, જ્યારે કે એન્કર પર લાગેલા બોલ્ડ 3 ઈંચ ઢીલા હતા. કોર્ટ બુધવારે જામીન અરજી પર આદેશ રજૂ કરી શકે છે.

ગુજરાત | વંદન

મોરબીમાં ઝુલતો પુલ તૂટી પડવાની ઘટનામાં એફએસએલ દ્વારા સ્થળ પરીક્ષણનો પ્રાથમિક રિપોર્ટ કોર્ટમાં રજૂ કરાયો છે. એફએસ એલના પ્રાથમિક રિપોર્ટ આધારે ડિસ્ટ્રીક કોર્ટમાં સરકારી વકીલે દલીલ કરી હતી. પ્રાથમિક રિપોર્ટમાં પુલના રસા અને નટ બોલ્ટ વગેરેમાં કાટ હોવાનું સામે આવ્યું છે. ઝુલતા પુલ દુર્ઘટનાના આઠ આરોપીઓની જામીન અરજીની આવતીકાલે સુનાવણી થવાની છે.

મોરબી પુલ દુર્ઘટનાની તપાસમાં સમારકામ અને મેનેજમેન્ટમાં મોટી ચૂક થયાનો ખુલાસો થયો છે. મોરબીમાં ગત મહિને ઝુલતો પુલ તૂટી પડવાની ઘટનામાં 135 લોકોએ જીવ ગુમાવ્યા હતા. તપાસમા ઓરેવા ગ્રૂપ અને નગરપાલિકાની ટીમ પર સવાલ ઉઠી રહ્યાં છે. કાટ લાગેલા કેબલ, સમારકામ ન કરાયેલા એન્કર, ઢીલા બોલ્ટ અને ટેકનિકલ જ્ઞાન વગરના કર્મચારી, આ તમામ કારણોને કારણે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (એફએસએલ)ની શરૂઆતની તપાસમાં ખુલાસો થયો છે.

એફએસએલ રિપોર્ટમાં એમ પણ કહેવાયું છે કે, ધાતુથી બનાવેલી સર્ફેસે પુલનુ વજન વધાર્યુ હતુ. ફરિયાદ કરનાર પક્ષના જણાવ્યા અનુસાર, સમારકામ કરનારા લોકો પણ આ પ્રકારનું સમારકામ અને નવીનીકરણના કામ માટે યોગ્ય ન હતા. પોલીસે 30 ઓક્ટોબરના રોજ ઘટનામાં અત્યાર સુધી 9 લોકોની ધરપકડ કરી છે. જેમાંથી ચાર ઓરેવા ગ્રૂપના છે. ઓરેવા ગ્રૂપ બ્રિટિશકાળથી ઝુલતા પુલની સારસંભાળ કરી રહી છે.

# ગુજરાતનો એક એવુ ગામ જયાં વોટ નહીં આપનારને થાય છે દંડ

## આ ગામમાં રાજકીય પક્ષોને પ્રચારની મંજૂરી નથી

ગુજરાત | વંદન




ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પ્રથમ તબક્કાના મતદાન આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ભાજપ, આમ આદમી પાર્ટી તથા કોંગ્રેસ ચૂંટણી પ્રચારમાં લાગી ગયા છે. આ દરમિયાન રાજકોટનું એક ગામ ચર્ચામાં છે. રાજ સમઢીયાળા ગામમાં રાજકીય પક્ષોને પ્રચાર કરવાની છૂટ નહીં, પરંતુ મતદાન ન કરનારને રૂ.51 દંડ કરવામાં આવે છે. ગામના સરપંચના કહેવા મુજબ વર્ષ 1983થી અહીં રાજકીય પક્ષોને પ્રચાર કરવાની મંજૂરી ન આપવાનો આ નિયમ છે. પરંતુ તમામ માટે મતદાન ફરજિયાત અન્યથા રૂ.51 દંડ કરવામાં આવે છે.

ગુજરાતના આ ગામમાં શોધખોળ કરીને પણ તમને કોઈના ઘરનું તાળું નહીં મળે. કારણ કે અહીં કોઈ તેમના ઘરને તાળું મારતું નથી. ઘર એ ઘર છે, કોઈ ને કોઈ વ્યક્તિ હંમેશા ત્યાં હાજર હોય છે. પરંતુ અહીંના દુકાનદારો પણ બપોરના સમયે પોતાની દુકાનો ખુલ્લી મૂકીને ઘરે જમવા માટે જતા રહે છે. જ્યારે ગ્રાહક દુકાને આવે છે, તે તેની જરૂરિયાતનો સામાન લઈ જાય છે અને તેની કિંમતના પૈસા દુકાનના ગલ્લામાં મૂકી દે છે. એક ઘટનાને બાદ કરતાં અહીં ક્યારેય ચોરીનો બનાવ બન્યો નથી. આ ગામમાં ચોરીની એકમાત્ર ઘટનાના બીજા જ દિવસે ચોરે પોતે પંચાયતમાં પોતાનો ગુનો કબૂલી લીધો હતો.

અનુસંધાન પેજ 05 પરથી...

### સૌરાષ્ટ્રની 48 બેઠકો...

ઉમેદવારો મળી કુલ 10 ફોર્મ માન્ય રહ્યા હતા, જે પૈકી 2 ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચતા હવે 8 ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. ભાવનગર પશ્ચિમમાં કુલ 23 ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી, જે પૈકી 8 ફોર્મ પરત ખેંચાતા હવે 15 ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. જ્યારે ભાવનગર ગ્રામ્યમાં સૌથી ઓછા 7 ઉમેદવારી ફોર્મ ભરાયા હતા, જે પૈકી એક ઉમેદવારે ફોર્મ પરત ખેંચતા હવે માત્ર 6 ઉમેદવારો ચૂંટણી લડનાર છે.

જિલ્લાની મહુવા બેઠકમાં 12 પૈકી 2 ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચતા હવે 10 ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. તળાજા બેઠક પર 13 ઉમેદવારો પૈકી 3 ફોર્મ પરત થતા હવે 10 ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ જામશે. પાલીતાણા બેઠક ઉપર 8 પૈકી એક ઉમેદવારે ફોર્મ પરત ખેંચતા હવે 7 ઉમેદવારો તેમજ ગારીયાધાર બેઠક ઉપર 11 ઉમેદવારો પૈકી એક ઉમેદવારે તેમનું ફોર્મ ખેંચતા હવે 10 ઉમેદવારો મેદાનમાં રહ્યા છે.

જુનાગઢ

વિધાનસભાની સામાન્ય ચૂંટણીની ગઈકાલે ફોર્મ ખેંચવાની છેલ્લી તારીખમાં ચિત્ર સ્પષ્ટ થઈ સામે આવી ગયું છે. જુનાગઢ બેઠકમાં 9 ઉમેદવારો માણાવદર 7, માળીયાહાટીનામાં 5, કેશોદ 7, માંગરોળ 6 અને વિસાવદરમાં 5 સહિત કુલ 39 ઉમેદવારો ચૂંટણી જંગના મેદાનમાં રહેવા પામ્યા છે.

જુનાગઢ બેઠક પર કોંગીના ભીખાભાઈ જોષી, ભાજપના સંજય કોરડીયા, બહુજન સમાન પાર્ટીના મયુરભાઈ હરીલાલ રાણવા, ભારતીય જન પરિષદના દિલીપભાઈ રણછોડભાઈ ગોરફાડ, આમ આદમી પાર્ટીના ચેતન હરસુખભાઈ ગજેરા, અપક્ષ ઘનશ્યામ હીંમતભાઈ મશરૂ, મમતાબેન જયંતીભાઈ બોતવાડીયા, શશીકાંત કરશનભાઈ રાવત અને હરેશભાઈ મનુભાઈ સરધારા મળી કુલ 9 ઉમેદવારોઓ મેદાનમાં છે.

કેશોદ બેઠક પર ભાજપ દેવાભાઈ માલમ (મંત્રી પશુપાલન) કોંગી હીરાભાઈ જોટવા, વ્યવસ્થા પરિવર્તન પાર્ટી ધનાભાઈ મુનાભાઈ આંત્રોલીયા, આમ આદમી પાર્ટી રામજીભાઈ બાબુભાઈ ચુડાસમા, અપક્ષ અરવિંદભાઈ લાડાણી (પૂર્વ ધારાસભ્ય ભાજપ) અલ્પેશભાઈ ચંદુભાઈ ત્રાંબડીયા અને લલીતભાઈ ડેડાણીયા સહિત સાત ઉમેદવારો મેદાનમાં છે.

માણાવદરની બેઠક પર કોંગી અરવિંદ લાડાણી, ભાજપ જવાહર ચાવડા, બહુજન સમાજ પાર્ટી દેવદાન કાનાભાઈ મુંછડીયા, આમ આદમી પાર્ટી કરશનભાઈ ભાદરકા. પરબતભાઈ ભીખાભાઈ કરંગીયા, મહેશ પરમાર અને ભાવીન શાંતિલાલ રાઠોડ સહિત સાત ઉમેદવાર મેદાનમાં છે.

માંગરોળની બેઠકમાં ભાજપના ભગવાનજીભાઈ કરગટીયા, કોંગીના બાબુભાઈ વાજા, બહુજન સમાજ પાર્ટીમાં હંસાબેન માકડીયા, આમ આદમી પાર્ટીમાં પિયુષભાઈ પરમાર, ઓઈ ઈન્ડીયા મજલીસ એ એતિહાફુલ મુસ્લિમના સુલેમાન મોહમદભાઈ પટેલ અને અપક્ષ હમીરભાઈ લક્ષ્મણભાઈ ધામાનો સમાવેશ થાય છે.વિસાવદરની બેઠક પર કોંગ્રેસમાંથી કરશનભાઈ નારણભાઈ વાડોદરીયા, બહુજન સમાજ પાર્ટી મનસુખભાઈ વાઘેલા, ભાજપ હર્ષદભાઈ રીબડીયા (કોંગીમાંથી આવેલ ધારાસભ્ય) આમ આદમી પાર્ટી ભુપેન્દ્રભાઈ ભાયાણી અને અપક્ષમાં ઈકબાલ હબીબભાઈ સમા સહિત કુલ ૫ ઉમેદવારો મેદાનમાં રહેવા પામ્યા છે.

ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં 1 ડિસેમ્બરે પ્રથમ તબક્કાઓનું મતદાન થશે. પછી 5 ડિસેમ્બરે બીજા તબક્કાનું મતદાન યોજાશે. ત્યાર બાદ 8 ડિસેમ્બરે ભાવી ઉમેદવારોનો ફેસલો આવશે.આ વખતે ભાજપ, કોંગ્રેસ સાથે આપ પણ ચૂંટણી મેદાનમાં છે.

## ઈન્ડોનેશિયામાં ભૂકંપનો મૃત્યુઆંક વધીને 268, હજુ પણ 151 લાપતા

# નવા વર્ષમાં આપત્તિની પરંપરા યથાવત્

ગુજરાત | વંદન

ઈન્ડોનેશિયાના જાવા દ્વીપમાં આવેલા ભૂકંપથી મરનારાઓની સંખ્યા મંગળવારે વધીને ૨૬૮ થઈ ગઈ છે કારણકે ધરાશયી થયેલી ઈમારતોના કાટમાળમાંથી વધુ મૃતદેહો મળી આવ્યા હતાં. હજુ પણ ૧૫૧ લોકો લાપતા છે. આ માહિતી નેશનલ ડિઝાસ્ટર મિટિગેશન એજન્સીએ આપી હતી.

એજન્સીના પ્રમુખ સુહરયાંતોએ પત્રકારોને જણાવ્યું હતું કે સિયાંજુર શહેરની પાસે સોમવાર બપોરે આવેલા ૫.૬ તીવર્તાના ભૂકંપમાં અન્ય ૧૦૮૩ લોકો ઘાયલ થયા હતાં. ભૂકંપથી ભયભીત લોકો સડકો પર આવી ગયા હતાં જેમાંથી કેટલાક લોકો લોહીથી લથપથ હતાં. ભૂકંપને કારણે ગ્રામીણ ક્ષેત્રની આસપાસની ઈમારતો ધરાશયી થઈ ગઈ હતી.

પર્તિનેમ નામની મહિલાએ જણાવ્યું હતું કે જ્યારે ભૂકંપનો આંચકો અનુભવાયો તો તે પોતાના પરિવારની સાથે પોતાના ઘરની બહાર આવી ગઈ હતી અને તેના થોડાક જ સમય પછી તેનું મકાન ધરાશયી થયું હતું. મહિલાએ જણાવ્યું હતું કે જો હું બહાર ન આવી હોત તો મારા પરિવારના સભ્યો પણ માર્યા ગયા હોત.

અધિકારીઓએ જણાવ્યું હતું કે માર્યા ગયેલા લોકો ઉપરાંત ૩૦૦થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે અને ઓછામાં ઓછા ૬૦૦થી વધુ લોકોને સામાન્ય ઈજા થઈ છે.

રાષ્ટ્રીય તપાસ અને બચાવ એજન્સીના વડા હેન્રી અલ્ફીઆંડીએ જણાવ્યું હતું કે સિયાંજુરના ઉત્તર પશ્ચિમ સ્થિત સિજેડિલ ગામમાં ભૂકંપથી ભૂસ્ખલન થયું હતું. જેના કારણે સડકો બ્લોક થઈ ગઈ હતી અને અનેક મકાનો ધરાશયી થઈ ગયા હતાં.તેમણે જણાવ્યું હતું કે અમે એવા તમામ પાસાઓને ધ્યાનમાં રાખીને બચાવ અભિયાન ચલાવી



રહ્યાં છીએ. એવા વિસ્તારો પર ખાસ ધ્યાન આપવામાં આવી રહ્યું છે જ્યાં લોકો દટાયાની શંકા છે. અમારી ટીમ અંતરિયાળ વિસ્તારોમાં પણ પહોંચવાના પ્રયત્ન કરી રહી છે.

ઈન્ડોનેશિયાના પ્રમુખ જોકો વિડોડોએ મંગળવારે સિયાંજુરની મુલાકાત લીધી હતી. જરૃરિયાતમંદ લોકો સુધી તમામ જરૃરી સહાયતા પહોંચાડવાની ખાતરી આપી હતી. તેમણે જે લોકોના મકાન તૂટી ગયા છે તેમને ૩૧૮૦ ડોલરની સહાય આપવાની પણ જાહેરાત કરી હતી.

અનુસંધાન પેજ 12 પરથી...

### વિધાનસભાની...

કોંગ્રેસનો ગઢ ગણવામાં આવે છે, કારણ કે આ સીટ પર અત્યાર સુધીમાં સૌથી વધુ વખત કોંગ્રેસનું શાસન રહ્યું છે.

ઉમરગામ

આ સીટ એસટી કેટેગરી માટે અનામત છે. આ સીટ પર 1962થી અત્યાર સુધી 13 ચૂંટણી થઈ છે. અત્યાર સુધી આ બેઠક પર ભાજપ 5 વખત અને કોંગ્રેસ 7 વખત જીતી ચુકી છે. ભાજપના રમણલાલ પાટકર વર્ષ 2007માં આ બેઠક પરથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા. બીજી તરફ વર્ષ 2017માં કોંગ્રેસે રમણલાલ પાટકર સામે અશોકભાઈ પટેલને મેદાનમાં ઉતાર્યા હતા. આ ચૂંટણીમાં રમણલાલને 96 હજાર 4 મત જ્યારે અશોકભાઈને 54 હજાર 314 મત મળ્યા હતા.

### ફિલ્મી સિતારાઓ...

કોંગ્રેસમાં પણ કોઈ સેલેબ્રીટી પ્રકારનો ઉમેદવાર નથી. આપ પાર્ટીમાં પણ કોઈ નાયક-નાયિકાને ટિકિટ મળી નથી. પરિણામે એક એવુ ચિત્ર ઉપસી રહ્યું છે કે કોઈ સેલેબ્રીટી વગરની આ ચૂંટણીઓ નિરસ અને ફિક્કી લાગી રહી છે.

જો કે ચૂંટણી પ્રચારમાં ભાજપ અને કોંગ્રેસ તરફથી ફિલ્મી સ્ટારો પ્રચારમાં આવે તેમ જણાય છે. પરંતુ હજુ સુધી કોઈની જાહેરસભા થઈ નથી. ભાજપના 3 મુખ્યમંત્રીઓ સભાઓ ગજવી રહ્યાં છે પણ લોકો જેમને જોવા માટે દોડીને આવે એવી કોઈ ફિલ્મી હસ્તીની રાહ જોવાઈ રહી છે. ભાજપ દ્વારા હેમા માલિની, કંગના રનૌત, સન્ની દેઓલ, પરેશ રાવલ વગેરે.ને જનમેદનીને આકર્ષવા મેદાનમાં ઉતારાય તેમ છે.

એક સમયે ગુજરાતની ચૂંટણીઓમાં ગુજરાતી કલાકારો અરવિંદ ત્રિવેદી(લંકેશ), દિપિકા ચિખલિયા(સીતા), મહેશ કનોડિયા, નરેશ કનોડિયા, ઉપેન્દ્ર ત્રિવેદી, હિતુ કનોડિયાના નામો આકર્ષણ જમાવતા હતા અને આ બધા ચૂંટણીમાં જીત્યા પણ હતા. જો કે આ વખતે વિધાનસભા સદનમાં કોઈ સેલેબ્રીટીનો ચહેરો જોવા નહીં મળે.

### ભાજપ-કોંગ્રેસ...

ઘાટલોડીયા, પાટણ, માંજલપુર સહિતની બેઠકો માટે દાવેદાર હોય તેવી ચર્ચા થઈ હતી.

ભાજપના સૂત્રો જણાવે છે કે અમુક નેતાઓને તેમના પરિવારજનો માટે ટિકિટ માંગવામાં આવી ત્યારે સ્પષ્ટ ના કહી દેવાઈ, પરંતુ તેની પાછળ એવું કારણ આગળ ધરાય છે કે તેમાંના ઘણાં અગાઉ ચૂંટણી લડી ચૂક્યા હોવાથી તેમને પરિવારવાદને કારણે ટિકિટ મળી તેમ ન કહેવાય. જો કે જેમને પરિવારજનો માટે ટિકિટ માંગવાની મનાઈ ફરમાવાઈ હતી, તેઓ નારાજ છે.

આ તરફ કોંગ્રેસમાં પણ 12 એવાં ઉમેદવારો છે જેઓ સીધા જ પારિવારિક પરંપરાને અનુસરીને રાજકારણમાં આવ્યા છે. કોંગ્રેસના નેતાએ નામ નહીં આપવાની શરતે જણાવ્યું કે અમારી પાર્ટીમાં પરિવારની વ્યક્તિને ટિકિટ આપવામાં છોછ નથી તેથી કોઈ આશ્ચર્ય નથી.

ભાજપમાં ઉમેદવાર પસંદ કરવા માટે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની હાજરીમાં જ્યારે ચૂંટણી પસંદગી સમિતિની બેઠક ચાલતી હતી, ત્યારે પાર્ટીએ ભરૂચના સાંસદ મનસુખ વસાવાએ પોતાની પુત્રી માટે ટિકિટ માંગી તે વખતે તેમની પાસે જાહેર કરાવ્યું હતું કે પાર્ટી કોઈપણ નેતાના પરિવારના સભ્યને ટિકિટ નહીં આપે.

ઉલ્લેખનીય છે કે આ વખતે ભાજપ અને કોંગ્રેસના કેટલાંક નેતાઓની ટિકીટ કપાતા નારાજગી જોવા મળી રહી છે. નારાજગીના કારણે કેટલાંક અપક્ષ ઉમેદવારી અને પક્ષ પલટો કરી રહ્યાં છે.

અનુસંધાન પેજ 01 પરથી...

### ‘તમામ સરકારોએ...

હેઠળની બેન્ચે કહ્યું, “આ એક પરેશાન કરવા વાળી પ્રવૃત્તિ છે. ટીએન શેષન (જે 1990 અને 1996 વચ્ચે છ વર્ષ સુધી સીઈસી હતા) પછી મુખ્ય ચૂંટણી કમિશનરના કાર્યકાળમાં ઘટાડો શરૂ થયો ત્યારબાદ કોઈ પણ વ્યક્તિને પૂર્ણ મુદત સાથે કાર્યકાળ પૂરો કર્યો કરવા દેવામાં નથી આવ્યો. સરકાર જે કરી રહી છે એ જન્મ કુંડળી જાણે છે, તે સુનિશ્ચિત કરતા હોય છે કે CECના રૂપમાં નિયુક્તિ પામેલ ને પુરા છ વર્ષ ન મળે. પછી ભલે એ UPA સરકાર હોય કે અત્યારની NDA સરકાર હોય.

### રાહુલના કારણે...

અને કહ્યું કે કોંગ્રેસ નેતાનો ચહેરો બદલાઈ ગયો છે અને તે સદ્દામ હુસૈન જેવો દેખાય છે. કોંગ્રેસ નેતા દિગ્વિજય સિંહે હિમંતા બિસ્વાના આ નિવેદનનો પલટવાર કરતા કહ્યું કે તેમને શરમ આવવી જોઈએ, જેઓ રાહુલ ગાંધી વિશે આટલું અસંયમિત બોલી રહ્યા છે.

દિગ્વિજય સિંહે કહ્યું, ‘હિમંતા બિસ્વા આજે જે કંઈ પણ છે તે રાહુલ ગાંધીના કારણે છે, તેથી તેમણે સમજી વિચારીને બોલવું જોઈએ.’ જો કે જયરામ રમેશે કહ્યું કે આ મુદ્દો હવે ખતમ થઈ ગયો છે તેથી તેના પર વાત ન કરવી જોઈએ. બીજી તરફ ગુજરાત ચૂંટણીને લઈને દિગ્વિજય સિંહે કહ્યું કે કોંગ્રેસ પાર્ટી ત્યાં સારી રીતે ચૂંટણી લડી રહી છે.

## સાઉદી અરબ દેશમાં કડક સજાની જોગવાઇનું પાલન થતા ચકચાર મચી

# ખૌફનાક સરકાર દ્વારા આકરા નિયમનું પાલન કરાતા એક સાથે 12 લોકોના માથા વાઢી નંખાયા...!

ગુજરાત | વંદન

સાઉદી અરબમાં કડક સજાની જોગવાઈનું પાલન કરતા છેલ્લા 10 દિવસમાં 12 લોકોના માથા કાપી નંખાતા ચકચાર મચી ગઈ છે. સરકારે આકરા નિયમ અને કાયદાનું પાલન કરતા 12 લોકોના સર કલમ કર્યા. આ બધા લોકો સામે ડ્રગ્સ સંબંધિત કેસ ચાલી રહ્યા હતા. હેરાનીની વાત એ છે કે અનેક લોકોના માથા તલવારથી કાપવામાં આવ્યા છે. જે લોકોને આ સજા-એ-મોત આપવામાં આવી તે મોટાભાગે બીજા દેશના હતા.

અંગ્રેજી અખબાર ટેલિગ્રાફના જણાવ્યા પ્રમાણે સઉદી અરબમાં જે 12 લોકોના માથા કાપવામાં આવ્યા. તે મોટાભાગે પ્રવાસી લોકો હતા. જેમાંથી 3 પાકિસ્તાની, 4 સિરીયાઈ અને 2 જોર્ડનના રહેવાસી હતા. જોકે આ બધા



લોકોમાં 3 સઉદી અરબ નાગરિક પણ છે. બધા પર ડ્રગ્સ સંબંધિત કાયદાના ઉલ્લંઘનનો આરોપ હતો. જેના કારણે તેમને સજા-એ-મોત આપવામાં આવી હતી.

માર્ચ મહિનામાં સઉદી અરબ સરકાર તરફથી 81 લોકોને સજા-એ-મોતનો આદેશ આપવામાં આવ્યો હતો. આ 81 લોકોમાં અનેક ઉગ્રવાદી સંગઠનો સાથે જોડાયેલ લોકો પણ હતા. સઉદી અરબના મોડર્ન ઈતિહાસમાં પહેલીવાર આટલી મોટી સંખ્યામાં આટલી મોટી સંખ્યામાં સજા-એ-મોતની સજા આપવામાં આવી હતી. વર્ષ 2018માં સઉદી અરબ સરકારે આ સજાને ઘટાડવાનો નિર્ણય કર્યો હતો. તે સમયે ચર્ચા ચાલી હતી કે સઉદી સરકાર આ પ્રકારે કડક સજા માત્ર તે લોકોને આપશે. જેમના પર કોઈની હત્યા કે મારકાપનો આરોગ લાગેલો હોય. મોહમ્મદ બિન સલમાને કહ્યું હતું કે સઉદી સરકાર ચર્ચા કરી રહી છે કે કઈ રીતે મોતની સજાને ઓછામાં ઓછા લોકોને આપવામાં આવે.

# સામાન્ય જ્ઞાન : ચંદ્ર પૃથ્વીથી ખરેખર કેટલો દૂર છે?

ગુજરાત | વંદન

આપણા રાત્રિના આકાશમાં તે સૌથી તેજસ્વી પદાર્થ છે, પરંતુ ચંદ્ર પૃથ્વીથી ખરેખર કેટલો દૂર છે?

પૃથ્વીથી ચંદ્રનું અંતર સમુદ્રની ભરતીની શક્તિ અને આપણા આકાશમાં સૂર્યગ્રહણના દેખાવને અસર કરે છે. નાસાના જણાવ્યાં અનુસાર, વાદળી ગ્રહ અને તેના એકમાત્ર કુદરતી ઉપગ્રહ વચ્ચેનું સરેરાશ અંતર લગભગ 238,855 માઈલ (384,400 કિલોમીટર) છે. જ્યારે ચંદ્ર પૃથ્વી પર તેના સૌથી ઓછા અંતરે પહોંચે છે - જેને પેરીજી તરીકે ઓળખવામાં આવે છે - તે લગભગ 226,000 માઈલ (363,300 કિમી) દૂર હોય છે.



સુપરમૂન વર્ષના સૌથી ઝાંખા ચંદ્ર કરતાં લગભગ 17% મોટા અને 30% વધુ તેજસ્વી દેખાય છે. કારણ કે ચંદ્રનું ગુરુત્વાકર્ષણ પૃથ્વીના મહાસાગરો પર ભરતી ઉત્પન્ન કરવા માટે ખેંચવાની શક્તિનો ઉપયોગ કરે છે, તેથી પેરીજીની આસપાસ ચંદ્રની પૃથ્વીની નિકટતા પણ સામાન્ય કરતાં વધુ ભરતીને ઉત્તેજિત કરી શકે છે.

જ્યારે ચંદ્ર પૃથ્વીથી તેના સૌથી દૂરના અંતરે હોય છે, જેને એપોજી તરીકે ઓળખવામાં આવે છે, તે આપણા ગ્રહથી લગભગ 251,000 માઈલ (405,500 કિમી) દૂર છે.

સૂર્યગ્રહણની એક નોંધપાત્ર ગુણવત્તા એ તેમના અસ્તિત્વની નિર્મળતા છે. આગામી 600 મિલિયન વર્ષો માટે, પૃથ્વી સાથે ચંદ્રની નિકટતા સૂર્યના પૃથ્વીના અંતર કરતાં લગભગ 400 ગણી વધારે હશે. જેમ જેમ સમય પસાર થતો ગયો તેમ તેમ પૃથ્વી અને ચંદ્ર વચ્ચેનું અંતર વધતું ગયું. હાલમાં, ચંદ્ર એક વર્ષમાં આશરે 1.5 ઈંચ (3.8 સે.મી.) ના દરે આપણા ગ્રહથી દૂર જાય છે, લગભગ તે જ દરે જે દરે આપણી આંગળીઓના નખ વધે છે!

## માતા-પિતા, એક બહેન અને દાદીની ચાકુના ઘા ઝીંકીને કરી હત્યા

# નશેડી પુત્રએ પરિવારના 4 સદસ્યોની કરી કરપીણ હત્યા

ગુજરાત | વંદન

દેશની રાજધાની દિલ્હી ફરી એકવાર સનસનાટીભર્યા હત્યાકાંડથી હચમચી ઉઠ્યું છે. દિલ્હીના દક્ષિણ પશ્ચિમ જિલ્લાના પાલમ વિસ્તારમાં એક ઘરમાંથી ચાર લોકોના મૃતદેહ મળી આવતા ખળભળાટ મચી ગયો હતો. પ્રાથમિક માહિતી પ્રમાણે આ આત્મહત્યાનો નહીં પરંતુ હત્યાનો મામલો છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે દીકરાએ તેના માતા-પિતા, એક બહેન અને દાદીની હત્યા કરી નાખી છે. પોલીસે આ હત્યાકાંડના આરોપીની ધરપકડ કરી લીધી છે. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે આ ઘટના મંગળવારે રાત્રે લગભગ 10:31 વાગ્યે પાલમના રાજ નગર પાર્ટ-2 વિસ્તારમાં બની હતી. તે જ સમયે પોલીસને આ હત્યાની સૂચના મળી હતી. હાલ પોલીસે આરોપી છોકરાની ધરપકડ કરી લીધી છે અને તેણે પોતાના જ પરિવારની ખુશીમાં શા માટે આગ લગાવી તે અંગે પૂછપરછ કરવામાં આવી રહી છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે આરોપીએ ચારેય લોકોની ચાકુના ઘા ઝીંકીને હત્યાને અંજામ આપ્યો છે. આરોપી છોકરો ડ્રગ્સની લતથી પીડિત છે અને તાજેતરમાં જ ડ્રગ્સ એડિક્શન સેન્ટરમાંથી બહાર આવ્યો હતો. ત્યારબાદ જ તેણે આ ઘટનાને અંજામ આપ્યો છે. આરોપી છોકરાનું નામ કેશવ છે. પોલીસે ગુનામાં વપરાયેલ હથિયાર કબજે કર્યું છે.



# અમેરિકા: સ્ટાર્ટઅપના નામે રોકાણકારોને લગાવ્યો ચૂનો, કોર્ટે 11 વર્ષની સજા સંભળાવી

ગુજરાત | વંદન

અમેરિકાની બ્લડ ટેસ્ટિંગ સ્ટાર્ટઅપ કંપની થેરાનોસની CEO એલિઝાબેથ હોમ્સના કેલિફોર્નિયાના સૈન જોસની એક અદાલતના 11 વર્ષની જેલની સજા સંભળાવી છે. અમેરિકન બાયોટેક સ્ટાર એલિઝાબેથ હોમ્સ પર તેના રોકાણકારોને છેતરવાનો આરોપ છે. જણાવી દઈએ કે, એલિઝાબેથની સ્ટાર્ટઅપ કંપની થેરાનોસ 2018માં જ બંધ થઈ ગઈ હતી. કંપનીએ બ્લડ ટેસ્ટિંગ સેક્ટરમાં ક્રાંતિ લાવવાનું વચન આપ્યું હતું અને તેના નામે રોકાણકારોને છેતર્યા હતા.

38 વર્ષની હોમ્સને 3 મહિના સુધી ચાલેલા કેસ બાદ જાન્યુઆરીમાં દોષી ઠેરવવામાં આવી હતી. હોમ્સે વર્ષ 2003માં સ્ટાર્ટઅપ કંપની થેરાસોનની શરૂઆત કરી હતી. તે સમયે હોમ્સે દાવો કર્યો હતો કે તેમની કંપનીએ એવું બ્લડ એનાલાઈઝર બનાવ્યું છે જેને ગમે ત્યાં લઈ જઈ શકાય છે અને તે સરળતાથી બ્લડ ટેસ્ટ કરી શકશે. આ સિવાય આ સ્ટાર્ટઅપે એવો પણ દાવો કર્યો છે કે, એકવાર આંગળીમાંથી લોહી લેવામાં આવે તો શરીરની તમામ બીમારીઓ સરળતાથી જાણી શકાય છે. આ દાવા બાદ રોકાણકારોએ હોમ્સના સ્ટાર્ટઅપ પર ભારે હોડ લગાવી અને તેમને બમ્પર રોકાણ મળ્યું હતું. જો કે, બાદમાં આ તમામ વાતો ખોટી હોવાનું બહાર આવતા મામલો કોર્ટમાં ગયો હતો. આ કેસ ઘણા વર્ષો સુધી ચાલ્યો અને પછી આ વર્ષે જાન્યુઆરીમાં સજા સંભળાવવામાં આવી હતી.

એલિઝાબેથ હોમ્સે 2003માં 19 વર્ષની ઉંમરે થેરાનોસની સ્થાપના કરી હતી. ત્યારબાદ તેને સિલિકોન વેલીમાં ઘણી પ્રશંસા મળી હતી. હોમ્સ ખૂબ જ ઓછા સમયમાં વિશ્વની સૌથી નાની ઉંમરની અબજોપતિ મહિલા બની ગઈ હતી. તમને જણાવી દઈએ કે, જેલની સજા સાંભળ્યા બાદ હોમ્સે તેના પતિ બિલી ઈવાન્સને ગળે લગાવ્યા અને ભાવુક થઈ ગયા હતા. કોર્ટમાં રડતા હોમ્સે કહ્યું કે, જો તેને તક મળી હોત તો તેમએ ઘણી વસ્તુઓ ખૂબ જ અલગ રીતે કરી હોત. મેં ઘણા લોકોને નિરાશ કર્યા છે. લોકોને જે સહન કરવું પડ્યું તેના માટે શરમ અનુભવું છું.

## બજારોનાં અંતરંગ

### ચેન્નાઇનાં રીઅલ એસ્ટેટ બજારોમાં તેજી તરફી પ્રવાહો

રીઅલ એસ્ટોટ પ્રોપર્ટીઝ માર્કેટમાં સર્વાંગીક સુધારાનાં સંજોગો સર્જાઇ રહ્યા છે. ખાસ કરીને રહેઠાણ માટેનાં આવાસોની માંગમાં સુધારો દર્શાય છે. સપ્ટેમ્બર 2022 નાં ત્રિમાસિક સમયગાળામાં રહેઠાણ માટેની માંગમાં સુધારાનાં વલણ જળવાઇ રહ્યા છે. કોન્ફીડરેશન ઓફ રીઅલ એસ્ટેટ ડેવલપર્સ એસોસીએશનનાં વર્તુળો એવું દર્શાવે છે કે, 3635 રહેઠાણ માટેનાં આવાસોનું વેચાણ ચેન્નાઇમાં થવા પામ્યું હતું. તામીલનાડુમાં રીઅલ એસ્ટેટ બી.ઝનેસમાં તેજીનાં વલણ જળવાઇ રહ્યા છે.

### રસનાના ચેરમેન આરીઝ ખંભાતાનું કાર્ડિયાક એરેસ્ટથી નિધન

જાણીતા ઉદ્યાગપતિ, સમાજસેવી અને પરોપકારી તથા રસના ગ્રુપના ફાઉન્ડિંગ ચેરમેન આરીઝ



ખંભાતાનું શનિવારે મોડી રાત્રે કાર્ડિયાક એરેસ્ટના કારણે નિધન થયું હતું. 85 વર્ષીય ઉદ્યોગપતિ લાંબા સમયથી બીમારીથી પીડાઇ રહ્યા હતા. તેમના પરિવારમાં તેમની પત્ની પર્સિસ અને બાળકોમાં પીરૂઝ, ડેલ્ના અને રૂઝાન છે. આ સમાચાર સાથે જ તેમના પરીવાર અને પારસી સમાજમાં ભારે શોકની લાગણી ફેલાઇ છે. આપને જણાવી દઇએ કે, રસના ભારતની સૌથી મોટી અને અગ્રણી સોફ્ટ ડ્રિંક બ્રાન્ડ છે. જેનો સ્વાદ દેશના દરેક નાગરિકની જીભ પર રહેલો છે.

### ટ્વિટરના $8ના બ્લ્યુ ટિક પ્લાન પર એલોન મસ્કે પ્રતિબંધ મૂક્યો

એલોન મસ્કએ મંગળવારે જાહેરાત કરી હતી કે જ્યાં સુધી નકલી એકાઉન્ટ્સની સમસ્યાનો ઉકેલ ન આવે ત્યાં સુધી ટ્વિટર પર "બ્લ્યુ વેરિફાઇડ" બેજને ફરીથી લૉન્ચ કરવાની યોજના મુલતવી રાખવામાં આવી છે. દર મહિને $8 માટે બ્લ્યુ ટિક વેરિફિકેશન પ્લાનની ઓફરને કારણે પ્લેટફોર્મ પર ઘણા નકલી એકાઉન્ટ્સ બનાવવામાં આવ્યા હતા. સમસ્યા એટલી ગંભીર હતી કે ટ્વિટરે તેને iOS યુઝર્સ માટે લોન્ચ કર્યાના ત્રણ દિવસમાં $8 પ્લાન સ્થગિત કરવો પડ્યો હતો. ટ્વિટર પર જીસસ ક્રાઈસ્ટ અને જ્યોર્જ બુશ જેવી ઘણી નકલી પ્રોફાઈલ સામે આવી હતી. આ પ્લેટફોર્મ પર છેલ્લા કેટલાક સમયથી એલોન મસ્ક નામની નકલી પ્રોફાઈલ સામે આવી હતી. આ તમામ પ્રોફાઈલ બ્લુ ટિક વેરિફાઈડ હતી. મસ્કે ટ્વીટ કર્યું કે, "બ્લ્યુ વેરિફાઈડનું ફરીથી લોન્ચ ત્યાં સુધી મુલતવી રાખવામાં આવ્યું છે જ્યાં સુધી અમે ખાતરી ન કરી શકીએ કે નકલી એકાઉન્ટને રોકી શકાય છે."

### હવે ઘરે બેઠા ખોલી શકાશે નેશનલ પેન્શન સિસ્ટમ ખાતુ

જો તમે નેશનલ પેન્શન સિસ્ટમમાં તમારું ખાતું ખોલાવવા માગો છો અને વારંવાર KYCની ઝંઝટથી બચવા માગો છો તો તમારા માટે સારા સમાચાર છે. પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટીએ NPS એકાઉન્ટ ખોલવા માટે નવો વિકલ્પ આપ્યો છે. આ સુવિધા દ્વારા તમે ઘરે બેસીને સરળતાથી NPS એકાઉન્ટ ખોલી શકો છો. તમે તમારું NPS એકાઉન્ટ સેન્ટ્રલ કેવાયસી સિસ્ટમ દ્વારા ખોલી શકો છો. આ પ્રક્રિયા સંપૂર્ણપણે ઓનલાઈન છે. PFRDAએ આ સુવિધા આઝાદીના અમૃત મહોત્સવના અવસર પર શરૂ કરી હતી. આ સાથે PFRDAએ NPSમાં ડિજિટલ ઓનબોર્ડિંગ માટે નવા વિકલ્પો પણ સક્ષમ કર્યા હતા. જેમાં Digi Locker, Aadhaar eKYC/XML અને PAN/Bank એકાઉન્ટ દ્વારા જારી કરાયેલા દસ્તાવેજોનો સમાવેશ થાય છે. PFRDA એ જણાવ્યું છે કે સેન્ટ્રલ કેવાયસી સિસ્ટમનો હેતુ નાણાકીય સેવા પ્રદાતાઓના ખાતા ખોલવાની રીતને સરળ બનાવવાનો છે.

# આર્થિક મંદીની સુનામી આવવાની તૈયારી: વર્લ્ડ બેન્કે આપી ચેતવણી

■ વ્યાજદરમાં વૃદ્ધિથી વૈશ્વિક અર્થતંત્રને પડી રહ્યો છે માર

ગુજરાત | વંદન




મહામારીના કમરતોડ ફટકાથી માંડ માંડ બેઠાં થઇ રહેલા વૈશ્વિક અર્થતંત્ર પર હવે વર્ષ 2023માં આર્થિક મંદીની સુનામી આવશે તેવી વર્લ્ડ બેન્કે ચેતવણી આપી છે. આ આર્થિક મંદી પાછળ મોંઘવારીને ડામવા માટે દુનિયાભરના દેશોની મધ્યસ્થ બેન્ક દ્વારા વ્યાજદરમાં આક્રમક વૃદ્ધિ જવાબદાર છે.

વર્લ્ડ બેન્કે જણાવ્યુ કે, મહામારી બાદ બેફામ ગતિએ વધી રહેલી મોંઘવારીને ડમવા માટે અમેરિકા, ઈંગ્લેન્ડ, ભારત અને યુરોપિયન ઝોન સહિત દુનિયાભરની મધ્યસ્થ બેન્કો વ્યાજદરમાં આક્રમક વધારો કરી રહી છે અને તેની સીધી પ્રતિકુળ અસર આર્થિક વિકાસદર પર થઇ રહી છે. છેલ્લા પાંચ દાયકામાં સૌથી ઝડપી વ્યાજ વૃદ્ધિથી આર્થિક મંદીનું જોખમ તોળાઇ રહ્યુ છે. દુનિયાના ત્રણ સૌથી મોટા અર્થતંત્રોના વિકાસદરમાં ઝડપી ઘટાડો આવ્યો છે, જેમાં અમેરિકા, ચીન અને યુરોપિયન યુનિયન સામેલ છે.

વર્લ્ડ બેન્કે તેના એક રિપોર્ટમાં જણાવ્યુ કે, વ્યાજદરમાં વૃદ્ધિથી વૈશ્વિક અર્થતંત્રને માર પડી રહ્યો છે અને આગામી વર્ષે તે મંદીમાં પરિણમી કરી શકે છે. આ સંસ્થાએ જણાવ્યુ કે, વર્ષ 1970ની મંદી બાદથી પછી થયેલી રિકવરી બાદ ગ્લોબલ ઈકોનોમીમાં સૌથી ઝડપી ઘટાડો જોવા મળી રહ્યો છે. છેલ્લે આવેલી વૈશ્વિક આર્થિક મંદી બાદ પહેલીવાર કન્ઝ્યુમર કોન્ફિડન્સમાં ઝડપી ઘટાડો નોંધાયો છે. વર્લ્ડ બેન્કના પ્રમુખ ડેવિડ માલપાસે જણાવ્યુ કે, વૈશ્વિક વૃદ્ધિદર ઘટી રહ્યો છે અને તેમાં વધુ ઘટાડો આવ્યો તો ઘણા દેશો મંદીની ખીણમાં ગરકાવ થઇ જશે. ગંભીર ચિંતા વ્યક્ત કરતા તેમણે કહ્યુ કે, વૈશ્વિક આર્થિક કટોકટીનો માહોલ ચાલુ રહેવાની શક્યતા છે અને તેની વિકાસશીલ દેશો પર ભયંકર અસર જોવા મળશે.

વર્લ્ડ બેન્કના સ્ટડી રિપોર્ટમાં જણાવાયુ છે કે, દુનિયાભરમાં એક સાથે વ્યાજદર વધારવામાં આવી રહ્યા છે અને પોલિસી લેવલે નિર્ણયો લેવાઈ રહ્યા છે. માત્ર મોંઘવારી દરને કોરોના પૂર્વેના સ્તરે લાવવી જ પુરતી નથી. વર્લ્ડ બેન્કે તેની રિપોર્ટમાં મધ્યસ્થ બેન્કોને મોંઘવારી દરને નીચે લાવવા માટે વ્યાજદરમાં બે ટકાની વૃદ્ધિ કરવા સૂચન કર્યુ છે. વ્યાજદરમાં આ વધારો ચાલુ વર્ષના સરેરાશ બે ટકા ઉપરાંતનો હશે, પરંતુ તેની અસર વૈશ્વિક વિકાસદર પણ પર થશે.

ફાઈનાન્સિયલ માર્કેટ પહેલાથી દબાણ હેઠળ છે. જેના પરિણામે વર્ષ 2023માં ગ્લોબલ જીડીપી ગ્રોથ ઘટીને 0.5 ટકા થશે અથવા વ્યક્તિદીઠ તેમાં 0.4 ટકાનો ઘટાડો આવી શકે છે. જ્યારે ટેકનિકલ ધોરણે મંદીની પૃષ્ટિ થઈ જશે. નીતિ ઘડવૈયાઓએ પોતાનું ધ્યાન વપરાશ ઘટાડવાના બદલે ઉત્પાદન વધારવા પર કેન્દ્રિત કરવાની સાથે સાથે તેમણે વધારાના મૂડીરોકાણ અને ઉત્પાદકતા વધારા પણ પગલાં લેવા જોઈએ તેવુ સૂચન કર્યુ છે.

# રિલાયન્સ ઈન્ફ્રાટેલને મુકેશ અંબાણી હસ્તગત કરશે

■ 'ટ્રબલશૂટર' તરીકે સામે આવ્યાં મુકેશ અંબાણી



ગુજરાત | વંદન

મુકેશ અંબાણી રિલાયન્સ ઈન્ફ્રાટેલને હસ્તગત કરી રહ્યા છે. આ અધિગ્રહણથી અનિલને ઘણી રાહત મળશે. પ્રથમ, તેનું દેવું ઓછું થશે અને બીજું, કંપની દેશની સૌથી મોટી ટેલિકોમ કંપની અને સૌથી અગત્યનું તેના મોટા ભાઈના હાથમાં જશે. હવે ફરી એકવાર મુકેશ અંબાણી 'ટ્રબલશૂટર' તરીકે સામે આવ્યા છે. માર્ચ 2019ની વાત છે જ્યારે મુકેશ અંબાણીએ પોતાના નાના ભાઈ અનિલ અંબાણીને એરિક્સન કેસમાં જેલમાં જતા બચાવી લેવા માટે 460 કરોડ રૂપિયા આપીને બચાવ્યા હતા.

હવે ઈન્ફ્રાટેલને ખરીદીને રાહત મળી છે, આરકોમ પર કેટલું દેવું છે તે કોઈનાથી છુપાયેલું નથી. આરકોમના ટાવર અને ફાઈબર એસેટ પર પણ દેશની તમામ ટેલિકોમ કંપનીઓની નજર છે. આ કંપની પાસે જેટલી અસ્કયામતો છે, તે અત્યારે અન્ય કોઈ ખાનગી કંપની પાસે નથી. હાલમાં, રિલાયન્સ ઈન્ફ્રાટેલ નાદારી રિઝોલ્યુશન પ્રક્રિયાના તબક્કામાં છે. આવી સ્થિતિમાં મુકેશ અંબાણી ફરી એકવાર આગળ આવ્યા છે. 2019થી મુકેશ અંબાણી આ મામલે અનિલની મદદ કરવામાં વ્યસ્ત છે. જેમાં હવે સફળતા મળી છે.

RITL પાસે 1.78 લાખ રૂટ કિલોમીટર અને 43,540 મોબાઈલ ટાવર્સની ફાઈબર એસેટ્સ છે. મુકેશ અંબાણી 2019થી આ તમામ સંપત્તિઓને પોતાના હાથમાં લેવાનો પ્રયાસ કરી રહ્યા છે. આનાથી તેમની ટેલિકોમ કંપની જિયોને પણ ઘણો ફાયદો થશે અને અનિલ અંબાણીને પણ તે સમગ્ર કાયદાકીય પ્રક્રિયામાંથી રાહત મળશે, જેમાં તેઓ લાંબા સમયથી ફસાયેલા છે. વર્ષ 2020માં Jio દ્વારા એક રિઝોલ્યુશન પ્લાન તૈયાર કરવામાં આવ્યો હતો.

# સપ્ટેમ્બરમાં EPFOએ 16.83 લાખ ગ્રાહકો ઉમેર્યા

## મોટાભાગના કર્મચારીઓની ઉમર 18-25 વર્ષ

ગુજરાત | વંદન

દેશમાં રોજગારને લઈને સારા સમાચાર સામે આવ્યા છે. કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન એટલે કે EPFOએ સપ્ટેમ્બર, 2022 દરમિયાન 16.8 લાખ ગ્રાહકો ઉમેર્યા છે, જે 2021ના સમાન મહિના કરતાં 9.14 ટકા વધુ છે. જ્યારે મહિના દરમિયાન નેટ સબસ્ક્રાઈબર ગયા નાણાકીય વર્ષ દરમિયાન નોંધાયેલી માસિક સરેરાશ કરતાં 21.85 ટકા વધુ છે. EPFOએ તેના ટ્વિટર હેન્ડલ પર આ માહિતી શેર કરી છે.

2,861 નવી સંસ્થાઓએ તેમના કર્મચારીઓ માટે સામાજિક સુરક્ષા સુનિશ્ચિત કરતી વખતે EPFO અને MP એક્ટ, 1952નું પાલન કરવાનું શરૂ કર્યું છે. EPFO દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર, 16.8 લાખ સબસ્ક્રાઈબરમાંથી




9.34 લાખ સભ્યોએ પહેલીવાર EPFO પોર્ટલ હેઠળ નોંધણી કરાવી છે.

આમાંના મોટાભાગના સબ્સ્ક્રાઈબર્સ 18 થી 25 વર્ષની વય જૂથના કર્મચારીઓ છે, જે 16.8 લાખના લગભગ 58.75 ટકા છે. EPFOમાં 18 થી 21 વર્ષની વયજૂથના 2.94 લાખ કર્મચારીઓ જોડાયા છે. અને 2.54 લાખ સભ્યો 21 થી 25 વર્ષની વય જૂથના છે. તે જ સમયે, ડેટા પરથી એ પણ જાણવા મળ્યું છે કે 7.49 લાખ નેટ સભ્યો યોજનામાંથી બહાર થઈ ગયા છે, પરંતુ નવી સંસ્થાઓ અથવા કંપનીઓ દ્વારા ફરીથી કનેક્ટ થયા છે.

# મ્યુચ્યુઅલ ફંડની એ.એમ.સી. માટે સેબીએ જાહેર કરેલા નવા નિયમો

ગુજરાત | વંદન

સેબીએ તાજેતરમાં મ્યુચ્યુઅલ ફંડનાં ઈન્વેસ્ટમેન્ટ માટે નવા નિયમો જાહેર કર્યા છે. મળતી માહિતી મુજબ મ્યુચ્યુઅલ ફંડના યુનિટ હોલ્ડરોને ડીવીડંડ તેમજ રિડમ્પશન સંદર્ભમાં મ્યુચ્યુઅલ ફંડની એસેટ્સ મેનેજમેન્ટ કંપની અંગે કેપીટલ માર્કેટ નિયામક સેબીએ તાજેતરમાં જે નિયમો જાહેર કર્યા છે. તે મુજબ નિર્ધારિત સમય મર્યાદામાં યુનિટહોલ્ડરોને ચુકવણી કરાતા ડીવીડંડ તેમજ રિડમ્પશનની પ્રોસેસ હાથ ધરવી પડશે. જો યુનિટ હોલ્ડરોને વ્યાજની ચુકવણી કરવા છતાં નિયત સમયમર્યાદામાં રિડમ્પશન અથવા પુનઃખરીદી (બાયબેક) પ્રક્રિયાને કરવામાં એ.એમ.સી. નિષ્ફળ નીવડતાં એ.એમ.સી. સામે કાર્યવાઠી કરવામાંઆવશે. રીડમ્પશન રિપરચેઝ અથવા ડીવીડંડની ચુકવણી કોઇ અસામાન્ય સંજોગોમાં જ તેની પ્રક્રિયા ઓફ લાઇન કરવામાં આવશે. આ ઓફલાઇન પ્રક્રિયા બાબતમાં એ.એમ.સી.એ દરેક રેકર્ડ જાળવવાનાં રહેશે, અને વિલંબ થવા માટે કારણની સ્પષ્ટતા કરવી પડશે.

# હાઉસીંગ, ઓટો, પર્સનલ લોન જેવી રીટેલ લોનમાં 5 વર્ષમાં 30%ની વૃદ્ધિ

ગુજરાત | વંદન

વિશ્વમાં સતત વધી રહેલ મોંઘવારીની પરિસ્થિતિને અંકુશમાં લાવવા માટે કેટલાંક મહિનામાં વ્યાજનાં દરોમાં વધારો કરવાની નિતિ જારી રખાઇ છે. આમ રીટેલ લોન માટેની માંગ સતત વધતી રહી છે. ક્રિસિલ તેમજ નોમુરા નામની રેટીંગ એજન્સીનાં વર્તુળોનાં દર્શાવ્યા મુજબ ખાસ કરીને પર્સનલ લોન, મોર્ગેજ લોન તેમજ હોમલોન જેવી રીટેલ લોન માટેની માંગ વધતી જાય છે.આગામી સમયમાં માંગ વધુ વધશે તેવા નિર્દેશો સાંપડે છે. મળતી માહિતી મુજબ એક સર્વે મુજબ આગામી છ મહિનામાં રીટેલ લોનની માંગ વધવાની શક્યતા છે. બેન્કીંગ એનાલીસ્ટોનાં મંતવ્ય અનુસાર નાણાંકીય વર્ષ 2018 સુધીમાં કુલ લોનનો હિસ્સો 25 ટકા ની સપાટીએ હતો, પરંતુ તાજેતરનાં વર્ષોમાં માંગ વધવાથી તે ત્રીસ ટકાની સપાટીએ સ્પર્શી ગયો છે. આ ટ્રેન્ડ આગામી બે ત્રિમાસિક સમયગાળા સુધી જળવાઇ રહેશે. તેવું મંતવ્ય છે. સવિશેષ કરીને વાહનો ખરીદનારાની માંગ વધવાથી તેમજ રહેઠાણ માટે આવાસો ખરીદનારાની સંખ્યા વધવાથી માંગ સતત વધતી જાય છે. બેન્ક ઓફ બરોડાનાં ચીફ ઈકોનોમીસ્ટનાં દર્શાવ્યા અનુસાર લોન દર હકીકતમાં રેપો રેટ સામે પરોક્ષ રીતે સંકળાયેલ છે. જે રેપોરેટ વધવાથી તેના પણ વધારો જાહેર કરાય છે. રીટેલ લોન બુકમાં 25 ટકાની વૃદ્ધિ નોધાઇ છે તેમ એક્સીસ બેન્કનાં વર્તુળોએ દર્શાવ્યું છે. આ ઉપરાંત ક્રેડિટ કાર્ડ દ્વારા ખર્ચમાં 47 ટકા સુધીનો ખર્ચ વધ્યો છે. ગ્રાહકોની લોન મેળવવાની તત્પરતા દર્શાવે છે કે, તાજેતરનાં મહિનામાં રીટેલ માંગ વધવા પામી છે. આગામી મહિનામાં આ વલણ જાહેર રહેશ તેવું એનાલીસ્ટોનું માનવું છે. આથી સમગ્ર તથા બેન્કીંગ ઈન્ડસ્ટ્રીઝનાં દ્રઢ વિકાસ વધવાનો અંદાજ દર્શાવાયો છે.

મળતી માહિતી મુજબ આગામી વર્ષ 2023 સુધીમાં હોમ લોન નાં વ્યાજનો દર વધીને 9 ટકાની સપાટીએ પહોંચવાની વકી છે. આગામી વર્ષે માર્ચ સુધીનાં રેપોરેટ 5.8 ટકાથી વધીને 6.5 ટકાની સપાટીએ પહોંચશે. આની અસરરુપે હોમલોનનો વ્યાજનો દર વધીને 9 ટકાની સપાટીને આંબી જશે.

# સુરતનાં મેનમેઈડ ફેબ્રીક્સનાં એકમોમાં ક્રમશઃ સુધારાની માંગ

ગુજરાત | વંદન

સુરતમાં 300 ઉપરાંતનાં ટેક્ષટાઇલ માર્કેટ આવેલા છે. તેઓની પાસે લગ્નસરાની મોસમ પૂર્વેની સારી પૂછપરછ રહેવા પામી છે. આ માટેનું કારણ આગામી લગ્નસરાની મોસમ તેમજ દક્ષિણ ભારતમાં પોંગલનાં તહેવારો કારણભૂત પરિબળ છે. સુરત હકિકતમાં મેનમેઇડ ફેબ્રીક્સ ઉત્પાદનનું હબ છે. તેને દેશનાં આંતરિક બજારોમાંથી સારી પૂછપરછ પ્રાપ્ત થઇ રહી છે. હકીકતમાં સુરતનાં મોટા ભાગનાં ટેક્ષટાઇલ એકમોએ દીવાળી પછી 15 દિવસ તેમની કામગીરી બંધ રાખી હતી. કારણ નવા ઓર્ડરનો ફ્લો ઘટી જવા પામ્યો હતો. આ એકમો દીવાળી પછી નાં સપ્તાહ દરમ્યાન 3 થી પાંચ દિવસો બંધ રહ્યા હતા. 7 મી નવેમ્બર 2022 થી સુરતનાં ટેક્ષટાઇલ ઉદ્યોગે કામગીરી શરુ કરી છે. તેઓની પાસે નવા ઓર્ડરોની આવક વધવા પામી છે. જેના પરિણામે સ્ટોક ઇન્વેન્ટરી ઘટાડવામાં મદદરુપ બન્યા છે. જો કે સુરતનાં મેનમેઇડ ફેબ્રીક્સની માંગ ધારણા મુજબ વૃદ્ધિ પામી તથા આગામી લગ્નસરા

# તાતા ગ્રુપની 4 એરલાઇન્સનું મર્જર થશે

ગુજરાત | વંદન

તાતા ગ્રુપે તેની ચાર એરલાઇન્સનું એરઇન્ડિયા નામથી મર્જર કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય કર્યો હોવાનું જાણવા મળે છે. મળતી માહિતી મુજબ પ્રવર્તમાન વિસ્તારા બ્રાન્ડને સમાવેશ કરવાનો નિર્ણય લેવાયો છે. તાતા ગ્રુપ એવિએશન એમ્પાયરને પુનઃ જિવિત કરવા પ્રયાસો હાથ ધરી રહ્યું છે. હકિકતમાં વિસ્તારા

એરલાઇન્સ એ તાતા ગ્રુપ અને સીંગાપુર એરલાઇન્સ વચ્ચેનું સંયુક્ત સાહસ છે. સીંગાપુર એરલાઇન્સ દ્વારા એક નિવેદનમાં દર્શાવાયું છે કે, સીંગાપુર એરલાઇન્સ અને તાતા ગ્રુપ વચ્ચે વાટાઘાટો ચાલી રહી છે. તાતા ગ્રુપ પ્રવર્તમાન ભાગીદારીને વધુ ગાઢ બનાવવાનું સક્રિયપણે વિચારી રહી હોવાનું જાણવા મળે છે. આ હેતુથી વિસ્તારા અને એરઇન્ડિયાનું મર્જર - એકીકરણ પણ થઇ શકશે. એરઇન્ડિયાનાં નવા માલિકો તાતા ગ્રુપ આ કંપનીને પુનઃજીવિત કરવાની અગ્ર ધોરણે તૈયારી દર્શાવી રહી છે. કુલ સર્વીસ કેરિયર ૩૦૦થી વધુ નેરો બોડી જેટ માટે ઓર્ડર આપવા વિચારાયું છે. આ નિર્ણય કોમર્શીયલ એવીએશન નાં ઇતિહાસમાં સૌથી મોટો નિર્ણયપુરવાર થશે. બોઇંગ તેમજ એરબસ પહેલેથી જ આ માટેનો ઓર્ડર મેળવવા વધુ સક્રિય છે.

એરલાઇન્સનું મૂલ્ય 500 કરોડ ડોલર (રુપિયા 40850 કરોડ) આંકવામાં આવ્યા છે. આ નવી એરલાઇન્સ ડીસેમ્બર માસથી 25 એરબસ અને લીઝ કંપનીઓ પાસેથી પાંચ બોઇંગ વિમાનનો તેના કાફલામાં ઉમેરવાની યોજના છે.

**પ્રોત્સાહન** બેંકનો 4.5 લાખ ખેડૂતો સુધી પહોંચવાનો ઉદ્દેશ , લિમ્કા બુક ઓફ રેકોર્ડ્ઝમાં સ્થાન મળ્યું હતું

# બેંક ઓફ બરોડા દ્વારા કિસાન પખવાડીયાની પાંચમી એડિશનનું ઉદ્ઘાટન

ગુજરાત | વંદન

બરોડા કિસાન પખવાડા ભારતીય ખેડૂત સમુદાય સાથે જોડાવા અને બેંક દ્વારા ઓફર થતા વિવિધ ઉત્પાદનો અને યોજનાઓ તથા સરકારે શરૂ કરેલી પ્રોત્સાહનજનક પહેલો અંગે જાગૃતિ લાવવા એક મંચ છે. બેંકનો ઉદ્દેશ બરોડા કિસાન પખવાડા કાર્યક્રમ દરમિયાન 4.5 લાખ ખેડૂતો સુધી પહોંચવાનો છે

15 નવેમ્બર, 2022: ભારતની અગ્રણી સરકારી બેંકો પૈકીની એક બેંક ઓફ બરોડાએ આજે બરોડા કિસાન પખવાડાની પાંચમી એડિશન શરૂ કરવાની જાહેરાત કરી હતી. ખેડૂતો સાથે જોડાણના આ વાર્ષિક જોડાણ કાર્યક્રમ 15 નવેમ્બર, 2022થી શરૂ થશે અને 30 નવેમ્બર, 2022ના રોજ બરોડા કિસાન દિવસ ઉજવણી સાથે સંપન્ન થશે. 2-અઠવાડિયાના કૃષિ મહોત્સવ દરમિયાન બેંક ખેડૂતો સુધી પહોંચવાના વિવિધ કાર્યક્રમો દ્વારા 4.5 લાખ ખેડૂતો સાથે જોડાશે. બેંકનું સમગ્ર દેશમાં 5,000 અર્ધશહેરી અને ગ્રામીણ શાખાઓનું નેટવર્ક મુખ્યત્વે કૃષિ ગ્રાહક જોડાણ સેગમેન્ટ તરીકે કામ કરશે અને બરોડા કિસાન પખવાડા'માં સક્રિયપણે સહભાગી થશે.

'બરોડા કિસાન પખવાડા'ની ડિઝાઈન બેંકને કૃષિ સમુદાય સાથે જોડાણને વેગ આપવા તથા બેંક ઓફ બરોડા દ્વારા ઓફર થતા વિવિધ કૃષિ ઉત્પાદનો, યોજનાઓ અને ડિલિવરી ચેનલ્સ તેમજ ખેડૂતોના લાભ માટે સરકારની પહેલો વિશે વિશે જાગૃતિ લાવવા બનાવવામાં આવી છે.

ખેડૂત બેઠકો, ચૌપાલ, કિસાન મેળા વગેરે જેવા આઉટરિચ કાર્યક્રમો દ્વારા બેંક બરોડા કિસાન ક્રેડિટ કાર્ડ, ટ્રેક્ટર લોન,




ગોલ્ડ લોન, સ્વયંસહાય જૂથો (SHGs)/ જોઈન્ટ લાયાબિલિટી ગ્રૂપ્સ (JLGs), કૃષિ સંલગ્ન પ્રવૃત્તિઓ વગેરે માટે ધિરાણ અને ખેડૂતોને ઉપલબ્ધ ઓફર જેવા વિવિધ કૃષિ ધિરાણ ઉત્પાદનો વિશે વિગતવાર માહિતી પ્રદાન કરશે. બેંકે કૃષિ લોન માટે સુવિધાજનક રીતે અરજી કરવા તેમને સક્ષમ બનાવવા કૃષિ સેગમેન્ટ માટે ચોક્કસ ડિજિટલ બેંકિંગ સેવાઓ પણ શરૂ કરી છે. કાર્યક્રમમાં વિવિધ સરકારી કૃષિ પહેલોને પણ પ્રોત્સાહન આપવામાં આવશે, જેમ કે આત્મનિર્ભર ભારત પેકેજ અંતર્ગત ધિરાણ યોજનાઓ એટલે કે એગ્રિકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ (એઆઈએફ), એનિમલ હસબન્ડરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ફંડ (એએચઆઈડીએફ), પ્રધાનમંત્રી મત્સ્ય સમ્પદા યોજના (પીએમએમએસવાય), પીએમ ફોર્મેલાઈઝેશન ઓફ માઈક્રો ફૂડ પ્રોસેસિંગ એન્ટરપ્રાઈઝીસ સ્કીમ (PM-FME) વગેરે. આ પ્રસંગે બેંક ઓફ બરોડાના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ સંજીવ ચઢ્ઢાએ કહ્યું હતું કે, "સરકારી ક્ષેત્રની અગ્રણી બેંક તરીકે બેંક ઓફ બરોડા ભારતીય ખેડૂત સમુદાય સાથે જોડાણનો ઊંડો અને મજબૂત વારસો ધરાવે છે. અમે મુખ્ય પ્રવાહના બેંકિંગ સાથે ગ્રામીણ અને અર્ધ-શહેરી ભારત સાથે જોડાણ કરશે, તેમને વિવિધ ધિરાણ ઉત્પાદનો અને બેંકિંગ સેવાઓ સાથે તેમની કૃષિ કામગીરીઓ વધારવા સક્ષમ બનાવશે. 'બરોડા કિસાન પખવાડા' બેંકિંગ ઉદ્યોગમાં વિશિષ્ટ અને ખરાં અર્થમાં પ્રથમ પ્રકારની પહેલ છે, જે અમારા કૃષિ ગ્રાહકો સાથે અમારા સંબંધોને મજબૂત કરવાની તક આપે છે અને દેશમાં તેમના પ્રદાનને બિરદાવે છે."વર્ષ 2018માં બરોડા કિસાન પખવાડાની પ્રથમ એડિશનને "લિમ્કા બુક ઓફ રેકોર્ડ્ઝ"માં સ્થાન મળ્યું હતું, કારણ કે દેશમાં આ પ્રકારના કાર્યક્રમમાં સૌથી વધુ સંખ્યામાં ખેડૂતો સામેલ થયા હતા.

ચાલુ વર્ષે બેંકનો ઉદ્દેશ કાર્યક્રમની પહોંચ વધારવાનો અને વધુ ખેડૂતોને વિવિધ ઉત્પાદનો પ્રસ્તુત કરીને બેંકિંગ ક્ષેત્રમાં લાવવાનો છે, જેમાં બરોડા કિસાન ક્રેડિટ કાર્ડ (BKCC), ટ્રેક્ટર લોન, ગોલ્ડ લોન, SHGs/JLGsને ધિરાણ, કૃષિ સંલગ્ન પ્રવૃત્તિઓ, ખેડૂત ઉત્પાદક મંડળીઓ/કંપની (FPO/FPCs), ફૂડ એન્ડ એગ્રો પ્રોસેસિંગ યુનિટ્સ વગેરે સામેલ છે.

# એબીજી શીપયાર્ડનાં ચેરમેન કષિ અગ્રવાલ સામે CBIની ચાર્જશીટ

ગુજરાત | વંદન

સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન્સ દ્વારા તાજેતરમાં એબીજી શીપયાર્ડ નાં ચેરમેન કષિ અગ્રવાલ સામે ચાર્જશીટ ફાઈલ કરવામાં આવ્યા છે. મળતી માહિતી મુજબ આ કંપનીનાં ચેરમેન દ્વારા રુપિયા 22842નું બેન્ક ફોડ કરાયું છે. સીબીઆઈ એ સ્પેશીયલ કોર્ટ સમક્ષ એબીજી શીપયાર્ડ સામે ચાર્જશીટ કાયમ કર્યા છે. આ કૌભાંડની બાબતમાં શ્રી ક્ષિ અગ્રવાલ ઉપરાંત 18 કંપનીઓ કે જેમાં ત્રણ સીંગાપુર સ્થિત કંપનીઓ છે. તેમનો સમાવેશ થાય છે. મુંબઈ સ્થિત પ્રાઈવેટ કંપની સમક્ષ પણ ચાર્જશીટ રજૂ કરાયા છે. તેમાં કંપનીનાં ચેરમેન અને પ્રમોટર સંડોવાયેલા છે. આ ઉપરાંત ચીફ ફાઈનાન્સીયલ ઓફિસર ના દર્શાવ્યા અનુસાર વાઈસ પ્રેસિડેન્ટ તેમજ મળતી માહિતી મુજબ કંપનીનું ઓફશોર કામગીરી સંભાળતા અને સ્ટેટ્યુટરી ઓડિટર નો સમાવેશ થયો છે. સ્ટેટ્યુટટી ઓડિટર ઉપરાંત 18 જેટલી વ્યકિત અને કંપનીઓએ રુપિયા 25842 કરોડનું કૌભાંડ કર્યું છે.

આ કંપનીએ રુપિયા 5000 કરોડની માતબર રકમ ડાઈવર્ટ કરી હતી. શ્રી અગ્રવાલની પ્રોપર્ટી પર એટેચમેન્ટ લાવવામાં આવ્યું છે. સ્ટેટબેન્ક ઓફ ઈન્ડિયા આ ક્રીમીનલ ઓફન્સ ચીટીંગ કર્યાનું બહાર આવ્યું છે. એસબીઆઈનાં રુપિયા 2465.58 કરોડની રકમ સલવાઈ જવા પામી છે. આ ઉપરાંત 28 બેન્કો જેમાં આઈસીઆઈસીઆઈ બેન્કનો પણ સમાવેશ થયેલ છે.

# લગ્ન સીઝનમાં જ્વેલરી ડિઝાઈન્સવાળી એસેસરીઝ હેર સ્ટાઈલને બનાવશે સૌથી સુંદર



મહિલાઓ તેમના લુક માટે હંમેશાં બહુ સભાન રહે છે. મહિલાઓ પગથી લઈને માથા સુધી દરેક વસ્તુ માટે બહુ ધ્યાન રાખે છે. જો આપણે હેર સ્ટાઈલની વાત કરીએ તો, આજકાલ તમને ઈન્ટરનેટ પર ઘણા પ્રકારની સ્ટાઈલ જોવા મળશે અને તેમાંથી તમે સ્ટાઈલિશ લુક માટે હેર એસેસરીઝનો ઉપયોગ કરી શકો છો. ઉલ્લેખનિય છે કે, આજકાલ જ્વેલરી ડિઝાઈનવાળી હેર એસેસરીઝ બહુ ચલણમાં છે અને તે દરેક ઉંમરની મહિલાઓ પર સુંદર લાગે છે.

જોકે આમામ પણ ઘણી મહિલાઓ બહુ કન્ફ્યૂઝ રહે છે કે, વાળમાં કેવા પ્રકારની જ્વેલરી સ્ટાઈલ કરી શકાય છે. જો તમે પણ આ મહિલાઓમાંની એક હોય તો, આ આર્ટિકલને અંત સુધી વાંચો, જેમાં અમે તમને જણાવશું, લગ્ન કે પાર્ટી માટે તમે કેવા પ્રકારની હેર જ્વેલરી સ્ટાઈલ કરી શકો છો અને તમારા લુકને કમ્પ્લીટ કરી શકો છો.

**ક્રાઉન ડિઝાઇન જ્વેલરી હેર એસેસરીઝ** | જો તમે વાળને ખુલ્લા રાખવા ઈચ્છતા હોવ તો તમે આ પ્રકારની હેર એક્સેસરી પસંદ કરી શકો છો. આ પ્રકારની હેર એક્સેસરી તમને 100 રૂપિયાથી 150 રૂપિયા સુધીમાં સરળતાથી મળી રહેશે. આ પ્રકારની હેર એક્સેસરીઝ લેહંગાની સાથે-સાથે ગાઉન સાથે પણ મોર્ડન લુક આપે છે. તમે ઈચ્છો તો હેવી લુક માટે વાળમાં પર્લ ડિઝાઈન વાળાં બીડ્સનો ઉપયોગ કરી શકો છો.

**બન હેર સ્ટાઈલ માટે** | જે તમને સિંપલ બન હેર સ્ટાઈલ ગમતી હોય તો આ માટે તમે આ રીતે મલ્ટી-લેયર ચેનને બન પર સજાવી શકો છો. આ એક્સેસરીઝ તમને બજારમાં લગભગ 150 થી 300 રૂપિયા સુધીમાં મળી રહેશે. આ પ્રકારનો લુક મોટાભાગે સાડી સાથે બહુ સુંદર લાગે છે. બજારમાં તમને આ એક્સેસરીઝમાં પર્લ અને કુંદન જેવી ડિઝાઈન્સ જોવા મળશે.

**બ્રેડ હેર સ્ટાઈલ માટે** | જોવામાં બ્રેડ હેર સ્ટાઈલ ખૂબજ સુંદર દેખાય છે, પરંતુ તેને સજાવવા માટે તમે આ પ્રકારની ચેન સ્ટાઈલ જ્વેલરીનો ઉપયોગ કરી શકો છો. બ્રેડ હેર સ્ટાઈલ તમે લહેંગા સાથે સ્ટાઈલ કરી શકો છો. સાથે-સાથે તમે તેના પ્રમાણેની હેર એક્સેસરીઝ પણ પસંદ કરી શકો છો. આ પ્રકારની હેર એક્સેસરીઝ તમને બજારમાં લગભગ 300 રૂપિયા સુધીમાં સરળતાથી મળી રહેશે.



# શિયાળામાં રોજ પીઓ તેજપત્તાની ચા, સ્વાસ્થ્યને મળશે ઘણાં ફાયદા

તેજપત્તાં સ્વાસ્થ્ય માટે ખૂબજ ફાયદાકારક ગણાય છે. આયુર્વેદમાં તેજપત્તાનો ઉપયોગ ઔષધી તરીકે કરવામાં આવે છે. તેજપત્તાં રસોઈનો સ્વાદ અને સુગંધ તો વધારે જ છે, સાથે-સાથે ઘણા ફાયદા પણ આપે છે. તેજપત્તાંમાં વિટામિન સી, એ, બી, ઈ, આયર્ન, કેલ્શિયમ, પોટેશિયમ, કૉપર અને ઘણા પ્રકારના એન્ટીઑક્સિડેન્ટ ગુણ હોય છે, જે સ્વાસ્થ્ય સમસ્યાઓને દૂર કરવામાં મદદ કરે છે. તમે તેજપત્તાનો ઉપયોગ રસોઈમાં સ્વાદ વધારવા માટે તો કરી જ શકો છો, સાથે-સાથે તેમાંથી ચા પણ બનાવી શકાય છે, જેના સેવનથી ઘણા સ્વાસ્થ્ય ફાયદા મળે છે.

તેજપત્તાની ચા પીવાથી સ્વાસ્થ્યને ઘણા ફાયદા મળે છે. શિયાળામાં તેજપત્તાની ચા પીવાથી શરીરને અંદરથી ગરમાવો મળે છે. આજે અમે તમને જણાવી રહ્યા છીએ તજપત્તાની ચા બનાવવાની રીત અને તેનાથી મળતા ફાયદા.

**તેજપત્તાની ચા બનાવવાની રીત** | સામગ્રી, તેજપત્તાં -2 થી 3 ટુકડા, તજનો પાવડર - એક ચપટી, પાણી -2 કપ, મધ - 1/2 ચમચી, લીંબુ - અડધો ટુકડો

**બનાવવાની રીત** | સૌથી પહેલાં તેજપત્તાંને પાણીથી ધોઈ લો અને એક સૉસ પેનમાં 2 કપ પાણી ગરમ કરો. હવે ગરમ પાણીમાં તેજપત્તાં નાખો અને ઉકળવા દો. તેજપત્તાંને એક મિનિટ માટે ઉકાળ્યા બાદ તેમાં તજનો પાવડર નાખો. આ મિશ્રણને 2-3 મિનિટ સુધી ગેસ પર ઉકળવા દો અને પછી તેમાં મધ મિક્સ કરો. તૈયાર છે તમારી તેજપત્તાની ચા. તેને ગરણીથી ગાળી લો. હવે તેમાં તમારા સ્વાદ અનુસાર લીંબુનો રસ મિક્સ કરો. શિયાળામાં તમે અઠવાડિયામાં બે વાર તેજપત્તાની ચાનું સેવન કરી શકો છો.

તેજપત્તાની ચા પીવાથી શરીરનું મેટાબૉલિઝમ બૂસ્ટ થાય છે અને મેદસ્વિતા અને વજન ઘટાડવામાં મદદ મળે છે. નિયમિત તેજપત્તાની ચા પીવાથી શરીરની વધારાની ચરબી બર્ન થાય છે અને વજન નિયંત્રિત કરવામાં મદદ કરે છે.

ડાયાબિટીઝના દર્દીઓ માટે તેજપત્તાની ચા ખૂબજ ફાયદાકારક રહે છે. નેશનલ સેન્ટર ફોર બાયોટેક્નોલૉજીના એક રિસર્ચ અનુસાર તેજપત્તાનું સેવન કરવાથી શરીરમાં ઈંસુલિન લેવલ સુધારવામાં મદદ મળે છે. વધુમાં તેજપત્તાની ચા લોહીમાં ગ્લૂકોઝની માત્રા ઘટાડી શકે છે, જેનાથી ડાયાબિટીસને નિયંત્રિત કરવામાં મદદ કરે છે.

તેજપત્તાની ચામાં પોટેશિયમ, એન્ટીઑક્સિડેન્ટ્સ જેવાં પોષતતત્વો હોય છે, જેનાથી બ્લડ પ્રેશર નિયંત્રિત કરવામાં મદદ મળે છે.

# આ છે વર્ષ 2022ની સૌથી સસ્તી અને સુંદર જગ્યાઓ, વર્ષના અંતે જાઓ ફરવા..

જો તમે પણ વર્ષના અંતમાં કોઈ સુંદર જગ્યાએ ફરવા જવા ઈચ્છતા હોવ તો, આજે અમે તમને જણાવી રહ્યા છીએ સૌથી ઓછા ખર્ચે ફરી શકાય એવી જગ્યાઓ અંગે. આ આર્ટિકલમાં આજે અમે તમને જણાવી રહ્યા છીએ આપણા દેશની એ જગ્યાઓ અંગે, જે વર્ષ 2022 ની સૌથી સસ્તી અને સુંદર જગ્યાઓ તરીકે સાબિત થઈ છે. જો તમે પણ વર્ષના અંતમાં ફરવા જવાનો પ્લાન બનાવી રહ્યા હોવ તો, આ જગ્યાઓ ખાસ તમારા જ કામની છે. જ્યાં તમે તમારા બજેટમાં ભરપૂર મજા માણી શકો છો.



## ગોવા

ગોવા, ફરવા માટે બહુ સુંદર જગ્યા છે. જો તમે કોઈ સુંદર જગ્યાએ વેકેશન માણવા ઈચ્છી રહ્યા હોય અને ઓછા બજેટમાં ફરવા ઈચ્છતા હોવ તો, ગોવા તમારા માટે સારી પસંદ છે. અહીં તમે ઓછા ખર્ચે પણ ભરપૂર મજા માણી શકો છો.



## ઋષિકેશ

સૌથી સુંદર અને સસ્તી જગ્યાઓની યાદીમાં બીજા નંબરે ઉત્તરાખંડનું ઋષિકેશ છે. આ યાદીમાં નૈનીતાલ પણ છે, પરંતુ ઋષિકેશ સસ્તી જગ્યા હોવાની સાથે-સાથે પ્રવાસીઓની પહેલી પસંદ પણ છે. અહીં તમે ટ્રેકિંગ, રિવર રાફ્ટિંગ અને રૉક ક્લાઈમ્બિંગ વગેરે એડવેન્ચર એક્ટિવિટીની ભરપૂર મજા માણી શકો છો.



## અલ્લેપ્પી

દક્ષિણ-ભારતમાં એવી ઘણી જગ્યાઓ છે, જ્યાં હજારોની સંખ્યામાં પ્રવાસીઓ ફરવા માટે પહોંચે છે, પરંતુ વર્ષ 2022 ની સૌથી સસ્તી જગ્યાઓમાં અલ્લેપ્પીનું નામ પણ છે. કેરળનું અલ્લેપ્પી એક નહીં પરંતુ ઘણા અદભુત દ્રષ્યો અને સુંદર સમુદ્ર કિનારાઓ માટે જાણીતું છે. અહીં તમે શિયાળામાં અને ચોમાસામાં અદભુત મજા માણી શકો છો.



## જયપુર

આમ તો રાજસ્થાનમાં એક-એકથી ચડિયાતી જગ્યાઓ છે, પરંતુ વર્ષ 2022 ની સૌથી સસ્તી અને સુંદર જગ્યાઓમાં રાજસ્થાનના જયપુરનો સમાવેશ થાય છે. જયપુરમાં આવેલ ઐતિહાસિક ફોર્ટ, પેલેસ જેવી જગ્યાઓ જોવા માટે માત્ર આપણા દેશના લોકો જ નહીં વિદેશી પ્રવાસીઓ પણ પહોંચે છે. ઉલ્લેખનિય છે કે, આ યાદીમાં જયપુરની સાથે-સાથે ઉદયપુરનો સમાવેશ પણ થાય છે.



## મેઘાલય

જ્યારે પણ નોર્થ-ઈસ્ટની વાત થાય ત્યારે મેઘાલયનું નામ ચોક્કસથી આવે છે. મેઘાલય એક એવી જગ્યા છે જે તેના અદભુત સૌંદર્ય માટે આખા ભારતમાં જાણીતું છે. વર્ષ 2022 ની સૌથી સસ્તી અને સુંદર જગ્યાઓમાં મેઘાલયનો પણ સમાવેશ થાય છે. ખાસ કરીને શિયાળામાં તો અહીં સૌથી વધારે પ્રવાસીઓ ફરવા માટે આવે છે.



# કેસરનું સેવન કરવાથી ઘટે છે વજન, કેન્સર જેવી બીમારીમાંથી મળે છે છૂટકારો

મોટાભાગનાં લોકોના રસોડામાં કેસર હોય છે. કેસર હેલ્થ માટે અનેક રીતે ફાયદાકારક છે. રસોડામાં વપરાતા મસાલાની વાત કરીએ તો કેસર એમાંથી એક છે. કેસર ક્રોક્સના ફુલોમાંથી બનતા દોરા જેવું દેખાતુ ફુલ છે. આનો ઉપયોગ દૂધ સિવાય અનેક રીતે કરવામાં આવે છે. મીઠાઈનો સ્વાદ વધારવામાં કેસરનો ઉપયોગ કરવામાં આવે છે. નિયમિત રીતે કેસરનું સેવન કરવાથી માનસિક સમસ્યાઓમાંથી રાહત મળે છે. આ સિવાય સ્કિન સંબંધીત સમસ્યાઓમાંથી પણ છૂટકારો મળે છે. તમને જાણીને નવાઈ લાગશે કે કેસર સ્કિનની ખૂબસુરતી વધારવામાં મદદ કરે છે. કેસરમાં એન્ટી ઓક્સીડન્ટ્સ ગુણ હોય છે. આ કોશિકાઓના મુક્ત કણો અને ઓક્સીડેટિવ તણાવથી બચવામાં મદદ કરે છે. આ સિવાય કેસરમાં ક્રોસિન, ક્રોસેટિન, સફરનાલ જેવા એન્ટી ઓક્સીડન્ટ્સ સારી માત્રામાં હોય છે. આનું સેવન કરવાથી શરીરમાં આવતા સોજા ઓછા થઈ જાય છે. તમને ભૂખ લાગતી નથી તો તમે કેસરનું સેવન કરી શકો છો

**કેન્સરથી બચાવે** | કેસરમાં એન્ટી ઓક્સીડન્ટ્સ હોય છે જે હાનિકારક ફ્રી રેડિકલ્સથી બચાવવામાં મદદ કરે છે. ફ્રી રેડિકલને કારણે કેન્સરનો રોગ થઈ શકે છે. એવામાં તમે બે તાંતણા રોજ કેસરના ખાઓ છો તો કેન્સર જેવા ભયંકર રોગોમાંથી તમે બચી શકો છો.

**તણાવ ઓછો કરે** | કેસરમાંથી મળતા અનેક પ્રકારના ગુણો સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે. નિયમિત રીતે કેસરનું સેવન કરવાથી સ્ટ્રેસ ઓછો થાય છે. આ સાથે જ તમે ડિપ્રેશન જેવી બીમારીથી દૂર રહો છો. તમારા ઘરમાં સતત કોઈ સ્ટ્રેસમાં રહે છે તો તમે રોજ કેસરનું દૂધ પીવડાવો. આમ કરવાથી સ્ટ્રેસ ઓછો થાય છે અને સાથે ડિપ્રેશન જેવી બીમારીથી બચી શકો છો.

# ક્યારે નહીં પડે કોઇ દવાની જરૂર, લિવરને હેલ્ધી રાખવા બ્રોકલીથી લઇને આ વસ્તુઓનું સેવન કરો

સ્વસ્થ શરીર હોવું ખૂબ જરૂરી છે. ખરાબ ખાણી-પીણીની સીધી અસર લિવર પડે છે. ખરાબ ખાવાથી લિવર સૌથી પહેલા પ્રભાવિત થાય છે. સારા શરીર માટે એક્સેસાઈઝ કરવી ખૂબ જરૂરી છે. એક્સપર્ટ અનુસાર લિવર શરીરનો એવો ભાગ છે જે ખરાબ થાય તો એની જાતે જ સારું થવામાં મદદ મળે છે. આમ, જો તમે લિવરને સ્વસ્થ રાખવા ઈચ્છો છો તો આ ફુડ્સનું સેવન કરો. આ ફુડ્સ તમારા લિવરને સ્વસ્થ રાખવાનું કામ કરે છે. તો તમે પણ ભૂલ્યા વગર રોજ આ ફૂડ્સનું સેવન કરો અને લિવરને હેલ્ધી બનાવો.



**લીલા શાકભાજી** | લીલા શાકભાજીનું સેવન લિવરને સ્વસ્થ રાખવામાં મદદ કરે છે. લીલા શાકભાજીમાં મળતા એન્ટી ઓક્સિડન્ટ્સ લિવરને ફ્રી રેડિકલ્સથી બચાવવામાં મદદ કરે છે. ખાસ કરીને પાલક લિવર માટે સૌથી વધારે ફાયદાકારક છે. તમે લીલા શાકભાજીનું શાક બનાવીને તેમજ સલાડના રૂપમાં આનું સેવન કરી શકો છો. લીલા શાકભાજીમાં લિવરમાં મળતા કેમિકલ્સ ન્યૂટ્રલાઈઝ કરવામાં મદદ કરે છે. લીલા શાકભાજી સ્વાસ્થ્ય માટે અનેક રીતે ફાયદાકારક છે. આ માટે દરેક લોકોએ લીલા શાકભાજીનું સેવન રેગ્યુલર કરવું જોઈએ.

**બીટ** | બીટ ખાવાથી સ્વાસ્થયને અનેક ઘણો ફાયદો થાય છે. સંશોધન અનુસાર બીટનો જ્યૂસ સ્વાસ્થ્યને અનેક રીતે ફાયદો પહોંચાડે છે. તમે બીટનો જ્યૂસ, બીટનો સલાડ ખાઈ શકો છો. બીટ તમારી સ્કિનને અનેક રીતે ફાયદો પહોંચાડે છે. બીટમાં એન્ટી ઓક્સિડન્ટ્સ સારું હોય છે જે લિવરમાં આવતા સોજાને ઓછુ કરવામાં મદદ કરે છે. લિવરને સ્વસ્થ રાખવું બહુ જરૂરી છે.

# ભારે પાયલ પહેરવામાં તકલીફ પડતી હોય તો દુલ્હન માટે આ ડિઝાઇન રહેશે બેસ્ટ

દુલ્હનના શણગારમાં ઘરેણાંનું બહુ મહત્વ છે. માથાથી લઈને પગ સુધી દરેક પ્રકારના ઘરેણાનું અલગ-અલગ મહત્વ છે. આ જ રીતે પાયલનું પણ દુલ્હનના શણગારમાં બહુ મહત્વ છે. પાયલ પગની શોભા તો વધારે જ છે સાથે-સાથે તેનું ધાર્મિક મહત્વ પણ બહુ છે. જોકે આધુનિકતાના આ જમાનામાં છોકરીઓને ટ્રેડિશનલ અંદાજમાં દુલ્હનની જેમ શણગાર કરવો નથી ગમતો. જેના કારણે તેમને ભારે પાયલ પહેરવી પણ નથી ગમતી. એટલે જ આજે અમે તમારા માટે ખાસ ઓછા વજનવાળી પાયલની ડિઝાઈન્સ લાવ્યા છીએ, જેને તમે બ્રાઈડલ ગેટઅપમાં પણ કેરી કરી શકો છો. તમને બજારમાં ચાંદી અને આર્ટિફીશિયલ બંને પાયલ મળી રહેશે, તમે તમારી પસંદ અનુસાર તેને પસંદ કરી શકો છો.



## લેયરવાળી પાયલ

લેયરવાળી પાયલમાં તમને લાઈટ અને હેવી વેટ એમ બંને પાયલ મળી રહેશે. આ જોવામાં ટ્રેન્ડી તો લાગે જ છે અને બ્રાઈડલ લહેંગા સાથે પગની શોભા પણ વધારે છે. લેયરવાળી પાયલમાં મોતી, કુંદન અને મીના વર્ક મળી રહેશે. તમને લહેંગા સાથે મેચિંગ વર્કવાળી પાયલ પણ બજારમાં મળી રહેશે. આ પ્રકારની આર્ટિફિશિયલ પાયલ બજારમાં 250 થી 350 રૂપિયા સુધીમાં મળી રહેશે.



## ઝાંઝરીવાળી પાયલ

ઝાંઝરીવાળી પાયલ તમને ટ્રેડિશનલ અને મોડર્ન એમ બંને પ્રકારની ડિઝાઈન્સમાં મળી રહેશે. તમને બ્રાઈડલ લુકમામ જે પ્રકારની ડિઝાઈન ગમે તે તમે પસંદ કરી શકો છો. ઝાંઝરીવાળી પાયલમાં તમને નાજુકમાં નાજુક ડિઝાઈનમાં ખૂબજ સુંદર પાયલ મળી રહેશે, જેને તમે સાડી અને સલવાર સૂટ સાથે પણ પહેરી શકો છો. બજારમાં આ ડિઝાઈનમાં તમને આર્ટિફિશિયલ પાયલ 150 થી 250 રૂપિયા સુધીમાં મળી જશે.







## ચેનવાળી પાયલ

ચેનવાળી પાયલમાં તમને બજારમાં ઘણી ડિઝાઈન્સ મળી રહેશે. આ પ્રકારની પાયલ તમને ચેનમાં ઘણા પ્રકારની ડિઝાઈન્સમાં મળી રહેશે. ચેનવાળી પાયલની ખાસિયત એ છે કે, તે પગમાં વાગતી નથી. આ પહેરવામાં લાઈટ વેટ હોય છે અને દેખાવમાં હેવી લાગે છે. તમે તેને લહેંગા, સાડી અને સલવાર સૂટ સાથે પણ પહેરી શકો છો.ચેનવાળી પાયલમાં તમને મીના વર્ક, મોતી વર્ક અને કુંદન વર્ક પણ મળી રહેશે. એટલું જ નહીં, તમને જર્ક વર્કમાં પણ ખૂબજ સુંદર ચેનવાળી પાયલ મળી જશે. બજારમાં તમને પ્યોર સિલ્વરમાં આ પ્રકારની કે તેનાથી હળતી-ભળતી ઘણી ડિઝાઈન્સ મળી રહેશે. ચાંદીમાં જે દિવસે જે ભાવ હશે એ પ્રમાણે તમારે ભાવ ચૂકવવા પડશે. એટલે તમે આર્ટિફિશિયલની સાથે-સાથે ચાંદીની પાયલ પણ ખરીદી શકો છો.





## ફૂટબોલ વર્લ્ડકપમાં પ્રથમ મોટો અપસેટ

# આર્જેન્ટિના પ્રથમ મેચમાં હાર્યું, 36 મેચનો વિજયરથ અટક્યો

### ફુટબોલ જગતના ઈતિહાસમાં અરેબિયાએ અર્જેન્ટીના સામે પ્રથમ મેચ જીતી

ગુજરાત | વંદન

ફિફા વર્લ્ડકપમાં 2022નો પ્રથમ મોટો અપસેટ સર્જાયો છે. મંગળવારે લુસેલ સ્ટેડિયમમાં રમાયેલી ગ્રુપ-સીની મેચમાં સાઉદી અરેબિયાએ અર્જેન્ટીનાને 2-1થી હરાવ્યું છે. આમ સાઉદી અરેબીયાએ અર્જેન્ટીનાનો 36 મેચનો વિજયરથ અટકાવ્યો હતો. આર્જેન્ટિના છેલ્લા ૩૬ મેચમાં ક્યારેય હારી ન હતી . આજે તેના વિજયની હારમાળા અટકી ગઈ હતી. ફુટબોલ જગતના ઈતિહાસમાં સાઉદી અરેબિયાએ અર્જેન્ટીના સામે પ્રથમ મેચ જીતી છે. અગાઉ બંને દેશો વચ્ચે કુલ ચાર મેચો રમાઈ હતી, જેમાં અર્જેન્ટીના બે મેચ જીતી હતી અને અન્ય બે મેચો ડ્રો થઈ હતી.




**મેચના બીજા હાફમાં સાઉદી અરેબિયિા સફળ થયું** | મેચના બીજા હાફમાં સાઉદી અરેબિયિાએ કમાલ કરી દીધો. અરેબિયાના ખેલાડી અલશેહરીએ મેચની 48મી મનિટિમાં પ્રથમ ગોલ કર્યો, ત્યારબાદ 54મી મનિટિમાં સલેમ અલ-દાવસારીએ ગોલ કરી ટીમને 2-1થી આગળ લઈ ગયા.

**સાઉદી અરેબિયાની ટીમ** | મોહમ્મદ અલ-ઓવૈસ (ગોલકીપર), સઉદ અબ્દુલહમિદ, હસન અલ-તમ્બાકતી, અલી અલ-બુલાયહી, યાસર અલ-શાહરાની, મોહમ્મદ કન્નો, અબ્દુલ્લાહ અલ-મલ્કી, સલમાન અલ-ફરાજ (કેપ્ટન), સલેમ અલ-દાવસારી, ફિરાસ અલ-બ્રિકેન, સાલેહ અલ-શેહરી.

**આર્જેન્ટિનાની ટીમ** | ઈમિલિયાનો માર્ટિનેઝ (ગોલકીપર), નહુએલ મોલિના, ક્રિસ્ટિયન રોમેરો, નિકોલસ ઓટામેન્ડી, નિકોલસ ટૈગેલિયાફિકો, રોડ્રિગો ડી પૉલ, લિએન્ડ્રો પરેડેસ, એલેજાન્ડ્રો ગોમેઝ, , લોટારો માર્ટિનેઝ, એન્જલ ડી મારિયા, લિયોનેલ મેસ્સી (કેપ્ટન).

#### પ્રથમ હાફમાં બંને દેશોએ ગોલ કર્યા, બંને ઓફસાઈટ જાહેર કરાયા

પ્રથમ હાફમાં અર્જેન્ટીએ પણ ગોલ કરવાના ભરપૂર પ્રયાસ કર્યા, જોકે તે સત્તાવાર રીતે સફળ થયું નહીં. ત્યારબાદ લોટારો માર્ટિનેજે પણ એક ગોલ કર્યો હતો, જોકે તેને રદ કરવામાં આવ્યો, કારણ કે VARએ આ ગોલને ઓફસાઈડ જાહેર કર્યો હતો. આ ઉપરાંત પ્રથમ હાફમાં મેસ્સીનો ગોલ પણ ઓફસાઈડ જાહેર કરાયો હતો.

#### પ્રથમ હાફમાં અર્જેન્ટીએ કર્યો પ્રથમ ગોલ

આ મેચમાં 10મી મીનિટે જ પ્રથમ ગોલ થઈ ગયો હતો. આ ગોલ કેપ્ટન લીઓનેલ મેસ્સીએ પેનલ્ટી દ્વારા કર્યો હતો. સાઉદી અરેબિયાના ખેલાડી અબ્દુલ્લાહમિદે અર્જેન્ટીનાના ખેલાડીને રોકવાનો પ્રયાસ કર્યો, જેના કારણે તે સાઉદી અરેબિયાના બોક્સમાં જઈને પડ્યો. ત્યારબાદ રેફરીએ VAR ચેક દ્વારા અર્જેન્ટીનાને પેનલ્ટી આપી અને મેસ્સીએ આ પેનલ્ટીનો લાભ ઉઠાવી ગોલ કરવામાં સફળ થયો.

## અર્જુન એવૉર્ડ મળી ગયાના પાંચ વર્ષ બાદ અંતે ટ્રોફી ઉઠાવતો ચેતેશ્વર પુજારા



ગુજરાત | વંદન

ભારતીય બેટર તેમજ રાજકોટના ગૌરવ એવા ચેતેશ્વર પુજારાને અર્જુન એવોર્ડ એનાયત કરવાની જાહેરાતના પાંચ વર્ષ બાદ આ પ્રતિષ્ઠિત એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. પુજારા ક્રિકેટમાં વ્યસ્ત હોવાને કારણે 2017માં એવોર્ડ સેરેમનિમાં સામેલ થઈ શક્યા નહોતા. જો કે હવે અંતે તેમને 'હેન્ડ ઓવર' સમારોહમાં ટ્રોફી ઉઠાવવાની તક મળી ગઈ છે.

કેન્દ્રીય રમત-ગમત મંત્રી અનુરાગ ઠાકુરના હસ્તે એવોર્ડ મેળવ્યા બાદ પુજારાએટવીટ કર્યું કે બીસીસીઆઈ અને અનુરાગ ઠાકુરનો અર્જુન એવોર્ડ સોંપવા માટે તેમજ આ સન્માન આયોજિત કરવા માટે આભાર. હું આ એવોર્ડને ક્રિકેટમાં વ્યસ્ત હોવાને કારણે એ વર્ષે મેળવી શક્યો નહોતો. જો કે હવે હું એ એવોર્ડ મેળવીને ખુદને સન્માનિત અનુભવી રહ્યો છું અને હું તમામનો આભારી છું.

પુજારા સૌરાષ્ટ્ર માટે ઘરેલું ક્રિકેટ રમે છે અને અત્યારે તે વિજય હઝારે ટ્રોફી માટે રાજધાની દિલ્હીમાં જ છે. તે ભારત 'એ' ટીમનો હિસ્સો હશે જે આવતાં મહિને બે ટેસ્ટ મેચની શ્રેણી માટે બાંગ્લાદેશનો પ્રવાસ કરશે. પુજારાએ કાઉન્ટી ક્રિકેટમાં શાનદાર પ્રદર્શન બાદ ભારતીય ટીમમાં વાપસી કરી છે. તે 96 ટેસ્ટ મેચ રમી ચૂક્યા છે. પુજારાએ ટેસ્ટ ક્રિકેટમાં 18 સદી અને 33 ફિફ્ટીની મદદથી 6792 રન બનાવ્યા છે. તે પાછલા એક દશકાથી ટેસ્ટ ટીમમાં ત્રીજા નંબરે બેટિંગ કરી રહ્યા છે.

## કેન્યાએ માલી સામે ટી-20માં 15 દડામાં કોઈ વિકેટ ગુમાવ્યાં વિના હરાવી રેકોર્ડ બનાવ્યો

ગુજરાત | વંદન

ક્રિકેટ ફેન્સની નજરો સૂર્યકુમાર યાદવની વિસ્ફોટક બેટિંગ પર હતી, ત્યારે બીજી તરફ એક ટીમ ક્રિકેટનો મહારેકોર્ડ બનાવી રહી હતી. તેણે માત્ર 15 દડામાં 10 વિકેટથી ટી-20 ઈન્ટરનેશનલ મેચ જીતીને ઈતિહાસ રચી દીધો. આ ટી-20 ઈન્ટનરનેશનલ મેચ કેન્યા અને માલી વચ્ચે રમાઈ હતી, જેમાં કેન્યાએ 105 દડા બાકી હતા ત્યારે મેચ જીતી લીધી હતી. કેન્યાએ કોઈ વિકેટ ગુમાવ્યા વિના આ મુકાબલો સરળતાથી જીતી લેવાની સાથે એક રેકોર્ડ પણ બનાવ્યો હતો.




#### 30 રનમાં સમેટાઇ ઈનિંગ્સ

આ પહેલા 104 દડામાં મેચ જીતવાનો વર્લ્ડ રેકોર્ડ ઓસ્ટ્રિયાના નામે હતો. તેણે 31 ઓગસ્ટ 2019એ તુર્કીને 10 વિકેટ અને 104 દડા બાકી હતા ત્યારે 33 રનનું લક્ષ્ય પાર કરી જીત મેળવી હતી. કેન્યા અને માલીની મેચની વાત કરીએ તો આઈસીસી પુરુષ ટી-20 વર્લ્ડ કપના સબ રીજનલ આફ્રિકા ક્વોલિફાયર ગ્રુપ-એકના મુકાબલામાં માલીની આખી ટીમ 30 રનમાં સમેટાઈ ગઈ હતી. માલી તરફથી સૌથી વધુ 12 રન થિયોડોર મકાલુએ બનાવ્યા હતા. કેન્યાના પીટલ લેગટે 7 રન આપી 6 વિકેટ ઝડપી હતી. જ્યારે લુકાસ ઓલુચે 4 ઓવરમાં 5 રન આપી 1 વિકેટ અને વિરાટ પટેલે 4 રન આપી એક વિકેટ ઝડપી હતી.

## ડકવર્થ લુઇસથી ટાઇ થઇ ત્રીજી ટી20, ભારતનો કિવીઝ સામે સીરીઝ પર કબજો

### ન્યુઝીલેન્ડ 160 રનમાં ઓલઆઉટ, કિવીની છેલ્લી 7 વિકેટ 14 રનમાં પડી

ગુજરાત | વંદન

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે રમાયેલી ત્રીજી ટી20 મેચમાં વરસાદી વિઘ્ન નડ્યુ હતુ, બીજી ઈનિંગમાં ભારતીય ટીમ મેદાન બેટિંગ માટે ઉતરી અને 9 ઓવરની રમત પુરી થઈ હતી ત્યારે મેદાન પર ધોધમાર વરસાદ તુટી પડ્યો હતો, આ પછી આઉટફિલ્ડ અને ગ્રાઉન્ડ રિપોર્ટ ખરાબ રહ્યો હતો, એમ્પાયરે આનુ ધ્યાન રાખતા ત્રીજી અને અંતિમ ટી20ને ટાઈ જાહેર કરી હતી.

વરસાદના કારણે મેચ ફરીથી શરૂ ન હતી થઈ શકી. આ કારણે એમ્પાયરે ડકવર્થ લૂઈસના નિયમો પ્રમાણે આ મેચને ટાઈ જાહેર કરી હતી. આમ પણ સીરીઝની પહેલી મેચ વરસાદને ભેટ ચઢી ચૂકી હતી, અને આ બીજી મેચ પણ વરસાદના કારણે અડધેથી ધોવાઈ ગઈ હતી.




ત્રીજી ટી20 મેચમાં કીવી ટીમના કેપ્ટન ટિમ સાઉથીએ ટૉસ જીતીને પહેલા બેટિંગ કરવાનો ફેંસલો કર્યો હતો. જ્યારે ભારતીય ટીમને પહેલા બૉલિંગ કરવા માટે આમંત્રણ આપ્યુ હતુ, આજની મેચમાં કીવી ટીમની કમાન ટિમ સાઉથની હાથમાં હતી. જ્યારે બીજી ઈનિંગમાં કીવી ટીમ તરફથી આપવામાં આવેલા 161 રનોના ટાર્ગેટનો પીછો કરવા ભારતીય ટીમ ઉતરી, તે સમયે વરસાદ નહતો, આ મેચમાં ભારતની શરૂઆત એકદમ ખરાબ રહી, અને 9 ઓવરની રમત બાદ વરસાદ તુટી પડ્યો હતો. ભારે વરસાદના કારણે મેચ 9 ઓવર બાદ 4 વિકેટના નુકશાને 75 રન પર પહોચી હતી, અને બાદમાં મેચ ફરી શરૂ થઈ શકી ન હતી, આ દરમિયાન ક્રિઝ પર કેપ્ટન હાર્દિક પંડ્યા 18 બૉલમાં 30 રન અને દીપક હુડ્ડા 9 બૉલમાં 9 રન બનાવીને રમી રહ્યાં હતા.

વર્લ્ડકપ બાદ ભારતીય ટીમની આ પહેલી દ્વીપક્ષીય ટી20 સીરીઝ હતી, જેને 1-0થી હાર્દિક એન્ડ કંપનીએ સીલ કરી લીધી હતી. ટૉસ જીતીને પહેલા બેટિંગ કરવા ઉતરેલી કીવી ટીમે 20 ઓવર પણ ન હતી રમી, માત્ર 19.4 ઓવરમાં 160 રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. કીવી ટીમ તરફથી સૌથી વધુ ડેવૉન કૉન્વેએ 59 રન અને ગ્લેન ફિલિપ્સે 54 રનની ઈનિંગ રમી હતી.

ભારતીય ફાસ્ટ બૉલરોએ નેપિયરની પીચ કેર વર્તાવ્યો છે, અર્શદીપ સિંહ અને મોહમ્મદ સિરાજે તાબડતોડ બૉલિંગ કરતા 4-4 વિકેટો ઝડપીને કિવી ટીમને માત્ર 160 રન પર રોકી લીધી હતી. અર્શદીપ સિંહે 4 ઓવરમાં 37 રન આપીને 4 વિકેટો ઝડપી હતી, જ્યારે મોહમ્મદ સિરાજે 4 ઓવરમાં માત્ર 17 રન આપીને 4 વિકેટો પોતાના નામે કરી હતી.

## શ્રીલંકન ક્રિકેટર દનુષ્કા ગુણતિલકાને 1.20 કરોડ રૂપિયા ભરી જામીન મળ્યા

ગુજરાત | વંદન

ઑસ્ટ્રેલિયામાં ટી-20 વર્લ્ડકપ દરમિયાન બળાત્કારના કેસમાં પકડાયેલા શ્રીલંકન ક્રિકેટર દનુષ્કા ગુણાતિલકાને શરતો સાથે જામીન આપવામાં આવ્યા છે. મેજિસ્ટ્રેટ જેનેટ વહલક્વિસ્ટની અદાલતે તેને




1.20 કરોડ રૂપિયાની રકમના જામીન આપ્યા છે. અદાલતે કહ્યું કે ગુણતિલકાને શ્રીલંકન બોર્ડ અને સરકારનું સમર્થન છે એટલા માટે અમે તેને જામીન આપી રહ્યા છે પરંતુ તેણે અમુક શરતો માનવી પડશે.

31 વર્ષીય ગુણતિલકા ઉપર ઑસ્ટ્રેલિયન મહિલા ઉપર બળાત્કારનો આરોપ છે અને તેની તપાસ ચાલી રહી છે. જ્યાં સુધી આ તપાસ ચાલશે ત્યાં સુધી તે ઑસ્ટ્રેલિયા છોડી શકશે નહીં. આ ઉપરાંત અદાલતે એવી શરત પણ મુકી છે કે ગુણતીલકાએ દરરોજ પોલીસ સ્ટેશનમાં હાજરી આપવી પડશે. આ ઉપરાંત સવારે 9થી સાંજે પાંચ વાગ્યા સુધી તે પોલીસની નજરમાં રહેશે તો ફરિયાદી સાથે કોઈ પ્રકારનો સંપર્ક નહીં કરી શકે અને સોશ્યલ મીડિયાથી પણ તેણે દૂર રહેવું પડશે.

દનુષ્કા સિડકીની પીડિત મહિલાને 2 નવેમ્બરે ડેટિંગ એપ દ્વારા મળ્યો હતો. બન્નેએ ભોજન-ડ્રીન્ક લીધા બાદ મહિલાના ઘેર ચાલ્યા ગયા હતા. મહિલાએ આરોપ લગાવ્યો છે કે તેના ઘરમાં જ બળાત્કાર ગુજાર્યો હતો. ગુણતિલકા 6 નવેમ્બરથી પોલીસ કસ્ટડીમાં હતો. તેને સિડની પોલીસે પાંચ નવેમ્બરે ઈંગ્લેન્ડ-શ્રીલંકા વચ્ચે સુપર-12 મેચ બાદ ટીમ હોટેલમાંથી પકડવામાં આવ્યો હતો. પોલીસે તેના ઉપર ચાર કલમો હેઠળ કેસ નોંધ્યા છે. 6 નવેમ્બરે તેને ઑસ્ટ્રેલિયાની કોર્ટમાં રજૂ કર્યો હતો પરંતુ કોર્ટમાં તેને જામીન આપ્યા નહોતા.

## તમિલનાડુના આ બેટ્સમેને 277 રન બનાવીને ખળભળાટ મચાવ્યો




- ફટકાર્યા 15 તોફાની છગ્ગા, બોલરો બેહાલ થયા
- સતત 5 સદી ફટકારનાર પ્રથમ ક્રિકેટર પણ બન્યો
- ઈંગ્લેન્ડના એલિસ્ટર બ્રાઉનનો રેકોર્ડ તોડ્યો

ગુજરાત | વંદન

તમિલનાડુના વિકેટ-કીપર બેટ્સમેન નારાયણ જગદીસને ચાલી રહેલી વિજય હજારે ટ્રોફીમાં પોતાના શાનદાર ફોર્મને જાળવી રાખવાનું ચાલુ રાખ્યું છે, અને રેકોર્ડની ધમાલ તોડી નાખી છે. એન જગદીશને સોમવારે અરુણાચલ પ્રદેશ વિરૂદ્ધ 141 બોલમાં 25 ચોગ્ગા અને 15 છગ્ગાની મદદથી 277 રન બનાવ્યા અને રેકોર્ડ બનાવ્યો. જગદીશને સાથી ઓપનર સાઈ સુદર્શન (154)નો સારો સાથ આપ્યો હતો અને બંનેએ પ્રથમ વિકેટ માટે રેકોર્ડ 416 રનની ભાગીદારી કરી હતી. આ બે ઈનિંગ્સની મદદથી તમિલનાડુએ 50 ઓવરમાં 2 વિકેટ ગુમાવીને 506 રન બનાવ્યા હતા.

વિજય હજારે ટ્રોફીમાં એન. જગદીશને એ 277 રનની શાનદાર ઈનિંગ રમીને એક મોટો રેકોર્ડ બનાવ્યો છે. લિસ્ટ A ક્રિકેટના ઈતિહાસમાં એણે સૌથી મોટો સ્કોર બનાવ્યો, તે સતત 5 સદી ફટકારનાર પ્રથમ ક્રિકેટર પણ બન્યો. તમિલનાડુના આ બેટ્સમેને વિજય હજારે ટ્રોફીમાં અરુણાચલ પ્રદેશ સામે રમતા આ કારનામું કર્યું હતું. જગદીશને સદી પૂરી કરવા માટે 77 બોલનો સામનો કર્યો અને ત્યાર બાદ ઐતિહાસિક ઈનિંગ રમીને ઈતિહાસ રચ્યો.

આ સિવાય જો જગદીશને ત્રેવડી સદી પૂરી કરી હોત તો તે ODI ક્રિકેટમાં આ કારનામું કરનાર ઈતિહાસનો પ્રથમ બેટ્સમેન બની ગયો હોત. પરંતુ તે તેમ કરી શક્યો નહીં અને 42મી ઓવરમાં આઉટ થઈ ગયો. આમ છતાં આ 26 વર્ષીય ખેલાડીએ એક નવો રેકોર્ડ પોતાના નામે કરી લીધો છે.

#### વિજય હજારે ટ્રોફીમાં સૌથી વધુ સદીનો રેકોર્ડ

વિજય હજારે ટ્રોફીમાં સૌથી વધુ સદી ફટકારવાનો રેકોર્ડ એન જગદીશનના નામે છે. તેણે વિરાટ કોહલી (2008માં ચાર સદી)નો 12 વર્ષ જૂનો રેકોર્ડ તોડ્યો.

**લિસ્ટ A ક્રિકેટમાં સતત સૌથી વધુ સદી**

5* - નારાયણ જગદીશન
4 - કુમાર સંગાકારા, અલવિરો પીટરસન, દેવદત્ત પડિકલ.

#### રોહિત શર્મા અને એલિસ્ટર બ્રાઉનનો રેકોર્ડ તોડ્યો



જગદીશને આ ઈનિંગ રમીને ભારતના કેપ્ટન રોહિત શર્મા (264) અને ઈંગ્લેન્ડના એલિસ્ટર બ્રાઉન (268)નો રેકોર્ડ તોડ્યો હતો.



## સૂર્યકુમાર યાદવનો દબદબો

### સૂર્યકુમાર ન્યૂઝીલેન્ડ સામેની સીરીઝમાં બન્યો 'પ્લેયર ઓફ ધ સીરીઝ

ગુજરાત | વંદન

ટી20 વર્લ્ડકપ બાદ સૂર્યકુમાર યાદવનો દબદબો હજુ પણ યતાવત છે, તેને ન્યૂઝીલેન્ડની સામે તેમની જ ધરતી પર તાબડતોડ ઈનિંગ રમતા સદી ફટકારી દીધી હતી. સૂર્યાએ બીજી બે ઓવલમાં રમાયેલી ટી20માં ધમાકેદાર બેટિંગ કરી હતી, જેમાં તેને સદી ફટકારી હતી. આ પરફોર્મન્સના આધાર પર તેને




'પ્લેયર ઓફ ધ સીરીઝ' નો એવોર્ડ આપવામાં આવ્યો છે.

ન્યૂઝીલેન્ડ સામેની સીરીઝમાં 'પ્લેયર ઓફ ધ સીરીઝ' નો એવોર્ડ મળ્યા બાદ સૂર્ય કુમાર યાદવે કહ્યું- અત્યાર સુધી જે રીતે હુ રમ્યો તે રીતે હુ ખુબ જ ખુશ છું, હું આવુ જ રમવા માંગીશ, જેમ કે સિરાજે કહ્યું હવામાન અમારી સાથે નથી આવામાં પ્રેશર રહે છે, અને તે સમયે હું મારી બેટિંગનો પુરેપુરો એન્જોય લઉં છું. ત્યાં કોઇ બેગેઝ નથી લઈને જવુ પડતુ, ઈન્સ્ટન્ટ અને એપ્રોચ બિલકુલ તે જ છે. બસ અમારે ત્યાં જવાનુ છે અને ખુદને એક્સપ્રેશ કરવાનુ છે. આ એક સારી ગેમ છે. વર્લ્ડકપ બાદ ભારતીય ટીમની આ પહેલી દ્વીપક્ષીય ટી20 સીરીઝ હતી, જેને 1-0થી હાર્દિક એન્ડ કંપનીએ સીલ કરી લીધી હતી. ટૉસ જીતીને પહેલા બેટિંગ કરવા ઉતરેલી કીવી ટીમે 20 ઓવર પણ ન હતી રમી, માત્ર 19.4 ઓવરમાં 160 રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. કીવી ટીમ તરફથી સૌથી વધુ ડેવૉન કૉન્વેએ 59 રન અને ગ્લેન ફિલિપ્સે 54 રનની ઈનિંગ રમી હતી.

**સફળતા** આ વેબસિરીઝ અનેક ભાષાઓમાં રિલિઝ કરાશે જેમાં 15 ભારતીય ખેલાડીઓ ભાગ લેશે

## 2007માં T20 વર્લ્ડકપ જીતનારી ટીમ ઈન્ડિયા ઉપર બનશે વેબસિરીઝ

ગુજરાત | વંદન

ટી-20 વર્લ્ડકપની વાત કરવામાં આવે એટલે પહેલી સીઝનનું નામ દરેક ભારતીયની જીભ ઉપર સંભળાય જ છે. 2007માં ટીમ ઈન્ડિયાએ ધોનીની કેપ્ટનશિપમાં ટી-20 વર્લ્ડકપનો પહેલો ખિતાબ પોતાના નામે કર્યો હતો.

ધોની સૌથી સફળ કેપ્ટન પૈકીનો એક છે. હવે પહેલી સીઝનની યાદમાં એક વેબસિરીઝ બનવા જઈ રહી છે જેની મદદથી ચાહકો સામે વર્લ્ડકપ-2007ના સાંભળ્યા ન હોય તેવા કિસ્સા પ્રસ્તુત કરવામાં આવશે.

આ વેબ સિરીઝમાં ટીમ ઈન્ડિયાના 15 ખેલાડીઓ જોવા મળી શકે છે. આ વાતની જાણકારી જાણીતા ફિલ્મ સમીક્ષક તરણ આદર્શે સોશ્યલ મીડિયા દ્વારા આપી છે. આ વેબ સિરીઝ 2023માં રિલિઝ થશે. પ્રોડ્યુસર ગૌરવ બહિર્વાની, ડાયરેક્ટર આનંદ કુમાર અને રાઈટર સૌરભ પાંડેની દેખરેખમાં આ સિરીઝ ઉપર કામ ચાલી રહ્યું છે. તરણ આદર્શ દ્વારા આપવામાં આવેલી જાણકારી પ્રમાણે આ સિરીઝ હિન્દી સહિત અન્ય ભાષાઓમાં રિલિઝ કરવામાં આવશે. ક્રિકેટ સાથે જોડાયેલી અન્ય ફિલ્મો અત્યાર સુધી બની ગઈ છે. ધોનીની લાઈફ સ્ટોરી પર બનેલી 'એમએસ ધોની ધ અનટોલ્ડ સ્ટોરી'ને ચાહકોએ ખૂબ જ પસંદ કરી હતી.




તરણ આદર્શે પોતાના ટવીટમાં વેબસિરીઝની જાણકારી આપતાં જણાવ્યું કે 2007 ટી-20 વર્લ્ડકપ ઉપર હવે વેબસિરીઝ બનશે. આ વેબસિરીઝ અનેક ભાષાઓમાં રિલિઝ કરાશે જેમાં 15 ભારતીય ખેલાડીઓ ભાગ લેશે. 2023માં આ વેબસિરીઝને રિલિઝ કરાશે. વેબસિરીઝનો બે તૃતિયાંશ હિસ્સો શૂટ થઈ ચૂક્યો છે. ટી-20 વર્લ્ડકપ-2007નો ફાઈનલ મુકાબલો અત્યંત રોમાંચક રહ્યો હતો. આ મેચમાં કટ્ટર હરિફ ભારત-પાકિસ્તાન આમને સામને હતા જેમાં છેવટ સુધી વિજેતા નક્કી થઈ શકે તેમ નહોતું પરંતુ અંતમાં ટીમ ઈન્ડિયાએ પાકિસ્તાનને પાંચ રને પરાજિત કર્યું હતું. ટી-20 વર્લ્ડકપ-2022માં પણ ટીમ ઈન્ડિયા પાસે ટ્રોફીની આશા હતી પરંતુ સેમિફાઈનલમાં પહોંચીને ભારતે ઈંગ્લેન્ડ સામે ઘૂંટણીયા ટેકવી દીધા હતા.

# દુનિયાભરમાં છંટણી વચ્ચે ટાટાની જગુઆર લેંડ રોવર આપશે નવી નોકરીઓ



## મેટા અને ટ્વિટરથી નિકળેલા કર્મચારીઓને ટાટા આપશે નોકરી

ગુજરાત | વંદન

દુનિયાભરની મોટી કંપનીઓ જ્યારે પોતાની કર્મચારીઓની છટંણી કરી રહી છે એવામાં કર્મચારીઓમાં રોજગારને લઈને સંકટ પેદા થઈ ગયો છે. એવામાં ટાટા મોટર્સે પોતાની બ્રિટીશ સબ્સિડિયરી જગુઆર લેન્ડ રોવરમાં મેટા અને ટ્વિટરમાં નોકરી આપવાની ઓફર કરી છે. કંપની 800 નવી નોકરી આપવા જઈ રહી છે.

દુનિયાભરમાં મંદીના આહટ વચ્ચે અમેરીકાની સોશલ મીડિયા પ્લેટફોર્મ અને કોર્પોરેટ કંપનીઓએ પોતાના કર્મચારીઓની નોકરીથી કાઢવાની શુરૂઆત કરી છે ટ્વિટર અને ફેસબુકની પેરેન્ટ કંપન મેટા જેવી કેટલીક કંપનીઓએ પોતાના કર્મચારીઓને છંટણી શરૂ કરી છે. જેનાથી કર્મચારીઓ માટે રોજગાર માટે સંકટ પેદા થઈ ગયો છે. આવી સ્થિતિમાં મોટી કંપનીઓના કર્મચારીઓ માટે ભારતીય મોટી કંપની ટાટા મદદે આવી છે. એક રિપોર્ટ પ્રમાણે દુનિયાભરની ટેક કંપનીઓથી કાઢવામાં આવેલ કર્મચારીઓ માટે જગુઆર લેન્ડ રોવર નોકરી માટે એક સોનેરી તક લઈને આવી છે. હવે ટ્વિટર અને મેટા જેવી મોટી કંપનીઓથી કાઢવામાં આવેલ કર્મચારીઓને કેટલાંક જુદા-જુદા વિભાગોમાં નોકરી આપવામાં આવશે. કંપનીએ વાદો કર્યો છે કે 800 નવી નોકરી આપવામાં આવશે. જેમા ડાટા સાઈટિસ્ટ, મશીન લર્નિંગ, ઈલેક્ટ્રિફિકેશન, ક્લાઉડ સોફ્ટવેર, આર્ટિફિશિયલ ઈન્ટેલિજેંસ અને ઓટોનોમસ ડ્રાઈવિંગ જેવા સેક્ટરથી જોડાએલા લોકો માટે નોકરીની તક આપવાં આવશે. કંપનીના દાવા પ્રમાણે તે અમેરીકા, બ્રિટન, ચાઈના, હંગરી, આયરલેંડ જેવી કેટલાંક દેશોમાં 800 લોકોને નોકરી આપશે.

# ફીફા ફૂટબોલ વિશ્વકપ કે ઈસ્લામિક કટ્ટરપંથનો પ્રચાર?



## સતત ઝેર ઓકતો ઝાકિર નાઈક કતાર પહોંચતા સર્જાયો વિવાદ

ગુજરાત | વંદન

ખાડી દેશ કતારમાં આજે ફુટબોલ વિશ્વકપની શરૂઆત થવા જઈ રહી છે. વિશ્વમાં આ પ્રથમ વખત છે કે એક મુસ્લિમ દેશમાં વિશ્વની સૌથી લોકપ્રિય રમતનું આયોજન થવા જઈ રહ્યું છે. કતારમાં યોજાઈ રહેલા ફુટબોલ વિશ્વકપને લઈ વિવાદો પૂરા થવાનું નામ લઈ રહ્યા નથી. શરાબના સેવન, એલજીબીટીના મુદ્દા બાદ હવે ઈસ્લામિક કટ્ટરપંથને ઉત્તેજન આપવાના મુદ્દે પણ વિવાદ સર્જાયો છે. કતારે ભારતમાં ઝેરીલા ઉદ્દેશો આપવાના આરોપી વિવાદાસ્પદ મુસ્લિમ ઉપદેશક જાકિર નાઈકને બોલાવવામાં આવ્યો છે. ધર્મ પરિવર્તનને ઉત્તેજન આપવાના આરોપી જાકિર નાઈકને કહ્યું છે કે તે વિશ્વકપ સમયે ઈસ્લામના પ્રચાર માટે અનેક ઉપાયો કરશે. જાકિર નાઈક કતાર પહોંચવા અંગે સોશિયલ મીડિયા પર ભારે ગુસ્સો ઠાલવવામાં આવી રહ્યો છે અને લોકો કતાર સરકારના ઈરાદાને લઈ પણ પ્રશ્ન સર્જી રહ્યા છે.

જાકિર નાઈકના ઝેરીલા ભાષણોને લીધે બ્રિટને તો તેની ઉપર પ્રતિબંધ મુકેલો છે. હવે

### ભારત સરકાર કતાર સમક્ષ વિરોધ નોંધાવે

જાકિર નાઈક કતાર પહોંચ્યાના સમાચાર સોશિયલ મીડિયા પર ખૂબ જ વાયરલ થઈ રહ્યા છે. મોટી સંખ્યામાં જાકિર નાઈકને લઈ ટ્વિટ કરી રહ્યા છે. મોનિકા વર્મા લખે છે વાંછિત અપરાધી જાકિર નાઈક ફીફા વર્લ્ડ માટે થઈ કતાર પહોંચ્યો છે. કતારે જ પેઈન્ટર એમએફ હુસૈનને શરણ આપી હતી. નૂપુર શર્માને લઈ ભારત વિરોધી જે અભિયાન ચાલ્યું હતું તેનું નેતૃત્વ પણ કતારે જ કર્યું હતું. ભારત શા માટે વારંવાર ઉશ્કેરણી થનારી કાર્યવાહી બાદ પણ કતાર સમક્ષ વિરોધ નોંધાવી રહ્યું નથી.

આ વ્યક્તિ કતારમાં ઈસ્લામના પ્રચાર માટે બોલાવવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે કતારે જ વિવાદિત ભારતીય ચિત્રકાર એમ એફ હુસૈનને શરણ આપી હતી. આ ઉપરાંત નૂપુર શર્મા વિવાદમાં કતારે ભારત વિરોધી અનેક નિવેદનો પણ આપ્યા હતા. હવે આ કતાર હિન્દુઓ અને અન્ય ધર્મોની વિરોધમાં સતત વિવાદાસ્પદ નિવેદનો આપનાર જાકિર નાઈકને બોલાવી રહ્યું છે. જાકિર નાઈક પર આરોપ છે કે તે આત્મઘાતી બોમ્બ હુમલાખોરોને સમર્થન આપી રહ્યો છે.

### હત્યા બાદ લાશ સૂટકેસમાં રાખીને હાઇવે પર ફેંકી દીધી, તપાસમાં ચોંકાવનારા ખૂલાસા

# પિતાએ મારી ગોળી, માં પણ ગઈ હતી લાશ ફેંકવા : પસંદગીના લગ્નથી હતા નારાજ

## ક્રાઈમનું ભેદભરમ

ગુજરાત | વંદન

ઉત્તર પ્રદેશના મથુરા જિલ્લામાં યમુના એક્સપ્રેસ વે પાસે ટ્રોલી બેગમાંથી એક યુવતીની લાશની મળી હતી. પોલીસ તપાસમાં મૃતદેહ 21 વર્ષીય આયુષી યાદવનો હોવાનો જાણવા મળ્યું હતું, જે બદરપુરની રહેવાસી હતી. રવિવારે મૃતકની માતા અને ભાઈએ લાશની ઓળખ કરી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, મામલો ઓનર કિલિંગનો હતો. ગણતરીની જ કલાકોમાં સમગ્ર હત્યાકાંડનોપ્રર્દાફાશ કરી પોલીસ હત્યારાઓ સુધી પહોંચી ગઈ હતી. હત્યારો કોઈ અન્ય નહીં પરંતુ ખુદ યુવતીનો બાપ હતો. આયુષીના પિતાએ જ પુત્રીની ગોળી મારીને હત્યા કરી હતી. ત્યારબાદ મૃતદેહને ટ્રોલી બેગમાં રાખીને એક્સપ્રેસ વેની બાજુમાં ફેંકી દીધો હતો. પોલીસે આરોપી પિતા અને માતાની ધરપકડ કરી લીધી છે. પોલીસ હત્યાના હથિયારની પણ શોધ કરી રહી છે.

પોલીસ તપાસ મુજબ, આયુષી ચૌધરી બાદરપુરની શેરી નંબર 65 ગામ મોડ બંધમાં રહેતી હતી. તેનું ભરતપુરના એક છોકરા સાથે અફેર હતું. આ છોકરો તેના ક્લાસમેટનો સંબંધી છે. માતા-પિતાને પુત્રીનું આ અફેર મંજૂર નહોતું. 17 નવેમ્બરના રોજ બપોરે આયુષીએ તે છોકરાને લઈને તેની માતા સાથે ઝઘડો કર્યો હતો. આ બાદ, માતાએ પિતાને આ વિશે જણાવ્યું હતું. અગાઉ માતા અને પિતા બંનેએ મળીને પુત્રીને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તે ન માનતા ગુસ્સે ભરાયેલા પિતાએ લાયસન્સ રિવોલ્વરથી તેની છાતીમાં ગોળી મારીને તેણીની હત્યા કરી હતી.

આયુષી ઘણીવાર મોડી રાત સુધી ઘરની બહાર રહેતી હતી, જેથી તેના પિતા નારાજ હતા. તેણીએ પરિવારની સંમતિ વિના અન્ય જ્ઞાતિના યુવક સાથે લગ્ન કર્યા હતા. આ તમામ કારણોસર ગુસ્સે ભરાયેલા પિતાએ પુત્રીની હત્યા કરી લાશને મથુરામાં સુટકેસમાં ફેંકી દીધી હતી. મથુરાના એસપીના જણાવ્યા અનુસાર, માતા-પિતાની પુત્રીની હત્યાના આરોપમાં ધરપકડ કરવામાં આવી છે. હાલ પોલીસ દ્વારા આરોપીની પૂછપરછ કરવામાં આવી રહી છે.

આયુષીનું અફેર બીજી જ્ઞાતિના છોકરા અને ભરતપુરમાં રહેનાર છત્રપાલ નામના છોકરા સાથે હતું. બન્નેએ એક વર્ષ પહેલા આર્ય સમાજ મંદિરમાં લગ્ન પણ કરી લીધા હતા. આયુષી તેના માતા-પિતાના ઘરે રહેતી હતી. પરિવારના સભ્યો લગ્નની વિરુદ્ધ હતા. 17 નવેમ્બરના રોજ બપોરે આયુષીની તેની માતા સાથે ઝઘડો થયો હતો. માતાએ આ અંગે પિતાને જાણ કરી હતી. નારાજ પિતા ઘરે આવ્યા હતા. તેણે આયુષીને સમજાવવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ તે સ્વીકારવા તૈયાર ન હતી. ગુસ્સે ભરાયેલા પિતાએ લાઈસન્સ રિવોલ્વરથી આયુષીની છાતીમાં બે ગોળીઓ મારી હતી. તેનું ઘટનાસ્થળે જ મોત થયું હતું.

આયુષીની હત્યા કર્યા પછી તેના પિતાએ ઘરની નજીકની દુકાનમાંથી પોલીથીન ખરીદી હતી. બપોરે એક સૂટકેસમાં તેની લાશ પેક કરી દીધી હતી. સૂટકેસ મોડી રાત્રે 3 વાગે કારમાં મૂકી અને વહેલી સવારે 5 વાગે 150 કિમી દૂર મથુરા પાસે યમુના એક્સપ્રેસ વે પર ફેંકી દીધી હતી. પિતા કાર ચલાવી રહ્યા હતા અને માતા આગળની સીટ પર બેઠી હતી.

## હત્યારા પિતાની કબૂલાત, દીકરી અપમાનિત કરતી હતી



રવિવારે મથુરામાં પોસ્ટમોર્ટમ હાઉસે પહોંચીને આયુષીના માતા બ્રજબાળા અને ભાઈ આયુષે લાશની ઓળખ કરી હતી. ઓળખ કર્યા પછી પરિવાર પોલીસ સાથે વાતચીત કર્યા વગર જ નીકળી ગયો હતો. મીડિયાએ સવાલ કરવાના પ્રયત્ન કર્યા હતા, પરંતુ તેઓએ કંઈ જવાબ આપ્યો નહોતો. આયુષી BCAમાં અભ્યાસ કરતી હતી. માતા અને ભાઈને ઓળખ કરતી વખતે તેમની આંખોમાં આંસુ આવી ગયા હતા. તેઓ એકબીજાને ભેટીને રડવા લાગ્યા હતા. આયુષી મર્ડર કેસમાં સૌથી ચોંકાવનારી વાત એ હતી કે પોલીસ ખુદ પરિવાર સુધી પહોંચી હતી. એટલે કે આયુષીના ગુમ થવા અંગે પરિવારે પોલીસને જાણ કરી ન હતી. અને ના તો આ વિશે FIR થઈ હતી. જે રિવોલ્વરથી તેની હત્યા કરવામાં આવી તેનું લાઈસન્સ દેવરિયામાં બનેલું હતું. પોલીસ પૂછપરછ દરમિયાન બન્ને માતા-પિતા રડતા રહ્યા હતા. તેણે કહ્યું હતું કે જે પણ થયું તે અચાનક અને ગુસ્સામાં થયું હતું. પિતાએ જણાવ્યું હતું કે દીકરી અપમાનિત કરતી હતી. તેને ઘણીવાર સમજાવવાનો પ્રયત્ન કર્યો હતો.

### પોલીસે યુવતીની ઓળખ માટે 100 પોલીસ કર્મચારીઓની 14 ટીમ બનાવી હતી

દિલ્હીથી મથુરા પોલીસની પાસે એક કોલ આવ્યો હતો. જેમાં સૂટકેસમાં મળી આવેલી મૃત યુવતીના પરિવાર વિશે જાણકારી મળી આવી હતી. પોલીસ દાવો કરી રહી છે કે ફોન બાતમીદારે કર્યો હતો. જો કે એક વાત એ પણ સામે આવી રહી છે કે આયુષીના એક પરિચિતે મથુરા પોલીસને ફોન કરીને જાણ કરી હતી. સૂટકેસમાંથી મળેલી લાશનો ખુલાસો મથુરા પોલીસ માટે મોટો પડકાર હતો. પોલીસે યુવતીની ઓળખ માટે 100 પોલીસ કર્મચારીઓની 14 ટીમ બનાવી હતી. પોલીસે ઘટનાસ્થળેથી ટોલ પ્લાઝા સુધીના 300 જેટલા સીસીટીવીના રેકોર્ડિંગની તપાસ કરી હતી. આ પછી પણ યુવતીની ઓળખ થઈ શકી નથી. ત્યારે પોલીસને ફોન આવ્યો હતો. જેમાં જણાવવામાં આવ્યું હતું કે બદરપુરના મોડબંદની રહેવાસી છોકરી બે દિવસથી ગુમ છે. પોલીસ માટે આ માહિતી પૂરતી હતી. જેના આધારે પોલીસની ટીમ યુવતીના ઘરે પહોંચી હતી.

## ઇતિહાસના પાનામાંથી...

### 24 નવેમ્બરની મહત્વની ઘટનાઓ

1759 ઈટાલીમાં માઉન્ટ વેસુવિયસ શિખર પર જ્વાળામુખી ફાટ્યો

1859 ચાર્લ્સ ડાર્વિનના 'ઓન ધ ઓરિજિન ઓફ સ્પીસીઝ'નું પ્રકાશન.

1963 યુએસ પ્રમુખ જોન એફ કેનેડીના હત્યારા લી હાર્વે ઓસ્વાલ્ડની હત્યા થઈ.

1871 નેશનલ રાઈફલ એસોસિએશન (NYC)ની રચના.

1926 પ્રખ્યાત જીવનદાર્શનિક શ્રી અરબિંદોએ સંપૂર્ણ સિદ્ધિ પ્રાપ્ત કરી.

1966 કોંગોની રાજધાની કિન્સાસામાં પ્રથમ ટીવી સ્ટેશન ખુલ્યું, બલ્ગેરિયન વિમાન ક્રેશ, 82ના મોત

1986 તમિલનાડુ વિધાનસભામાંથી પ્રથમ વખત ધારાસભ્યોને એકસાથે દૂર કરાયા

1988 લોકસભાના સાંસદ લાલદુહોમા નવા પક્ષાંતરવિરોધી કાયદા હેઠળ પહેલીવાર ગેરલાયક ઠર્યા

1992 ચીનમાં ડોમેસ્ટિક પ્લેન ક્રેશ, 141ના મોત.

1998 એમિલ લાહૌદે લેબનોનના રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા.

1999 ભારતની કુંજુરાની દેવીએ એથેન્સમાં વર્લ્ડ વેઈટલિફ્ટિંગ ચેમ્પિયનશિપમાં સિલ્વર મેડલ જીત્યો.

2001 નેપાળમાં માઓવાદીઓએ 38 સેના અને પોલીસ કર્મચારીઓની હત્યા કરી.

2006 પાકિસ્તાન અને ચીન દ્વારા ફ્રી ટ્રેડ ઝોન સંધિ પર હસ્તાક્ષર

2007 પાક.ના પૂર્વ પીએમ નવાઝ શરીફ આઠ વર્ષના વનવાસ પછી વતન પહોંચ્યા.

2008 માલેગાંવ બોમ્બ બ્લાસ્ટ કેસની આરોપી સાધ્વી પ્રજ્ઞાસિંહે ATS પર અશ્લીલ સીડી બતાવવાનો આરોપ લગાવ્યો.

### 24 નવેમ્બરે જન્મેલ વ્યક્તિ

2001 અંચિતા શિઉલી - એક ભારતીય વેઈટલિફ્ટર છે, જે 73 કિગ્રા વજન વર્ગમાં ભાગ લે છે.

1963 મારોતરાવ કન્નમવાર - મહારાષ્ટ્રના બીજા મુખ્ય પ્રધાન હતા.

1961 અરુંધતી રોય - એક પ્રખ્યાત અંગ્રેજી લેખિકા અને સામાજિક કાર્યકર

1955 ઈયાન બોથમ - ઈંગ્લેન્ડના ભૂતપૂર્વ ટેસ્ટ કેપ્ટન અને હવે કોમેન્ટેટર.

1944 અમોલ પાલેકર, પ્રખ્યાત અભિનેતા અને ફિલ્મ નિર્દેશક.

1899 હીરાલાલ શાસ્ત્રી - પ્રખ્યાત રાજકારણી અને રાજસ્થાનના પ્રથમ મુખ્યમંત્રી.

1881 છોટુરામ - ભારતના સ્વાતંત્ર્ય સેનાની અને રાજકારણી હતા.

1877 કાવસાજી જમશેદજી પેટીગારા - ડેપ્યુટી કમિશનર બનનાર પ્રથમ ભારતીય.

1806 નરસિમ્હા રેડ્ડી - ભારતના પ્રથમ સ્વાતંત્ર્ય સેનાની હતા.

### 24 નવેમ્બરના રોજ નિધન પામ્યા...

1675 ગુરુ તેગ બહાદુર - શીખોના નવમા ગુરૂ.

2019 કૈલાશ ચંદ્ર જોશી - મધ્યપ્રદેશના પૂર્વ મુખ્ય પ્રધાન.

2003 ઉમા દેવી ખત્રી - હિન્દી ફિલ્મોના પ્રખ્યાત હાસ્ય કલાકાર.

24 નવેમ્બરના મહત્વના પ્રસંગો અને ઉજવણીઓ..
-રાષ્ટ્રીય ઔષધિ દિવસ
-રાષ્ટ્રીય એકતા દિવસ

# રાજ કુન્દ્રા, શર્લિન ચોપરા અને પૂનમ પાંડે સામે ચાર્જશીટ દાખલ

## 5 સ્ટાર હોટલમાં બનાવ્યો હતો પોર્ન વીડિયો, 450 પાનાની ચાર્જશીટ દાખલ

ગુજરાત | વંદન

બોલવૂિડ એક્ટ્રેસ શિલ્પા શેટ્ટીના પતિ અને બિઝનેસમેન રાજ કુન્દ્રાની મુશ્કેલીઓ ખતમ થવાનું નામ નથી લઈ રહી. મહારાષ્ટ્રની સાયબર પોલીસે રાજ કુન્દ્રા વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરી છે. રાજ, કેટલાક લોકો સાથે મળીને ડીલક્સ હોટલોમાં પોર્નોગ્રાફી સામગ્રી બનાવવાનો આરોપ છે, જે પૈસા કમાવવા માટે OTT પ્લેટફોર્મ પર વહેંચવામાં આવી હતી. ગયા અઠવાડિયે કોર્ટમાં દાખલ કરાયેલી સાયબર પોલીસની ચાર્જશીટ મુજબ, રાજ કુન્દ્રા સાથે શર્લિન ચોપરા, પૂનમ પાંડે, ફિલ્મ નિર્માતા મીતા ઝુનઝુનવાલા અને કેમેરામેન રાજુ દુબેએ ફાઈવ સ્ટાર હોટલમાં પોર્ન વીડિયો શૂટ કર્યા હતા.

વર્ષ 2021માં મુંબઈ પોલીસની ક્રાઈમ બ્રાન્ચે એપ્રિલમાં તેની અલગથી ચાર્જશીટ દાખલ કરી હતી. આ પછી, સપ્ટેમ્બરમાં બીજી પૂરક ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી, જે ફેબ્રુઆરી 2021 માં મડ આઈલેન્ડ બંગલામાં દરોડા પછી સામે આવી હતી. વર્ષ 2019 માં, સાયબર પોલીસે આર્મ્સપ્રાઈમ મીડિયા લિમિટેડના ડિરેક્ટર રાજ કુન્દ્રા અશ્લીલ વીડિયો બનાવવા અને તેનું વિતરણ કરવામાં સામેલ હોવાનો દાવો કરીને કેસ નોંધ્યો હતો. 450 પાનાની ચાર્જશીટમાં 'બનાના પ્રાઈમ OTT'ના સુવાજિત ચૌધરી, રાજ કુન્દ્રા અને તેમના સ્ટાફ મેમ્બર ઉમેશ કામત સહિત અન્ય લોકોનું નામ OTT પર પોર્ન કન્ટેન્ટ સાથે વેબ સિરીઝ 'પ્રેમ પગલાની' બનાવવા અને અપલોડ કરવા બદલ આપવામાં આવ્યું છે. આ સિવાય પૂનમ પાંડે પર પોતાની મોબાઈલ એપ 'ધ પૂનમ પાંડે' ડેવલપ કરવાનો અને રાજ કુન્દ્રાની કંપનીની મદદથી વીડિયો શૂટ કરવાનો અને પછી તેને અપલોડ કરવાનો અને સર્ક્યુલેટ કરવાનો પણ આરોપ છે. સાયબર પોલીસના જણાવ્યા મુજબ, કેમેરામેન રાજુ દુબેએ શર્લિન ચોપરાનો વીડિયો પણ શૂટ કર્યો હતો, જ્યારે ઝુનઝુનવાલાએ શર્લિન માટે સ્ક્રિપ્ટ લખવામાં અને દિગ્દર્શિત કરવામાં મદદ કરી હોવાનો આરોપ છે.

### રાજ કુન્દ્રાની ધરપકડ કરવામાં આવી હતી



અગાઉ 2021 માં, મુંબઈ પોલીસની ક્રાઈમ બ્રાન્ચે એપ્રિલમાં તેની અલગ ચાર્જશીટ દાખલ કરી હતી. ત્યારબાદ, સનસનાટીભર્યા પોર્ન રેકેટ કેસમાં સપ્ટેમ્બરમાં પૂરક ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી, જે ફેબ્રુઆરી (2021) માં મધ આઈલેન્ડના બંગલા પર દરોડા પછી પ્રકાશમાં આવી હતી. 2019 માં કેસ નોંધનાર સાયબર પોલીસે દાવો કર્યો છે કે આર્મ્સપ્રાઈમ મીડિયા લિમિટેડના ડિરેક્ટર કુન્દ્રા કેટલીક વેબસાઈટ્સ પર અશ્લીલ વીડિયો બનાવવા અને વેચવામાં રોકાયેલા હતા.

## ચૂંટણી કમિશનર તરીકે નિવૃત્ત IAS અધિકારી અરુણ ગોયલની નિમણૂંક

ગુજરાત | વંદન



નિવૃત્ત IAS અધિકારી અરુણ ગોયલની નવા ચૂંટણી કમિશનર તરીકે નિમણૂક થઈ છે. રાષ્ટ્રપતિએ 1985 બેચના નિવૃત્ત IAS અધિકારી અરુણ ગોયલને ચૂંટણી કમિશનર તરીકે નિયુક્ત કર્યા છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ અરુણ ગોયલને ચૂંટણી પંચમાં ચૂંટણી કમિશનર તરીકે નિમણૂક કરી છે જે તેઓ પદ સંભાળે છે તે તારીખથી પ્રભાવિત છે, એમ શનિવારે સાંજે કેન્દ્રીય કાયદા મંત્રાલયના એક નિવેદનમાં જણાવાયું હતું. અરુણ ગોયલ, 1985 બેચના પંજાબ કેડરના અધિકારી, મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમાર અને ચૂંટણી કમિશનર અનુપ ચંદ્ર પાંડે સાથે ચૂંટણી પેનલમાં જોડાશે.

### પ્રયોગ દરમ્યાન વૈજ્ઞાનિકોએ મુખ્યત્વે લેડી ગાગાના ગીતો "બોર્ન ધીસ વે" અને ક્વીનની "અનધર વન બાઈટ્સ ધ ડસ્ટ"ના ગીત સંભળાવ્યાં

# અદભૂત સંશોધન: ગીત-સંગીત સાંભળીને ઉંદરમામા પણ ઝુમવા લાગ્યા...!

ગુજરાત | વંદન

સામાન્ય રીતે આપણે એનિમેશન ફિલ્મોમાં ટોમ અને જેરીમાં ઉંદરમામાને નાચતા-ગાતા જોયા છે. પણ શું વાસ્તવમાં ઉંદરો પર સંગીતના લયની અસરો થાય છે...? એવા એક રસપ્રદ પ્રયોગમાં જાપાની વૈજ્ઞાનિકોએ શોધી કાઢ્યું કે હાં, ઉંદરો પણ સંગીતના અવાજ પર ડાન્સ કરે છે....! ટોક્યો યુનિવર્સિટીના સંશોધકોએ ઉંદરો પર પ્રયોગ કર્યા બાદ જાણવા તેમને મળ્યું કે સંગીતની તેમના પર સીધી અસર થાય છે. ઉંદરોએ મોઝાર્ટ, ક્વીન અને લેડી ગાગા જેવા સ્ટાર્સનું સંગીત સાંભળ્યું અને પછી તેમની સૌથી નાની હલનચલન રેકોર્ડ કરવા માટે ઉંદરો પર સેન્સર ફીટ કરવામાં આવ્યાં હતા..

વૈજ્ઞાનિકોએ શોધી કાઢ્યું કે ઉંદરો ઝડપથી તેમની હિલચાલને ધબકારા સાથે સુમેળ કરે છે. અત્યાર સુધી એવું માનવામાં આવતું હતું કે માનવીઓ માટે જ નાચવું શક્ય છે. પરંતુ આ અભ્યાસનો હિસ્સો એવા એસોસિયેટ પ્રોફેસર હિરોકાઝુ તાકાહાશીનું કહેવું છે કે ઉંદરનું શરીર ખૂબ જ ઓછું હલતું હોવા છતાં તેમના મગજમાં સંગીતનો પ્રતિસાદ આપવાની ક્ષમતા હોય છે. જે કદાજ પહેલીવાર સામે આવ્યું હશે.

સંગીત જાદુ છે, એમ કહીને પ્રોફેસર તાકાહાશીએ કહ્યું, "આપણે બધા માનીએ છીએ કે સંગીતમાં જાદુઈ શક્તિઓ હોય છે પરંતુ તે કેવી રીતે કાર્ય કરે છે તે વિશે આપણે કંઈ જ જાણતા નથી. તેથી અમે જાણવા માગતા હતા કે લાગણી કે યાદશક્તિ વગરના અવાજ-પ્રતિક્રિયાથી આપણા મગજ પર કેવા પ્રકારની અસર થઈ શકે છે. ઉંદરો માટે 120 થી 140 ધબકારા પ્રતિ મિનિટની રેન્જમાં 'થપકી' અસર સૌથી વધુ અસરકારક હતી. લગભગ સમાન દર મનુષ્યોને પણ લાગુ પડે છે. આના પરથી, વૈજ્ઞાનિકો એવા નિષ્કર્ષ પર આવ્યા કે શક્ય છે કે તમામ જાતિના સજીવો આ શ્રેણીના ધબકારાથી પ્રભાવિત હોય શકે..તાકાહાશી કહે છે, સંગીત શરીરને હલનચલન કરાવે છે. તે માત્ર શ્રાવ્ય ક્ષમતા કે મોટર સિસ્ટમ નથી. અવાજની શક્તિ અદ્ભુત છે.



ટોક્યો યુનિવર્સિટીનો આ અભ્યાસ 'સાયન્સ એડવાન્સિસ' જર્નલમાં પ્રકાશિત થયો છે

પ્રયોગ દરમ્યાન વૈજ્ઞાનિકોએ મુખ્યત્વે મોઝાર્ટના 'સોનાટા ફોર ટુ પિયાનો' પર ધ્યાન કેન્દ્રિત કર્યું છ, જે ડી મેજર, K.448માં વગાડવામાં આવ્યું. તેણે લેડી ગાગાની "બોર્ન ધીસ વે" અને ક્વીનની "અનધર વન બાઈટ્સ ધ ડસ્ટ" પણ વગાડવામાં આવ્યાં. આ ગીતો તાકાહાશીના વિદ્યાર્થીઓ દ્વારા પસંદ કરવામાં આવ્યાં હતા..

અન્ય પાળેલા પ્રાણીઓથી વિપરીત, જેમ કે પોપટ, જે સંગીત અને અન્ય અવાજોનું અનુકરણ કરવા માટે જાણીતા છે, પણ આ ઉંદરમાં સંગીત પર તેના પ્રકારનો પ્રથમ અભ્યાસ હતો. ઉંદરના આ ક્ષેત્રને અત્યાર સુધી મોટે ભાગે અવગણવામાં આવ્યું છે, કદાચ કારણ કે મોટા ભાગનું સંશોધન વિડિયો આધારિત હતું અને મોશન સેન્સર્સનો ઉપયોગ કરવામાં આવ્યો ન હતો, જે પ્રાણીઓની નાની હલનચલનને પણ પકડી શકે છે. વિડીયો દ્વારા આટલી નાની ગતિને કેપ્ચર કરવી ખૂબ મુશ્કેલ હતી. ટોક્યો યુનિવર્સિટીનો આ અભ્યાસ 'સાયન્સ એડવાન્સિસ' જર્નલમાં પ્રકાશિત થયો છે. ભવિષ્યમાં, તાકાહાશી અને તેમની ટીમ લયને એક ડગલું આગળ લઈ જવા અને સ્વર અને લય પ્રાણીઓને કેવી રીતે અસર કરે છે તે સમજવા માંગશે.





# પંકજ ત્રિપાઠી અટલ બિહારી વાજપેયીની બાયોપિક કરશે

**પંકજે એક નિવેદનમાં કહ્યું, "આવા એક માનવીય રાજકારણીને સ્ક્રીન પર દર્શાવવા એ મારા માટે સન્માનની વાત છે. તેઓ માત્ર એક રાજકારણી જ નહોતા, પરંતુ તેનાથી પણ વધુ તેઓ એક ઉત્તમ લેખક અને જાણીતા કવિ હતા. તેમના સ્થાને હોવું એ મારા જેવા અભિનેતા માટે એક અનુભવ, વિશેષાધિકાર સિવાય બીજુ કંઈ નથી."**

જાણીતા એક્ટર પંકજ ત્રિપાઠી ભારતના પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીની બાયોપિકમાં અભિનય કરશે. પંકજ ત્રિપાઠી બોલિવૂડના તે કલાકારોમાંથી એક છે જેમણે પોતાની સહજ અને જોરદાર એક્ટિંગને કારણે દર્શકોના દિલમાં જગ્યા બનાવી છે. પંકજ ત્રિપાઠી અત્યાર સુધી ઘણી ફિલ્મોમાં અલગ-અલગ રોલમાં જોવા મળ્યા છે. પંકજે એક નિવેદનમાં કહ્યું, "આવા એક માનવીય રાજકારણીને સ્ક્રીન પર દર્શાવવા એ મારા માટે સન્માનની વાત છે. તેઓ માત્ર એક રાજકારણી જ નહોતા, પરંતુ તેનાથી પણ વધુ તેઓ એક ઉત્તમ લેખક અને જાણીતા કવિ હતા. તેમના સ્થાને હોવું એ મારા જેવા અભિનેતા માટે એક અનુભવ, વિશેષાધિકાર સિવાય બીજુ કંઈ નથી." મેકર્સે આપેલા નિવેદન અનુસાર, આ ફિલ્મનું ડાયરેક્શન ત્રણ વખતના રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા રવિ જાધવ દ્વારા કરવામાં આવશે, જે મરાઠી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના ફેમસ ડાયરેક્ટર્સમાંના એક છે અને ઉત્કર્ષ નૈથાની દ્વારા આ ફિલ્મ લખવામાં આવી છે. મૈં રહૂં યા ના રહૂં યે દેશ રહેના ચાહિયે-અટલ ભારતના નેતાઓ અને સહ-સ્થાપકોમાંના એક અને ભારતીય જનતા પાર્ટી (BJP) ના વરિષ્ઠ નેતા અટલ બિહારી વાજપેયીની સફરની આસપાસ ફરે છે. રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા ડાયરેક્ટર રવિ જાધવે કહ્યું, "મારા માટે એક ડાયરેક્ટર તરીકે, હું અટલજીથી વધુ સારી વાર્તાની માંગ કરી શકતો ન હતો. આ સિવાય, પંકજ ત્રિપાઠી જેવા એક અનુકરણીય એક્ટરને અટલજીની કહાની અને સ્ક્રીન પર લાવવા માટે મેકર્સનું સમર્થન. મને આશા છે કે હું અટલ સાથે લોકોની આશાઓ પર ખરો ઉતરી રહ્યો છુ. મેકર વિનોદ ભાનુશાળીએ શેર કર્યું કે, "જ્યારથી અમે ફિલ્મ વિશે ચર્ચા કરવાનું શરૂ કર્યું, અમે બધાએ સર્વાનુમતે પંકજ ત્રિપાઠીને અટલજીની ભૂમિકા ભજવવાની કલ્પના કરી. અમે ભારતના શ્રેષ્ઠ કલાકારોમાંના એકની ભૂમિકા ભજવીને ખુશ છીએ. ઉત્કર્ષ નૈથાનીએ આ ફિલ્મ લખી છે અને ત્રણ વખત રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા રવિ જાધવ તેનું નિર્દેશન કરશે. આ ફિલ્મ ભારતીય જનતા પાર્ટી (BJP) ના સહ-સ્થાપકોમાંના એક સ્વર્ગસ્થ અટલ બિહારી વાજપેયીની સફરની આસપાસ ફરશે.



# બિકિની ડ્રેસ પહેરી અનન્યા પાંડેએ આપ્યા એકથી એક ચડિયાતા કાતિલ પોઝ

## સોશિયલ મીડિયા પર શેર કરી પોતાની લેટેસ્ટ તસવીરો

અભિનેત્રી અનન્યા પાંડેનું નામ આજે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં એક ટોચની અભિનેત્રીમાં શામેલ થઈ ગયું છે. અનન્યાના ચાહકોની યાદી ઘણી લાંબી છે. ફિલ્મો ઉપરાંત અનન્યા પાંડે પોતાના લૂકને લઈને હંમેશા લાઈમ લાઈટમાં છવાયેલી રહે છે. અનન્યા પાંડેએ ઈન્સ્ટાગ્રામ પર પોતાની કેટલીક લેટેસ્ટ તસવીરો શેર કરી છે જેમાં તેનો બિકિની અવતાર જોવા મળે છે. અનન્યા પાંડે બી ટાઉનની એ સ્ટારકિડ છે જેને ખુબ જ ઓછા સમયમાં પોતાની મહેનતના જોરે ઈન્ડસ્ટ્રીમાં પોતાની અલગ ઓળખ બનાવી લીધી છે. આ ફોટોઝમાં તે ક્યારેક ઓરેંજ તો ક્યારેક આઈવરી કલરની બિકિની ડ્રેસ પહેરી એકથી એકચડિયાતા કાતિલ પોઝ આપતી નજરે પડે છે. અનન્યા પાંડેનો આ અંદાજ ચાહકોને મદહોશ કરવા પુરતા છે. આ ફોટોઝ સોશિયલ મીડિયા પર ભારે વાયરલ થઈ રહ્યા છે.

# 'મારીચ' ફિલ્મથી તુષારની મોટા પડદા પર વાપસી

## મહત્વની ભૂમિકામાં દેખાશે દિગ્ગજ કલાકાર નસીરુદ્દીન શાહ



હિન્દી સિનેમાના પ્રખ્યાત કલાકાર તુષાર કપૂર ફિલ્મ મારીચ દ્વારા કમબેક કરવા માટે તૈયાર છે. તુષારની આગામી ફિલ્મ 'મારીચ'નું ટ્રેલર હાલમા જ રિલીઝ કરવામાં આવ્યું છે. તુષાર કપૂર ઉપરાંત આ ફિલ્મમાં બોલિવૂડના દિગ્ગજ કલાકાર નસીરુદ્દીન શાહ, રાહુલ દેવ અને અભિનેત્રી અનિતા હસનંદાની પણ મહત્વની ભૂમિકામાં છે. સસ્પેન્સથી ભરપૂર થ્રિલર મારીચ આવતા મહિને ડિસેમ્બરમાં સિનેમાઘરોમાં આવશે. ફિલ્મ 'ગોલમાલ અગેન' પછી તુષાર મારીચ સાથે મોટા પડદા પર કમબેક કરી રહ્યો છે. 'મારીચ'નું આ ટ્રેલર જોઈને સરળતાથી અનુમાન લગાવી શકાય છે કે આ ફિલ્મ સસ્પેન્સથી ભરપૂર થ્રિલર છે. ઈન્સ્પેક્ટર રાજીવના પાત્રમાં તુષાર કેવી રીતે હત્યારાનો પર્દાફાશ કરશે તે જોવું ખરેખર રસપ્રદ રહેશે.






# ધૂમ મચાવવા આવી રહી છે રણવીર અને રોહિતની ફિલ્મ 'Cirkus'

રોહિત શેટ્ટીની ફિલ્મો ખાસ હોય છે અને ફિલ્મમાં દર્શકોને આકર્ષવા માટે તમામ મસાલા હોય છે. ફેન્સ ફિલ્મ 'Cirkus'ના અપડેટની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા, હવે મીડિયા રિપોર્ટ્સ અનુસાર, સર્કસના મેકર્સ ડિસેમ્બરના પહેલા અઠવાડિયામાં ટ્રેલર રિલીઝ કરવાની યોજના બનાવી રહ્યા છે. આવી સ્થિતિમાં, એવું માનવામાં આવે છે કે ટ્રેલર 1 થી 3 ડિસેમ્બરની વચ્ચે મોટા પાયે રિલીઝ થશે. એવું કહેવામાં આવી રહ્યું છે કે ટ્રેલર લોન્ચની સાથે જ ફિલ્મના બે મોટા ગીતો પણ રિલીઝ કરવામાં આવશે, જેમ કે રોહિત શેટ્ટીની દરેક ફિલ્મ સાથે થયું છે. રોહિતની આગામી ફિલ્મ 'Cirkus'માં ફેવરિટ એક્ટર રણવીર સિંહ લીડ રોલમાં છે. આ ફિલ્મ ઘણા સમયથી ચર્ચામાં છે. હાલમાં જ રણવીર સિંહે એક પોસ્ટ શેર કરતા જણાવ્યું કે તેની આગામી ફિલ્મ Cirkusનું શૂટિંગ પૂર્ણ થઈ ગયું છે અને ત્યાર બાદ ફિલ્મના પ્રમોશનની તૈયારીઓ શરૂ થઈ જશે. તેણે કહ્યું હતું કે ફિલ્મ વધુ લોકો સુધી પહોંચે તે માટે મેકર્સ પાસે કેટલાક માસ્ટર પ્લાન છે. જણાવી દઈએ કે આ પહેલા રણવીર સિંહ અને રોહિત શેટ્ટી 'સિમ્બા'માં કામ કરી ચુક્યા છે. બંને ફરી એકવાર ફિલ્મ 'Cirkus' માટે સાથે આવ્યા છે. તેમની ફિલ્મ આગામી 23મી ડિસેમ્બરે ક્રિસમસના અવસર પર એટલે કે 23મીએ રિલીઝ થશે. જણાવી દઈએ કે આ એક પીરિયડ કોમેડી ફિલ્મ છે, જે જૂના જમાનાની ફિલ્મ 'અંગૂર' પર આધારિત છે. ફિલ્મમાં રણવીર સિંહની સાથે પૂજા હેગડે અને જેકલીન ફર્નાન્ડીઝ જોવા મળશે. આ પ્રથમ વખત હશે જ્યારે રણવીર આ ફિલ્મમાં ડબલ રોલમાં જોવા મળશે.





# તારા સુતરિયા પહેલા આ એક્ટરને કરતી હતી ડેટ

## સિદ્ધાર્થ સાથે લિંકઅપના સમાચાર હેડલાઈન્સ બન્યા હતા

બોલિવૂડની ગ્લેમરસ એક્ટ્રેસમાં સામેલ તારા સુતરિયાએ પોતાની એક્ટિંગ અને સિંગિંગથી બોલિવૂડમાં એક અલગ જ સ્થાન બનાવ્યું છે. તારા, જેણે હંમેશા તેના સંબંધની સ્થિતિને "સિંગલ" ગણાવી છે. જોકે તેણે હવે રણબીર કપૂરના પિતરાઈ ભાઈ આદર જૈન સાથેના તેના સંબંધો વિશે કબૂલાત કરી છે. પરંતુ શું તમે જાણો છો કે "સ્ટુડન્ટ ઓફ ધ યર 2" અભિનેત્રીએ બોલિવૂડના એક અભિનેતાને પણ ડેટ કરી છે, પરંતુ તેણે ક્યારેય તેની સાથેના સંબંધોને સ્વીકાર્યા નથી. તારાએ જ્યારે ફિલ્મ 'સ્ટુડન્ટ ઓફ ધ યર 2'થી બોલિવૂડમાં એન્ટ્રી કરી હતી, ત્યારે તેના સિદ્ધાર્થ મલ્હોત્રા સાથેના લિંકઅપના ઘણા સમાચાર હતા. તેઓ ઘણી વખત સાથે પણ જોવા મળ્યા હતા. એટલું જ નહીં, ઘણા શોમાં તારાને હાવભાવમાં સિદ્ધાર્થ મલ્હોત્રા વિશે પણ ચીડવવામાં આવી હતી. જો કે, દરેક વખતે તે કાં તો આવી બાબતો પર મૌન રહી હતી અથવા તેણે કહ્યું હતું કે સિદ્ધાર્થ અને તેની વચ્ચે માત્ર સારી મિત્રતા છે.

# બ્રાઉન સાટીન સિલ્ક ડ્રેસમાં નેહા મલિકે આપ્યા કિલર પોઝ

## તસવીરો શેર કરતી વખતે અભિનેત્રીએ કેપ્શનમાં લખ્યું, ડિપ્ડ ઇન ડાર્ક ચોકલેટ

નેહા મલિક ભોજપુરી ઈન્ડસ્ટ્રીની બોલ્ડ અભિનેત્રીઓમાંની એક છે. નેહા મલિકની સોશિયલ મીડિયા પર પણ મજબૂત ફેન ફોલોઈંગ છે. લગભગ 3.4 મિલિયન લોકો તેને ઈન્સ્ટાગ્રામ પર ફોલો કરે છે. હાલમાં જ તેણે તેના લેટેસ્ટ ફોટોશૂટની તસવીરો ફેન્સ સાથે શેર કરી છે. અભિનેત્રીએ તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર શેર કરી છે. જેમાં તે શોર્ટ ડ્રેસમાં કિલર પોઝ આપતી જોવા મળી રહી છે.તેણે બ્રાઉન સાટીન સિલ્ક ડ્રેસ સાથે પોતાના વાળ ખુલ્લા રાખ્યા છે અને હાથમાં બંગડીઓ પહેરી છે. કાનમાં ત્રિકોણ બુટ્ટી અને બ્રાઉન કલરની હીલ્સ પહેરી છે. આ તસવીરો શેર કરતી વખતે અભિનેત્રીએ કેપ્શનમાં લખ્યું, ડિપ્ડ ઈન ડાર્ક ચોકલેટ. અભિનેત્રીની આ પોસ્ટ પર ફેન્સ ઘણો પ્રેમ વરસાવી રહ્યા છે. મોડલિંગથી કરિયરની શરૂઆત કરનાર નેહા મલિક આ દિવસોમાં ભોજપુરી સિનેમા પર રાજ કરી રહી છે.



# દિલ્હીના ચોંકાવનારા શ્રદ્ધા વોકર હત્યા કેસ પર ફિલ્મ બનશે

## નિર્માતા-નિર્દેશક મનીષ એફ સિંહ બનાવશે ફિલ્મ

ચર્ચિત શ્રદ્ધા વોકર હત્યાકાંડે બધાને હચમચાવી દીધા છે. આ ઘાતકી હત્યાને લઈને સમગ્ર દેશમાં આક્રોશ જોવા મળી રહ્યો છે, દરેક જણ ગુનેગારને સજાની માંગ કરી રહ્યા છે. આ દરમિયાન બોલિવુડે શ્રદ્ધા વોકર હત્યા કેસ પર ફિલ્મ બનાવવાની જાહેરાત કરી છે. રિપોર્ટ્સ અનુસાર, ફિલ્મ ડાયરેક્ટર મનીષ એફ સિંહે પણ હૃદયદ્રાવક હત્યા કેસ પર કામ શરૂ કરી દીધું છે. એક અહેવાલ મુજબ નિર્માતા-નિર્દેશક મનીષ એફ સિંહ દિલ્હી હત્યાકાંડ પર ફિલ્મ બનાવવા જઈ રહ્યા છે. ફિલ્મનું વર્કિંગ નામ- 'Who Killed Shraddha Walker' રાખવામાં આવ્યું છે. રિપોર્ટ અનુસાર આ ફિલ્મ શ્રદ્ધા વાલકરની હત્યા પર આધારિત હશે. આ ફિલ્મની પટકથા પર પણ કામ શરૂ થઈ ગયું છે. જોકે, તેણે એ પણ સ્પષ્ટ કર્યું છે કે જ્યાં સુધી પોલીસ ચાર્જશીટ ફાઈલ નહીં કરે ત્યાં સુધી પટકથા નક્કી કરવામાં આવશે નહીં.મનીષ એફ સિંહે તેની ફિલ્મ વિશે સ્પષ્ટતા કરી છે કે તે લવ જેહાદ પર હશે. છોકરીઓને ફફડાવીને, તે દુનિયાની સામે તેમના જીવનને બગાડનારાઓના કાવતરાનો પર્દાફાશ કરશે. ઉપરાંત, આ શ્રાદ્ધ વાલકર કેસથી નહીં પરંતુ તેના દ્વારા પ્રેરિત થશે. આ ફિલ્મ વૃંદાવન ફિલ્મ્સના બેનર હેઠળ બનશે, તેમાં કયા કલાકારો હશે, તે હજુ નક્કી કરવામાં આવ્યું નથી. શ્રદ્ધા વાલકર મર્ડર કેસ ફિલ્મને લોકો લવ જેહાદનું નામ પણ આપી રહ્યા છે. જો કે, તે કહેવું ખૂબ જ વહેલું હશે કારણ કે જ્યાં સુધી પોલીસ દરેક પાસાઓ સુધી નહીં પહોંચે ત્યાં સુધી લોકોએ તેમના નિર્ણય પર સંયમ રાખવો પડશે. પોલીસ દરરોજ આ કેસનો ભેદ ઉકેલવામાં વ્યસ્ત છે.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com



# બે તબક્કામાં યોજાશે મતદાન, 8મીએ પરિણામ

■ 182 બેઠકો માટે 1621 ઉમેદવારો વચ્ચે ભારે રસાકસી

ગુજરાત | વંદન

ગુજરાત વિધાનસભામાં ઉમેદવારોનું ચિત્ર સ્પષ્ટ થઇ ગયું છે. ગઇકાલે બીજા તબક્કાની ચૂંટણી માટે ફોર્મ પરત ખેંચવાનો છેલ્લો દિવસ હતો. જે બાદ રાજ્યની તમામ 182 બેઠકો પર ઉમેદવારોને લઇને ચિત્ર સ્પષ્ટ થઇ ગયું છે. કોણ કોની સામે ચૂંટણી મેદાને છે અને કોણ-કોણ અપક્ષમાંથી લડી રહ્યું છે, તે તમામ બાબતો સ્પષ્ટ થઇ ગઇ છે. રાજ્યની 182 બેઠક પર 1621 ઉમેદવારો વચ્ચે ખરાખરીનો જંગ જામશે

રાજ્યની 182 બેઠક પર 1621 ઉમેદવારો ચૂંટણી મેદાને ઝંપલાવ્યા છે. પ્રથમ તબક્કાની 89 બેઠકો માટે 788 ઉમેદવારો મેદાને છે. જ્યારે બીજા તબક્કાની 93 બેઠક પર 833 ઉમેદવારો વચ્ચે જંગ જામશે. પ્રથમ તબક્કાની લિંબાયત બેઠક પર સૌથી વધુ 44 મુરતિયા સામે આવ્યા છે, જ્યારે બીજા તબક્કામાં બાપુનગરમાં 29 ઉમેદવારોએ ઝંપલાવ્યું છે. પ્રથમ તબક્કાનું 1 ડિસેમ્બર અને બીજા તબક્કાનું 5 ડિસેમ્બરે મતદાન થવાનું છે. આગામી 8 ડિસેમ્બરે પુનરાવર્તન કે પરિવર્તન તે નક્કી થશે.

# વિધાનસભાની હાઈપ્રોફાઈલ બેઠક માત્ર એકજ: ઘાટલોડિયા

## 182માંથી પ્રથમ ક્રમાંક અને અંતિમ ક્રમાંકની બેઠકોનો છે રસપ્રદ ઈતિહાસ

ગુજરાત | વંદન | ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ -2022માં 182 બેઠકો માંથી જે હાઈપ્રોફાઈલ કહી શકાય એવી એક માત્ર ઘાટલોડિયા બેઠક મનાય છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આ બેઠક પરથી ફરી એક વાર ઉમેદાવારી નોધાવી છે. આ ઉપરાંત 182 બેઠકોમાં ચૂંટણી પંચ દ્વારા જેને પ્રથમ ક્રમાંકની બેઠક જાહેર કરી છે તે કચ્છની અબડાસા અને છેલ્લી 182વીં ઉમરગામની બેઠકની રસપ્રદ વિગતો આ મુજબ છે.

### ઘાટલોડિયા

2017માં ઘાટલોડિયામાં કુલ 72.65 ટકા મતદાન થયું હતું. 2017 માં, ભારતીય જનતા પાર્ટીના પટેલ ભૂપેન્દ્રભાઈ રજનીકાંતે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના પટેલ શશિકાંત (ભુરાભાઈ) ને 117750 મતોના માર્જિનથી હરાવીને બેઠક જીતી હતી. ઘાટલોડિયા વિધાનસભા બેઠક ગાંધીનગર હેઠળ આવે છે. આ સંસદીય ક્ષેત્રના સાંસદ અમિત શાહ છે, જેઓ ભારતીય જનતા પાર્ટીના છે. તેમણે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના ડૉ સીજે ચાવડાને 557014થી હરાવ્યા.



### અબડાસા

અબડાસા વિધાનસભા બેઠક પર બીજી વખત નથી ચૂંટાતો કોઇ ઉમેદવાર, પક્ષપલટો બદલે છે રાજકીય સમીકરણો

ગુજરાત વિધાનસભાની આગામી ચૂંટણીને લઇને ગતિવિધિઓ તેજ બની રહી છે. દરેક પક્ષ વધુમાં વધુ સીટો મેળવવાની લ્હાયમાં તૈયારીઓ કરી રહ્યો છે. તેમાં ગુજરાત વિધાનસભાની 182 સીટ પૈકી કચ્છ જીલ્લાની અબડાસા સીટ સૌથી પહેલા નંબરની સીટ છે. જેની અંતર્ગત લખપત તાલુકા, નખત્રાણા તાલુકા અને અબડાસા તાલુકાનો સમાવેશ થાય છે. આ બેઠક અંગે રસપ્રદ તથ્ય તે છે કે બેઠક પર જે ઉમેદવાર એકવાર ચૂંટાય છે, તે બીજીવાર ચૂંટાતો જ નથી. બીજી તરફ અબડાસાને ...અનુસંધાન પેજ નં. 6 પર

# ફિલ્મી સિતારાઓ વગર આ વખતની ચૂંટણી ફિક્કી અને નિરસ જોવા મળી રહી છે..!

■ એક સમયે અરવિંદ ત્રિવેદી(લંકેશ), દિપિકા (સીતા), મહેશ-નરેશ કનોડિયા, ઉપેન્દ્ર ત્રિવેદી, હિતુ કનોડિયાની બોલબાલા હતી



ગુજરાત | વંદન

ગુજરાત વિધાનસભાની વર્તમાન 2022ની સામાન્ય ચૂંટણીમાં બે તબક્કાના ઉમેદવારોનું આખરી ચિત્ર સ્પષ્ટ થઇ ગયું છે. 182 બેઠકો માટે એક હજાર કરતાં વધારે ઉમેદવારો મેદાનમાં છે. પ્રથમવાર આપ પાર્ટીની ગુજરાતના રાજકારણમાં સક્રિય એન્ટ્રીથી લગભગw તમામ બેઠકો પર ત્રિપાંખિયો જંગ જોવા મળી રહ્યો છે. આ ચૂંટણીમાં મતદારોને આકર્ષવા ભાજપ કે કોંગ્રેસ કે આપ પાર્ટીએ કોઇ બોલીવુડ કે ઢોલીવુડના અઈનેતા કે અભિનેત્રીને ટિકિટ આપી નથી. 2017માં નરેશ કનોડિયાના પુત્ર કે જેઓ પોતે પણ ફિલ્મ સ્ટાર છે તેમને ટિકિટ મળી હતી અને ઈડરની અનામત બેઠક પરથી જીત્યા હતા. જો કે આ વખતે ભાજપે તેમને ફરી પસંદ કર્યા નથી. ...અનુસંધાન પેજ નં. 6 પર

## થોડી ઈધર કી થોડી ઉધર કી

# ચીંગચોંગ.. પિંગ પોંગ..ત્સે લી.... કોરોના, તું એટલામાં સમજી જા કે તું જ્યાં છે ત્યાં જ રહે...!



એમ કહેવાય છે કે ચીનનો માલ તકલાદી આવે છે પણ ચાઈના બિમારી કોરોના તકલાદી હોય તેમ લાગતુ નથી કેમ કે વળી પાછા ચીન સે ખબર આ રહી હૈ કી ચીનમાં કોરોનાએ ઉથલો માર્યો...! ઓહ નો...માંડ માંડ કોરોનામાંથી ભારત બહાર આવ્યું અને વળી પાછુ કર્ફ્યુ....? વળી પાછુ લોકડાઉન...? હમણાં તો ભારત સરકારે વિમાનમાં માસ્ક મરજિયાત કરવાનો પરિપત્ર બહાર પાડ્યો અને લોકો એ ય કોરોનો તો ગિયો.....માનીને મસ્ત મસ્ત રીતે ફરી રહ્યાં છે...ફરી રહ્યાં છે....એમાં વળી કોરોનાની રિ-એન્ટ્રી પોષાય તેમ નથી..નો...નો..નો...

જુઓ ભાઈ કોરોના...તારી ભાષા ચીની હશે પણ અમને ચીની ભાષા આવડતા નહીં હૈ...ચીંગચોંગ..પિંગ પોંગ..ત્સે લી....એટલામાં સમજી જા કે કે તું જ્યાં છે ત્યાં જ રહે. ચીનની દિવાલ કૂદીને ક્યાંય જવાની જરૂર નથી. તને ઘણો પ્રેમ કર્યો....શરીરે વળગાડીને સ્નેહ કર્યો પણ હવે પોષાય તેમ નથી. એટલે તું ભલો અને તારો ચીન ભલો...!

અમને ચાઈનીઝ નાસ્તો ગમે છે,,,રસ્તા પરની લારીમાં ચ્યાઉમીન.. નૂડલ્..મંચુરિયન...વગેરે ટેસથી ખઈશુ પણ હવે તારા કોરોનાને હવે અમે કોઈ પ્રેમ-વેમ નહીં કરીએ..ઓર નહીં...બસ ઓર નહીં...કોરોના કે પ્યાલે ઓર નહીં....

**ગરવી ગુજરાત કોનું...? જે જીતે એનું...! કોણ જીતશે...? ગુજરાત નક્કી કરશે..! ક્યારે...? 8મીએ..!**



ગુજરાત...ગુજરાત... ગુજરાત...ચારે કોર...દિનરાત, એક જ નામ-ગુજરાત... ગુજરાત...ગુજરાત...જ્યાં જ્યાં નજર મારી ફરે ચર્ચા છે ગુજરાતની..ટીવીમાં... અખબારોમાં...પાનના ગલ્લે...ગામના ચોરે...અને ચૌટે....કોણ જીતશે...શું લાગે છે...ફરીથી ભાજપ આવશે કે પછી...પંજો....?!

આ ઝાડુવાળાનું શુ લાગે છે....? એકાદ બે બેઠકો મળશે...? પંજાબવાળી થશે કે...? હોતુ હશે..આ કાંઈ પંજાબ નથી. ગુજરાત છે ગુજરાત..અને પાછુ મોદીનું ગુજરાત...એટલે સત્તા તો ફરીથી ભાજપને જ મળશે...! એમ...? તો પછી પંજો ક્યાં જશે...? પંજો જાય રાજીવ ગાંધી ભવનમાં.. ...અનુસંધાન પેજ નં. 6 પર

. અને પંજાવાળા જેટલા જીતે એટલા બેસશે વિરોધપક્ષની પાટલી પર...ઝાડુવાળાની બાજુમાં....!

કંઈક વાજબી રાખો ને...? મતદારોને તો નક્કી કરવા દો કે એમને શું પસંદ છે...? સારૂ તો પછી રાહ જોઈએ 8મી ડિસેમ્બરની...અને તે પહેલાં 5મીએ બીજા તબક્કાનું મતદાન પુરૂ થતાં જ શરૂ થશે-એક્ઝીટ પોલ...અને તેમાં બનશે.....અબ કી બાર...કિસ કી સરકાર...?

- પ્રવીણ ઘમંડે

# કાર્યકરોને ગોળી મારવાના નિવેદન પર મધુ શ્રીવાસ્તવને રાહત, ટેકેદારોમાં ખુશીનો માહોલ

પ્રાથમિક રીતે કોઈપણ આચાર સંહિતા ભંગ નહીનો રિપોર્ટમાં ઉલ્લેખ



ગુજરાત | વંદન

ગુજરત વિધાનસભા ચૂંટણીની મતદાનની તારીખો નજીક આવી રહી છે તેમ તેમ રાજકીય માહોલ ગરમાતો જોવા મળી રહ્યો છે. આક્ષેપ અને નવિદેનબાજીઓ તેમજ પક્ષ પલટાના પવનો ફૂંકાઈ રહ્યાં છે. આ બધાની વચ્ચે વાઘોડિયાના અપક્ષના ઉમેદવાર અને દબંગ ધારાસભ્યની છાપ ધરાવતા મધુ શ્રીવાસ્તવએ વિવાદિત નિવેદન આપ્યું હતું કે, મારા કાર્યકરની કોઈ કોલર પકડશે તો ઘરમાં જઈ ગોળી મારી દઈશ તેવું નિવેદન આપ્યું હતું. જેને લઈને વિરોધનો સૂર ઉઠ્યો છે. બીજી બાજુ મધુ શ્રીવાસ્તવના ધમકીભર્યા નિવેદનને લઈને ચૂંટણી પંચ એક્શનમાં આવ્યું હતું જે બાદ આજે ચૂંટણીપંચે નિવેદન ચોક્કસ વર્ગને બદલે જનરલ હોવાનું તારવ્યુ છે.વાઘોડિયાના અપક્ષના ઉમેદવાર અને દબંગ ધારાસભ્યની છાપ ધરાવતા મધુ શ્રીવાસ્તવને વિવાદિત નિવેદન મુદ્દો મોટી રાહત મળી છે. ગોળી મારવાના નિવેદન પર મધુ શ્રીવાસ્તવને રાહત મળી છે. ચૂંટણીપંચે નિવેદન ચોક્કસ વર્ગને બદલે જનરલ હોવાનું તારવ્યુ છે. પ્રાથમિક રીતે કોઈપણ આચાર સંહિતા ભંગ નહીનો રિપોર્ટમાં ઉલ્લેખ થયેલો છે. પ્રાથમિક રીતે કોઈપણ આચાર સંહિતા ભંગ નહીનો રિપોર્ટમાં ઉલ્લેખ થયેલો છે. આમ મધુશ્રીવાસ્તવને ક્લિનચીટ મળતા કાર્યકરોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

પરિવારવાદ; નેતાઓનાં 34 સગાંને ટિકિટ, જેમાં 22 સગાં ભાજપ નેતાના, 12 સગાં કોંગ્રેસના

# ભાજપ-કોંગ્રેસ બંને પક્ષમાં સ્વજનોને ટિકિટ નહીં મળવાથી ઘણાં નેતાઓ નારાજ થયાં

ગુજરાત | વંદન

ગુજરાતની ચૂંટણીને હવે ઝાઝા દિવસો નથી રહ્યાં ત્યારે તમામ રાજકીય પક્ષો હાલ ચૂંટણી પ્રચાર કરવામાં તડામાર જોર લગાવી રહ્યાં છે. સત્તાધીશ તેમજ વિપક્ષના મોટા નેતાઓએ ગુજરાતમાં ધામા નાખ્યાં છે, દરેક પાર્ટી પોતપોતાની જીતનો દાવો કરી રહી છે. આ માહોલ વચ્ચે ઘણા નેતાઓ હજી નારાજ ચાલી રહ્યા છે. ટિકીટ નહીં મળવાથી પોતાની નારાજી વ્યક્ત કરી રહ્યા છે, તો કેટલાંક પક્ષ પલટો કરી રહ્યા છે.

ભારતના રાજકારણમાં પરિવારવાદની ચર્ચા ખૂબ ચાલે છે, ઘણી પાર્ટીઓ તો માત્રને માત્ર તેના મોભી પરિવાર અને તેના વારસદારોથી જ ચાલે છે. શાસકપક્ષ ભાજપ આ મુદ્દે વારંવાર પોતાના હરીફ રાજકીય પક્ષ પર પ્રહાર કરે છે. છતાં પરિવારવાદથી ભાજપ પણ અળગો રહ્યો નથી. ના-ના કરતાં પણ ભાજપે 22 એવાં ઉમેદવારો ઉતાર્યાં છે કે જેમના પરિવારના મોભી રાજકારણમાં હતા અને તેમને કારણે જ તેઓ પણ વારસાઈ લઈને આવ્યા હોય તેમ હવે રાજકારણમાં છે.

## મંત્રીના ભાઈ, સંઘ કાર્યકરના પુત્ર, પૂર્વ મંત્રીના પુત્ર તથા કૌટુંબિક ભાભીને પણ ટિકિટ મળી

પ્રવીણ માળી પૂર્વ ધારાસભ્ય ગોરધનજી માળીના પુત્ર રીટા પટેલ પૂર્વ ધારાસભ્ય અશોક પટેલનાં કૌટુંબિક ભાભી કનુ પટેલ પૂર્વ ધારાસભ્ય કમશી મકવાણાના પુત્ર પાયલ કુકરાણી કોર્પોરેટર રેશમા કુકરાણીનાં પુત્રી કંચન રાદડીયા પૂર્વ કોર્પોરેટર વિનુ રાદડીયાનાં પત્ની ભૂષણ ભટ્ટ પૂર્વ મંત્રી અશોક ભટ્ટના પુત્ર કિરિટસિંહ રાણા પૂર્વ ધારાસભ્ય જીતુભા રાણા ડો. દર્શિતા શાહ રા. સ્વ. સંઘના નેતા ડો. પીવી દોશીના પૌત્રી ભાનુ બાબરીયા ભૂતપૂર્વ ધારાસભ્ય માધુ બાબરીયાના પુત્રવધૂ ગીતાબા જાડેજા પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાના પત્ની જયેશ રાદડીયા પૂર્વ ધારાસભ્ય અને મંત્રી વિઠ્ઠલ રાદડિયાના પુત્ર જવાહર ચાવડા પૂર્વ ધારાસભ્ય પેથલજી ચાવડાના પુત્ર માનસિંહ પરમાર સોમનાથ પૂર્વ ધારાસભ્ય ગોવિંદ પરમારના ભત્રીજા સેજલ પંડ્યા ભાવનગર શહેર પ્રમુખ રાજીવ પંડ્યાનાં પત્ની ચૈતન્ય દેસાઈ RSS અને જનસંઘના નેતા મકરંદ દેસાઈના પુત્ર દર્શના દેશમુખ નાંદોદ ભરૂચના સાંસદ ચંદુ દેશમુખનાં પુત્રી યોગેન્દ્ર પરમાર પૂર્વ MLA-gcmmf ચેરમેન રામસિંહ પરમારના પુત્ર શૈલેશ ભાભોર પૂર્વ કેન્દ્રીય મંત્રી જશવંત ભાભોરના ભાઈ રાજેન્દ્ર રાઠવા છોટા ઉદેપુર-મોહનસિંહ રાઠવાના પુત્ર રાજેશ ઝાલા કપડવંજ- કઠલાલના પૂર્વ MLA મગન ઝાલાના પુત્ર હિતેશ વસાવા દેવજી વસાવાના પુત્ર, btpમાંથી ભાજપમાં જોડાયેલા ઈશ્વરસિંહ પટેલ અંકલેશ્વર » પૂર્વ ધારાસભ્ય ઠાકોરભાઈ પટેલના પુત્ર

### કોંગ્રેસના પૂર્વ સીએમના બે દિકરાને ટિકિટ

શૈલેશ પરમાર પૂર્વ મંત્રી મનુભાઈ પરમારના પુત્ર, અમિત ચાવડા પૂર્વ કોંગ્રેસી નેતા ઈશ્વરસિંહ ચાવડાના પૌત્ર, માધવસિંહ સોલંકીના ભત્રીજા ભચુ આરેઠીયા ભૂતપૂર્વ MLA સંતોકબેનને બદલે પતિને ટિકિટ સંજય રબારી પૂર્વ ધારાસભ્ય ગોવા રબારીના પુત્ર અમરત ઠાકોર કાંકરેજ - જગદીશ ઠાકોરના ભાઈ, તુષાર ચૌધરી ખેડબ્રહ્મા-પૂર્વ મુખ્યમંત્રી અમરસિંહ ચૌધરીના પુત્ર, મહેન્દ્રસિંહ વાઘેલા બાયડ - પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાના પુત્ર, કલ્પના મકવાણા લિંબડી- સવશી મકવાણાની પુત્રી, ઋત્વિક મકવાણા ચોટીલા- સવશી મકવાણાના પુત્ર, સ્નેહલતા ખાંટ મોરવા હડફ- પૂર્વ MLA સવિતા ખાંટના પુત્રવધુ, અમી રાવત સયાજીગંજ- કોંગ્રેસના નેતા નરેન્દ્ર રાવતનાં પત્ની, જયશ્રી પટેલ પૂર્વ ધારાસભ્યના પુત્રી

જયેશ રાદડિયા, જવાહર ચાવડા સહિતના ભાજપના ઉમેદવારો એવા છે જેમના પિતા કોંગ્રેસમાં પીઢ રાજકારણી હતા અને તેમના પગલે ચાલીને તેઓ રાજકારણમાં આવ્યા અને ભાજપમાં જોડાઈને ધારાસભ્ય પણ બન્યા. ગુજરાત ભાજપે જે-તે વિસ્તારમાં અમુક પરિવારનું વર્ચસ્વ જોઈને જ આ ટિકિટો આપી છે. પૂર્વ મુખ્યમંત્રી અને ઉત્તર પ્રદેશનાં રાજ્યપાલ આનંદીબેન પટેલનાં પુત્રી અનાર પટેલનું નામ ભાજપમાંથી જ ચગાવાયું હતું અને તેઓ વિજાપુર, સાબરમતી, ...અનુસંધાન પેજ નં. 6 પર

## Social Media



















/gujaratvandan

નિડર, નિષ્પક્ષ, અને વિશ્વસનીય ગુજરાત વંદન

**ગુજરાત વંદન તરફથી આકર્ષક ઓફર**

અમદાવાદથી પ્રસિદ્ધ "ગુજરાત વંદન"
સાપ્તાહિક અખબાર દ્વારા વાર્ષિક લવાજમની આકર્ષક ઓફર
જાહેર કરવામાં આવે છે.

**રૂા.260ના વાર્ષિક લવાજમમાં તમને મળશે**

આખું વરસ ગુજરાત વંદન અખબાર + ઘરવપરાશની ઉપયોગી ચીજવસ્તુ + જાણીતા સલૂન સિક્રેટ સેવન્ટીનનો 30 ટકા ડિસ્કાઉન્ટ સાથેનો વાઉચર



વહેલા તે પહેલાના ધોરણે આપના અખબાર વિતરકનો સંપર્ક કરવા વિનંતી.

ગુજરાત વંદન
વ્યવસ્થાપક માર્કેટિંગ

સંપર્ક : 63572-63573

820, સાકાર-9, આશ્રમ રોડ સીટી ગોલ્ડની બાજુમાં, અમદાવાદ-380009

www.gujaratvandan.com

Secret 7ટીન™
Hair & Nails Studio